Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

FRIDAY, 04 OCTOBER, 2024 Vol. 22, No. 41 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતો તણાવ, ચીનમાં પેકેજ તથા સેબીના નિયમોની ભારતીય શેરબજાર પર માઠી અસર

# સેન્સેક્સ 1770 પોઈન્ટ તુટ્યો, 11 લાખ કરોડ ધોવાયા

### વિદેશી રોકાણકારોની વેચાવલી, ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને યુએસ શેરબજારનું નબળું પ્રદર્શન જવાબદાર



**નવી દિલ્હી**

મિડલ ઈસ્ટમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા તણાવની અસર ભારતીય બજાર પર પડી હતી. કેટલાય દિવસોથી રોજે રોજ નવી ઊંચાઈ પ્રાપ્ત કરતા સેન્સેક્સમાં ગુરુવારે લગભગ 1770 પોઈન્ટનું તોતિંગ ગાબડું પડ્યું હતું. તેના કારણે એક જ દિવસમાં રોકાણકારોની શેરબજારની સંપત્તિમાં 11 લાખ કરોડનું ધોવાણ થયું હતુ. ગુરુવારે નિફ્ટી પણ 25,250ની સપાટી નીચે આવી ગયો હતો. સત્ર પૂરું થયું ત્યારે સેન્સેક્સ 2.10 ટકા ઘટીને 82,497 પર બંધ આવ્યો હતો.

સેન્સેક્સના 30 શેરોમાં જેએસડબલ્યુ સ્ટીલને બાદ કરતા બાકીના તમામ શેરોમાં ઘટાડો થયો હતો. લાર્સન એન્ડ ટુબ્રો સૌથી વધુ 4.18 ટકા ઘટ્યો હતો. આ ઉપરાંત ટાટા મોટર્સ અને એક્સિસ બેન્કના શેર પણ 4 ટકા કરતા વધારે ઘટ્યા હતા. બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલ 10.56 લાખ કરોડ રૂપિયા ઘટીને 464.3 લાખ કરોડ સુધી આવી ગયું હતું. બજારના આજના કડાકા માટે મધ્ય પૂર્વની સ્થિતિ જવાબદાર ગણવામાં આવે છે કારણ કે બુધવારે ઈરાને ઈઝરાયલ પર મોટા પાયે મિસાઈલ હુમલો કર્યો હતો અને હવે ઈઝરાયલ તેના જવાબમાં ભારે નુકસાન પહોંચાડે તેવી શક્યતા છે. યુદ્ધના કારણે આ વિસ્તારમાંથી ઓઈલના સપ્લાયને અસર થઈ શકે છે. આજે દિવસ દરમિયાન ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થયો હતો. ભારત જેવા ક્રૂડ ઓઈલની આયાત પર આધારિત દેશ માટે મિડલ ઈસ્ટનું વોર બહુ નુકસાનકારક સાબિત થઈ શકે છે. આજે ઘટનારા ટોચના શેરોમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્કનો સમાવેશ થાય છે. શરૂઆતના ટ્રેડમાં નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ 1.2 ટકા ઘટ્યો હતો. ઈન્ડેક્સમાં ટોચના ઘટનારા શેરોમાં હિંદુસ્તાન પેટ્રોલિયમ, આઈઓસી અને જીએસપીએલ પણ સામેલ છે. આ દરમિયાન ઈન્ડિયા વીઆઈએક્સ 8.9 ટકાથી વધીને 13 ટકા થયો હતો.

શેરબજારમાં આજના ઘટાડા માટે મિડલ ઈસ્ટની કટોકટી ઉપરાંત બીજા કારણો પણ જવાબદાર છે. સૌથી મોટું કારણ ઓઈલ સપ્લાય ખોરવાઈ જવાની ચિંતા છે. ઈરાન એ ફ્યુઅલનું મોટું ઉત્પાદક છે અને તે વોરમાં ઝંપલાવે તો દુનિયા માટે જોખમ પેદા થઈ શકે છે. બ્રેન્ટ ક્રૂડનો ભાવ થોડા સમય માટે 75 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયો હતો. જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમિડિયેટનો ભાવ 72 ડોલર કરતા વધુ હતો. છેલ્લા ત્રણ દિવસમાં બંને બેન્ચમાર્કમાં પાંચ ટકા કરતા વધુ વધારો થયો છે. ક્રૂડ ઓઈલની આયાત વધવાથી ભારતના ઈમ્પોર્ટ બિલમાં વધારો થવાની ચિંતા છે.

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

# નેપાળમાં ફરી પૂર અને ભૂસ્ખલનથી 240ના મોત, ઘર-નગરો-પૂલનો નાશ

**કાઠમંડુ**

નેપાળમાં છેલ્લા કેટલાક દિવસથી અતિભારે વરસાદને પગલે પૂર અને ભૂસ્ખલનથી અનેક વિસ્તારોમાં મોટા પાયે તબાહી સર્જાઈ છે. જેમાં 240થી વધુ લોકોના મોત થયા છે, ઉપરાંત અનેક મકાન, નગરો અને પૂલ પૂરેપૂરું ધોવાણ થયું છે. નેપાળના ગૃહમંત્રી રમેશ લેખકે અધિકારીઓ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીઓને ઉચ્ચ ચેતવણી પર રહેવાનો નિર્દેશ આપ્યો છે. કારણ કે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, કોશી અને બાગમતી વિસ્તાર સહિત કાઠમંડુમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. જળવિજ્ઞાન અને હવામાન વિભાગે બંને પ્રાંતોના ભાગોમાં અતિ ભારે વરસાદ સંભવિત જોખમોને લઈને ચેતવણી આપવામાં આવી છે. ગૃહમંત્રીએ નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી મુખ્ય જિલ્લા અધિકારીઓ અને સ્થાનિક સરકારોને આપત્તિના સંભવિત જોખમો પ્રત્યે સજાહ રહેવા જણાવ્યું છે.



## પૂર પ્રભાવિત વિસ્તારમાંથી 13,071 લોકોને બચાવાયાં

અત્યાર સુધીમાં પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી 13,071 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ગુરુવારે શરૂ થયેલા વરસાદે રવિવાર સુધી ઘણા વિસ્તારોમાં મોટાપાયે વિનાશ સર્જ્યો હતો, જેના કારણે હજારો લોકોનું સ્થળાંતર કર્યું. અતિભારે વરસાદને કારણે પૂર્વ અને મધ્ય નેપાળના મોટાભાગના વિસ્તારો શુક્રવારથી ડૂબી ગયા છે. જેને લઈને નેપાળ આર્મી, સશસ્ત્ર પોલીસ દળો અને નેપાળ પોલીસ સહિત 20,000થી વધુ સુરક્ષા કર્મચારીઓને કામગે લગાડાયા છે.

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

BEST of MONTREAL
The Suburban BEST of MONTREAL GAGNANT 2023 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
The Suburban
આપ કે પ્યાર ઓર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
VOYAGES InterSky TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1







# નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિની ઉજવણી

## વૈશાલી શાહના માર્ગદર્શન હેઠળ સાત યુવા કલાકારોએ તૈયાર કરેલો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો

**ટોરોન્ટો**

૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ, નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન દ્વારા મહાત્મા ગાંધીની ૧૫૫મી જન્મ જયંતિ નિમિત્તે જય દુર્ગા હિંદુ સોસાયટી (વૃંદાવનધામ) ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતુ. આ સાથે લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતી હોવાથી મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

ગ્દરૂૐ ખાતે કોમ્યુનિકેશન્સના નિયામક તુષાર ઉનાડકટના ઉષ્માભર્યા સ્વાગત સાથે સવારે ૧૧:૦૦ વાગ્યે ઈવેન્ટની શરૂઆત થઈ હતી. nycaએ ભારતમાં કોચરબ આશ્રમના મેનેજમેન્ટના રમેશ ચંદ્ર ત્રિવેદી તરફથી ભેટ તરીકે એક વિશાળ સ્પિનિંગ વ્હીલ (ચક્ર) પણ ગર્વપૂર્વક રજૂ કર્યું હતું. એનવાયસીઓના સ્થાપક અને પ્રમુખ ચિંતન ભાવસારે સંસ્થાના મિશનનો પરિચય આપ્યો હતો. ઈવેન્ટની ખાસિયત એ હતી કે, વૈશાલી શાહ દ્વારા કોરિયોગ્રાફ કરાયેલ સાત યુવા કલાકારો દર્શાવતું મનમોહક સાંસ્કૃતિક પ્રદર્શન હતું. યુવા સહભાગીઓમાં દેવ પટેલ (સરદાર પટેલ), હર્ષ પટેલ (ગાંધીજી), જય પટેલ (બાળ ગંગાધર તિલક), માનવ શાહ (લાલ બહાદુર શાત્રી), શૌર્ય પટેલ (બાબા સાહેબ આંબેડકર), શિવમ ચૌહાણ (સુભાષ ચંદ્ર બોઝ) અને શ્રૃતિ રાજગોર (ઝાંસી કી)નો સમાવેશ થાય છે. શૌન ચેન (સ્કારબોરો નોર્થના સાંસદ) કાર્યક્રમમાં સામેલ થયા હતા. ગાંધીજીના અહિંસાના સંદેશ અને આજના વિશ્વમાં શાંતિપૂર્ણ સક્રિયતાના મહત્વના પ્રતીક તરીકે આ કાર્યક્રમનું સમાપન પીસ વોક સાથે થયું હતું. આ પછી એક સાંપ્રદાયિક લંચ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને મીડિયા સમર્થકો લલિત સોની (ગુજરાત ન્યુઝ લાઈન), નિલેશ ટેલર (સ્વદેશ), પ્રજ્ઞેશ પટેલ (ગુજરાતનો રેંકર), નીલમ પંડિતપૌત્રા (રેડિયો મુસ્કાન), લલિતભાઈ ઠાકર (ગુજરાત સાપ્તાહિક), શિલ્પેશ પરીખ (ગુજરાત વિદેશ), હિતેશ જગડ (ધવાણી કોમ્યુનિટી) અમિત ભટ્ટ (ગુજરાત એક્સપ્રેસ) અને તુષાર ઉનડકટ (મુક્તા એડવર્ટાઈઝિંગ)નો સહ...ગ રહેતાં તમામના યોગદાનની ઊંડી પ્રશંસા કરી આભાર વ્યક્ત કરાયો હતો.



# ટ્રુડો સરકાર સામે પોઈલીવરની બીજી અવિશ્વાસની દરખાસ્ત નિષ્ફળ ગઈ

### 207 પૈકી 120 સાંસદોએ પ્રસ્તાવની વિરુદ્ધમાં મતદાન કર્યું, ક્રિસમસ પહેલાં કન્ઝર્વેટિવ્સ વધુ એક વખત પ્રસ્તાવ રજૂ કરે તેવી સંભાવના

**ટોરોન્ટો**

વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની કન્ઝર્વેટિવ્સ દ્વારા મંગળવારે હાઉસ કોમન્સમાં અવિશ્વાસની દરખાસ્ત થઈ હતી પરંતુ તે નિષ્ફળ ગઈ હતી. આ વેળા એનડીપી અને બ્લોક ક્વિબેકોઈસે કન્ઝર્વેટિવ મોશન વિરુદ્ધ મતદાન કર્યું હતું. મંગળવારે 207 સાંસદોએ આ પ્રસ્તાવને 120 વોટિંગ સાથે નકારી કાઢ્યો હતો. 25 સપ્ટેમ્બરે સાંસદોએ પ્રથમ પ્રયાસમાં 211-120થી મતદાન કર્યું હતું. સંસદસભ્યોએ હાઉસ ઓફ કોમન્સમાં પ્રશ્નોત્તરી બાદ કન્ઝર્વેટિવ લીડર પિયર પોઈલીવરેના પ્રસ્તાવ પર મતદાન કર્યું હતુ. ક્રિસમસ પહેલાં ઓછામાં ઓછી એક વધુ અવિશ્વાસની દરખાસ્ત અપેક્ષિત છે. જેમ કે, પ્રથમ બે નિષ્ફળ ગયા છે. ગત ગુરુવારે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. લિબરલ સરકારને “બમણા હાઉસિંગ ખર્ચ, કરવેરાવાળા ખોરાક, સજા કરાયેલા કામ, અનલિશ્ડ અપરાધ” માટે દોષી ઠેરવવામાં આવી હતી અને તેને “કેનેડિયન ઈતિહાસમાં સૌથી વધુ સેન્ટ્રલાઈઝ્ડ સરકાર” કહેવાય હતી. મંગળવારના મતદાન પછી કન્ઝર્વેટિવ્સ ક્રિસમસ પહેલાં ઓછામાં ઓછા આવા વધુ એક પ્રસ્તાવ રજૂ કરે તેવી અપેક્ષા છે. જો અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થશે, તો સરકાર પડી જશે અને ત્વરિત ચૂંટણી શરૂ થશે.




• 100's of transactions and counting
• proudly serving GTA for over 17 years
• Centurion Award Winner 2011, 2014, 2017, 2019, 2021

Mayur Mistry
Broker
Century 21 Titans Realty Inc., Brokerage
2100 Ellesmere Rd, Suite 116, Toronto, ON. M1H 3B7
Email : mayur.mistry@century21.ca
Cell: 647.829.4965
Office: 416.289.2155

• Pre- Construction
• Upgrading
• Downsizing
• First time home buyers
• Small businesses
• Investment Properties
• Leasing
• No obligation home evaluation
• Competitive listing commission

Call me for all your real estate needs



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
+1 437-421-2992 Email :- info@swadesh.news
સ્વદેશ
Leading Gujarati Newspaper



# કેનેડામાં ભવિષ્યમાં ઘર ખરીદવું નાગરિકો માટે વધુ મુશ્કેલ બનશે



## ઇમિગ્રન્ટ્સમાં વધારો થતાં જ દેશની વસ્તી રેકોર્ડ સ્તરે પહોંચી અને આવાસની માંગ પણ વધી

ટોરોન્ટો : અર્થશાસ્ત્રીઓ અને રિયલ એસ્ટેટ એજન્ટો કહે છે કે, ઘર ખરીદવું એ નજીકના ભવિષ્ય માટે ઘણા કેનેડિયનો માટે પહોંચની બહાર હશે. ગીરો ખર્ચમાં ઘરની ઊંચી કિંમતો અને નબળા ખર્ચની શક્તિને સરભર કરવા પૂરતો ઘટાડો થવાની શક્યતા નથી. આગામી મહિનાઓમાં બેન્ક ઓફ કેનેડા વ્યાજદરમાં ઘટાડો કરવાનું ચાલુ રાખશે તેવી અપેક્ષાઓ સાથે પણ ઘરની પોષણક્ષમતાનો મુદ્દો આગામી ચૂંટણી પહેલાં દબાઈ જવાની શક્યતા નથી. વિશ્લેષણ જૂથ ઓક્સફોર્ડ ઈકોનોમિક્સના આગાહીના ડિરેક્ટર ટોની સ્ટિલોએ ગયા અઠવાડિયે કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, લિબરલ લઘુમતી સરકારની અવધિ ઓક્ટોબર 2025ના અંતમાં સમાપ્ત થાય છે. પરંતુ તે પહેલાં ચૂંટણી સારી રીતે યોજાઈ શકે છે. જેમાં કન્ઝર્વેટિવ વિપક્ષે ટ્રુડોના નવ વર્ષના કાર્યકાળને ટોચ પર બગાડ્યો હતો. "તમે એક દાયકા સુધી કાયમી ધોરણે હાઉસિંગ માટે પોસાય તેવી શ્રેણીમાં પાછા નહીં મેળવી શકો. બે વર્ષ પહેલા વ્યાજ દરો વધવા માંડ્યા ત્યારથી મકાનની કિંમતોમાં ઉછાળો જ રહ્યો છે. ઈમિગ્રન્ટ્સના વિશાળ પ્રવાહે કેનેડાની વસ્તીને રેકોર્ડ સ્તરે ધકેલી દીધી છે, આવાસની માંગ અને ભાવમાં વધુ વધારો કર્યો છે. રોયલ બેંક ઓફ કેનેડાના મદદનીશ મુખ્ય અર્થશાસ્ત્રી રોબર્ટ હોગે જણાવ્યું હતું કે, મોટાભાગના સંભવિત ખરીદદારો કે જેઓ બાજુ પર છે, જો તેનો અર્થ $ 50 અથવા તો $ 100 ઓછા વ્યાજ દરોને કારણે મહિને ઓછો હોય, તો તે હજુ પણ પરવડે તેમ નથી. ટોરોન્ટો અને વાનકુવરના સૌથી મોંઘા બજારોમાં ઘણા સંભવિત ખરીદદારોની હજુ પણ કિંમત નક્કી છે, તેમાંથી કેટલાક આવતા વર્ષે ઘર ખરીદવા માટે સક્ષમ હોવા જોઈએ, પરંતુ સંતુલન પુનઃસ્થાપિત કરવા માટે પૂરતું નથી.









Web : www.swadesh.news
E-mail : info@swadesh.news
FRIDAY, 04 OCTOBER, 2024 સ્વદેશ

તંત્રી સ્થાનેથી

# હરિયાણામાં ચૂંટણી : કોંગ્રેસને જીતની આશા, ભાજપ માટે અનેક પડકારો


તંત્રી - સ્વદેશ

હરિયાણા વિધાનસભાની ચૂંટણીને હવે બે દિવસ જ બાકી રહ્યા છે. આ વખતે હરિયાણાનો ચૂંટણીજંગ અત્યત મહત્વનો છે કારણ કે અહીં દશકાથી ભાજપ સત્તા પર છે. પરંતુ આ વખતે તેને અનેક પરિબળો નડી જાય તેવા સંજોગો ઉભા થયા છે. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ બંનેએ પોતપોતાના મેનિફેસ્ટો બહાર પાડ્યા છે. કોંગ્રેસ તાજેતરમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં તેના પ્રદર્શનથી ઉત્સાહિત છે અને તે ૧૦ વર્ષ પછી રાજ્યમાં સત્તા મેળવવાની પેરવીમાં છે. જયારે ભાજપ ૧૦ વર્ષથી સત્તા પર હોવાથી સત્તાવિરોધી લહેર, ખેડૂતોનું આંદોલન, કુસ્તીબાજોનો વિરોધ અને અગ્નિવીર યોજના જેવા મુદ્દાઓને કારણે ભીંસમાં મુકાઈ ગયું છે. હરિયાળાના ચૂંટણી જંગમાં

કોંગ્રેસ અને ભાજપ ઉપરાંત ભારતીય રાષ્ટ્રીય લોકદળ-બહુજન સમાજ પાર્ટી ગઠબંધન, જનનાયક જનતા પાર્ટી-આઝાદ સમાજ પાર્ટી ગઠબંધન અને આમ આદમી પાર્ટીએ પણ ૯૦ બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખ્યા છે. ગોપાલ કાંડાની હરિયાણા લોકહિત પાર્ટી જેવા નાના પક્ષો પણ ચૂંટણીના મેદાનમાં છે અને કેટલીક બેઠકો પર પ્રભાવ પાડી શકે છે. ઈન્ડિયન નેશનલ લોકદળ-બહુજન સમાજ પાર્ટી ગઠબંધન જાટ સમુદાયની નારાજગીનો લાભ ઉઠાવવાની અને દલિત સમુદાયના એક વર્ગને તેની બાજુમાં લાવવાની વેતરણમાં છે. ૨૦૧૯માં જેપીપીએ ૧૦ બેઠકો જીતી હતી. આ બેઠકો જાળવવા જેપીપી એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. જો કે, જાટ સમુદાય ભાજપ સાથે પાર્ટીના જોડાણથી ખફા છે.

ભાજપને આશા છે કે કોંગ્રેસનું અન્ય સાથેનું ગઠબંધન વિપક્ષી મતોનું વિભાજન કરશે અને કોંગ્રેસને નુકસાન પહોંચાડશે. જયારે કોંગ્રેસ માને છે કે, ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિમાં નાના પક્ષો અને અપક્ષ ઉમેદવારો કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. અત્યાર સુધીની હરિયાણાની ચૂંટણીમાં નાના પક્ષો અને અપક્ષ ઉમેદવારો સહિત અન્યે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ૨૦૦૯માં તેણે ૩૦% વોટ શેર સાથે ૧૫ સીટો જીતી હતી, જ્યારે ૨૦૧૯માં તે ઘટીને ૮ સીટ થઈ ગઈ હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસનો વોટ શેર પણ ઘટીને 18 ટકા થઈ ગયો હતો. જો કે, આમ છતાં તેનો પ્રભાવ લગભગ ૫૦% વિધાનસભા બેઠકો પર રહ્યો હતો.

આ વખતે હરિયાણામાં આમ આદમી પાર્ટીએ ઝંપલાવ્યું છે. જામીન પર જેલમાંથી બહાર આવેલા કેજરીવાલ પોતાને હરિયાણાનો છોરો કહીને દિલ્હી મોડલના આધારે 'આપ'ને કેટલીક સીટો જીતાડવા મથી રહ્યા છે. બીજી તરફ ભાજપ અને કોંગ્રેસ બંને બળવાખોરોથી પરેશાન થઈ ગયા છે. ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રાજ્યમાં ૯૦માંથી ૪૭ બેઠકો જીતીને બહુમતી મેળવી સરકાર બનાવી હતી. ત્યારે INLD એટલે કે ભારતીય રાષ્ટ્રીય લોકદળે ૧૯ બેઠકો અને કોંગ્રેસે ૧૫ બેઠકો જીતી હતી.

જયારે વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે દુષ્યંત ચૌટાલાની પાર્ટી જેજેપી સાથે મળીને સરકાર બનાવી હતી. આ ચૂંટણીમાં ભાજપને ફાળે ૪૦ બેઠકો ગઈ હતી. ત્યાર બાદ ભાજપે જેજેપી સાથે ગઠબંધન સરકાર બનાવી હતી જેણે ૧૦ બેઠકો જીતી હતી. વર્ષ ૨૦૨૪માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે આ રાજ્યમાં પાંચ-પાંચ બેઠકો જીતી હતી. જો કે, ભાજપે રાજ્યની તમામ ૧૦ બેઠકો જીતવાનો દાવો કર્યો હતો. પરંતુ બહુમતિના જોરે કાયદાઓ ઘડનારા ભાજપને હરિયાણાનો લોકોએ આ ચૂંટણીમાં બરાબરનો પાઠ ભણાવી દીધો હતો.

હાલમાં પણ હરિયાણામાં વર્તમાન ભાજપ સરકાર વિરુદ્ધનો માહોલ વર્તાય રહ્યો છે. હરિયાણાનો લાખો લોકો ખેતી સાથે સંકળાયેલા છે અને આ ખેડૂતોએ કિસાન આંદોલનમાં ભાગ લીધો હતો. આ તમામ લોકો મોદી સરકારના વલણથી ભારોભાર નારાજ છે. એટલું જ નહીં, ખેડૂતોના આંદોલનને લઈને કંગના રનૌતનું નિવેદન, મહિલા કુસ્તીબાજો સાથે સરકારનું જડતાપૂર્વકનું વલણ જેવા મુદ્દાને કારણે હાલ ભાજપના ઉમેદવારોને લોકરોષનો ભોગ બનવું પડી રહ્યું છે. ચૂંટણીમાં પણ આ રોષની અસર ચોક્કસપણે જોવા મળશે તેવું રાજકીય પંડિતો માને છે.

હિમાચલ પ્રદેશની મંડી સીટથી બીજેપી સાંસદ ફિલ્મ અભિનેત્રી કંગના રનૌતે તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન બાંગ્લા દેશના આંદોલનને ભારતમાં ખેડૂતોના આંદોલન સાથે જોડ્યું હતું. કંગનાએ કહ્યું હતું કે બાંગ્લા દેશમાં જે બન્યું છે, તે અહીં ભારતમાં થવામાં લાંબો સમય ન લાગત, જો અમારી ટોચની નેતાગીરી મજબૂત ન હોત. જો કે ભાજપે કંગના રનૌતના આ નિવેદનથી પોતાના પક્ષને દૂર રાખ્યો હતો.

ગત વર્ષની શરૂઆતમાં ભારતીય કુસ્તી મહાસંઘના પૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણસિંહ પર મહિલા કુસ્તીબાજો દ્વારા જાતીય શોષણ સહિતના અનેક ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા. દિલ્હીના જંતરમંતર પર પણ કુસ્તીબાજોએ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રસિદ્ધ કુસ્તીબાજો બજરંગ પુનિયા, વિનેશ ફોગાટ અને સાક્ષી મલિકના નેતૃત્વમાં શરૂ થયો હતો. કેટલાક ખેલાડીઓ, ખાપ પંચાયત, ખેડૂત સંગઠનો અને વિરોધ પક્ષોએ પણ કુસ્તીબાજોને સમર્થન આપ્યું હતું.

હાલમાં આ મામલો કોર્ટમાં છે. આ દરમિયાન બજરંગ પુનિયા અને વિનેશ ફોગાટે કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા છે અને હવે તેઓ કોંગ્રેસની ટિકિટ પર હરિયાણા વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા છે. હરિયાણાની ચૂંટણીમાં કોંગ્રેસ પણ સ્થાનિક નેતાઓની નારાજગીને દૂર કરી શકી નથી. આવા સંજોગોમાં ભાજપ પોતાને ફાયદો થવાના સપના જોઈ રહ્યો છે. દુષ્યંત ચૌટાલાની જન નાયક જનતા પાર્ટી અને ચંદ્રશેખર આઝાદની આઝાદ સમાજ પાર્ટીના ગઠબંધનને કારણે મત વિભાજનની શક્યતા રહેશે, જેનો ફાયદો ભાજપને મળી શકે છે. હરિયાણાની ચૂંટણીમાં ભાજપને નડી શકે તેવો મુદ્દો અગ્નિવીર યોજના પણ છે. કારણ કે, હરિયાણાના યુવાનો બહુ મોટી સંખ્યામાં સૈન્યમાં જોડાતા હોય છે. અગ્નિપથ યોજના શરૂ થઈ ત્યારથી જ વિપક્ષી પાર્ટીઓ આ મુદ્દાને લોકો સમક્ષ આક્રમકતાથી ઉઠાવી રહ્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આ યોજનાની શરૂઆતથી જ ભારતીય જનતા પાર્ટી પર પ્રહારો કર્યા છે. એક રેલીને સંબોધિત કરતી વખતે તેમણે કહ્યું હતું કે અમે અગ્નિવીર યોજનાને ડસ્ટબિનમાં નાખીશું. ભૂપેન્દ્રસિંહ હુડ્ડાથી લઈને રણદીપ સુરજેવાલા ચૂંટણી મંચ પર અગ્નિવીર યોજનાની ટીકા કરી રહ્યા છે. નારનોલમાં એક ચૂંટણી સભાને સંબોધતાં ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ કહ્યું કે અગ્નિવીર યોજનાને કારણે હરિયાણા અને ખાસ કરીને દક્ષિણ હરિયાણાને સૌથી વધુ નુકસાન થયું છે.

અનુસંધાન પેજ 14 પર



manoj1968@yahoo. ca





# ભુજમાં તાંત્રિક વિધિના બહાને નખત્રાણાના દંપતી પાસેથી સાધુએ રૂપિયા પોણા 3 લાખ પડાવી લીધા

**ભુજ**

૫૩ વર્ષિય વિમળાબેન લધારામ સથવારાએ જણાવ્યું હતું કે, ગત ૧૫મી સપ્ટેમ્બરના રોજ તેમના ઘેર એક અજાણ્યો સાધુ આવ્યો હતો અને ઘરમાં હાજર પતિ અને તેમને સંબંધીની હાજરીમાં સાધુએ આવીને 'કિતને બચ્ચેં હૈ?' તેવું પૂછતાં દંપતીએ પોતે નિઃસંતાન હોવાનું જણાવ્યું હતું. સાધુએ તમારી પરિસ્થિતિ નબળી છે, રોજ ખેતરમાં બે અગરબત્તી કરજો અને બીજના દિવસે નાળિયેર ફોડીને અગરબત્તી કરજો તેમ કહીને વિમળાબેનને પોતાની ધર્મની બહેન બનાવીને સામેથી વીસ રૂપિયાની ચલણી નોટ આપીને કહ્યું કે 'આજથી તારા ઘરની પરિસ્થિતિ સારી થઈ જશે અને તને બાળક થશે'સાધુએ રૂપિયા-ટકાની જરૂર હોય તો મદદ કરવાની પણ તૈયારી દર્શાવતાં અંજાઈ ગયેલાં દંપતીએ શાલ ઓઢાડી સાધુવેશમાં રહેલા શૈતાનનું સન્માન પણ કર્યું હતું.

ત્યારબાદ ૨૦મી સપ્ટેમ્બરે સાધુએ ફરિયાદી મહિલાના પતિ લધારામને ફોન કરીને ઘરમાં હોય તેટલાં તમામ દર-દાગીના એક કાળાં કપડાંનું પોટલું બનાવીને તેમાં રાખવા તથા પૂજા કરવા કહેતાં દંપતીએ તમામ દાગીના કાળાં પોટલાંમાં રાખીને મંદિરમાં મૂકી દીધાં હતાં.

બીજા દિવસે સાધુએ એકાદ કિલોમીટર બાવળની ઝાડીમાં લઈ ગયો હતો અને કહેવાતી વિધિ કરી હતી. વિધિ કર્યાં બાદ સાધુએ એક લોખંડની પેટીમાં કાળું પોટલું મૂકીને તે પેટી દંપતીને પરત આપી પોતે કહે ત્યારે જ ખોલવા જણાવ્યું અને પેટી લઈને ઘરે પરત આવી માતાજીના મંદિરમાં મૂકીને દંપતી પૂજા કરવાનું ચાલુ રાખ્યું હતું!. ત્યારબાદ પામી ગયેલા સાધુએ એક દરબારનો છોકરો બીમાર છે તેને બે લાખ રૂપિયાની જરૂર છે તેમ કહીને બે લાખ પડાવ્યા હતા. ત્યારબાદ પણ સાધુ સતત નાણાંની માંગણી કરતાં ફોન કરતો હોઈ દંપતીને શંકા જતાં તેમણે લોખંડની પેટી ખોલીને જોતાં તેમાં રહેલાં તમામ દાગીના ગાયબ થઈ ગયાં હોવાનું માલૂમ પડ્યું હતું.

# અમદાવાદ મેટ્રોના બે વર્ષ પૂર્ણ 65 કરોડની આવક, જંગી ખોટ

**અમદાવાદ**

અમદાવાદમાં મેટ્રો રેલના પ્રારંભને બે વર્ષ પૂરા થયા છે. 30મી સપ્ટેમ્બર 2022ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વસ્ત્રાલથી થલતેજ અને એપીએમસીથી મોટેરા રૂટનું ઉદ્ઘાટન કરાયું હતું. મેટ્રો રેલ અનેક નાગરિકો માટે હવે 'લાઈફ લાઈન' સમાન બની ગઈ છે. અલબત્ત, હજુ પણ ગુજરાત મેટ્રો રેલ કૉર્પોરેશન માટે મેટ્રો રેલ સફેદ હાથી પાળવા સમાન પુરવાર થઈ રહ્યું છે. નાણાકીય વર્ષ 2022-23માં 321 કરોડ રૂપિયાની ખોટ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન(GMRC)ને થયેલી છે.

જીએમઆરસીને વર્ષ 2022-23માં પ્રતિ દિવસે સરેરાશ 87 લાખ રૂપિયાનું નુકસાન ભોગવવું પડ્યું છે. અલબત્ત વર્ષ 2021-22ની સરખામણીએ ખોટમાં ઘટાડો નોંધાયો છે. નાણાકીય વર્ષ 2021-22માં 465 કરોડ રૂપિયાની ખોટ થઈ હતી. હવે નવા રૂટ અને વધતાં મુસાફરોને પગલે ખોટની આ રકમ દર વર્ષે ઘટવા લાગે તેવી પૂરી સંભાવના છે. મેટ્રો રેલ અનેક નાગરિકો માટે હવે લાઈફ લાઈન' સમાન બની ગઈ છે. ટુ વ્હિલરની સરખામણીએ મેટ્રોમાં મુસાફરીથી સમયમાં 35થી 40 મિનિટની જ્યારે ખિસ્સાને 50 રૂપિયા સુધીની બચત થાય છે. ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી થલતેજ સુધી વાહનમાં અંદાજે 26 કિલોમીટર જ્યારે મેટ્રોમાં એક રૂપિયા કિલોમીટરનું અંતર થાય છે.

# સોમનાથ મંદિર આસપાસ બુલડોઝર કાર્યવાહીનો મામલો SCમાં પહોંચ્યો

**સોમનાથ**

સોમનાથ મંદિરની આસપાસ કથિત ગેરકાયદે બાંધકામ પર તાજેતરના બુલડોઝરની કાર્યવાહીનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. પટણી મુસ્લિમ સમાજ સુપ્રીમ કોર્ટ પહોંચ્યો હતો. ગીર સોમનાથના કલેક્ટર અને અન્ય અધિકારીઓ સામે તિરસ્કારની કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. અરજીમાં દરગાહ માંગરોળ શાહ બાબા, ઈદગાહ, પ્રભાસ પાટણ, વેરાવળ, ગીર સોમનાથમાં સ્થિત અન્ય ઘણા બાંધકામોના કથિત ગેરકાયદેસર તોડી પાડવાનો સંદર્ભ આપવામાં આવ્યો છે. તિરસ્કારની અરજીમાં કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટ દ્વારા બુલડોઝરની કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવાના આદેશ બાદ મોટા પાયે ડિમોલિશન થયું હતું. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી તિરસ્કારની અરજીમાં કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને ગુજરાતના ગીર સોમનાથમાં સદીઓ જૂની મસ્જિદ, મકબરા અને મકાનો ગેરકાયદેસર રીતે તોડી પાડવામાં આવ્યા છે. જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ કે.વી.વિશ્વનાથનની ખંડપીઠ બુલડોઝર દ્વારા તોડી પાડવાના વિરોધમાં થયેલી અરજીઓની સુનાવણી કરશે.

# અમદાવાદનો એસ.જી. હાઈવે સ્ટંટબાજોને લીધે જોખમી બન્યો, કાર અડફેટે 2 રાહદારીનાં મોત

## મિત્રના પુત્રની ખબર કાઢવા આવેલા યુવકનું કારની ટક્કરથી સ્થળ પર જ મૃત્યુ

**અમદાવાદ**

મહેસાણામાં રહેતા દશરથભાઈ ચંદ્રકાંતભાઈ પટેલે એસજી-1 ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, મિત્ર ગૌતમભાઈ પટેલના પુત્ર વિવાનની કે.ડી. હોસ્પિટલમાં સારવાર ચાલતી હોવાથી મિત્રો સાથે ખબર કાઢવા આવ્યા હતા. છારોડી પાટિયા પાસે રેસ્ટોરન્ટ ખાતે જમીને દશરથભાઈ અને મિત્રો સુનિલભાઈ અને અમીતભાઈ પરત ફરી રહ્યા હતા.

આ સમયે બંધ બોડીની એક ફોર વ્હીલરે પાછળથી સુનિલભાઈને ટક્કર મારી હતી. પટકાયેલા સુનિલભાઈનું માથું ગટરની આરસીસીની બનાવેલી ફૂટપાથ સાથે અથડાયું હતું. અકસ્માત સર્જી કાર ચાલતા ત્રાગડ બાજુ નાસી ગયો હતો. માથામાં ગંભીર ઈજા થતાં સુનિલભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ. 40, રહે. વિસનગર)નું મૃત્યુ નીપજ્યું હતું. એસજી-1 હાઈવે પોલીસે વાહનચાલકની શોધખોળ શરૂ કરી છે.

બીજા બનાવમાં રાંધેજા ખાતે રહેતા મન કલ્પેશભાઈ પટેલ તા. 30ના રાતે પોણા આઠ વાગ્યાના અરસામાં મની પ્લાન્ટ બિલ્ડીંગ સામે એક અજાણ્યો પુરૂષ રોડ ક્રોસ કરતો હતો તેને ગોતા તરફથી પુરઝડપે આવેલી કારે ટક્કર મારી હતી. ઉછળીને પટકાયેલો પુરૂષ બાજુમાંથી પસાર થતી કારના કાચ ઉપર પડ્યો હતો. અજાણી અને ભાગી ગયેલી કારની ટક્કરથી સરગાસણના મયંક સુરેશભાઈ કોટકની કાર ઉપર પટકાયેલાં અજાણ્યા શખ્સનું મૃત્યુ નીપજ્યું હતું.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :-
રાજસ્થાની થાળી
દાલબાટી-ચુરમો

-: શનિવાર :-
સુરતી જમણ
ઉંધિયું, રબડી-બાસુંદી

-: રવિવાર :-
કાઠિયાવાડી ભોજન
બાજરીના રોટલા, રીંગણનો
ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ
કરી શકે તેવા
બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH
840 Markham Road
416-438-0544

BRAMPTON
90 Eastern Ave Unit 20B
905-799-0013

THORNHILL
1470 Centre Street Unit 13
905-597-5777

PICKERING
512 KINGSTON RD. UNIT 2,
905-839-3277

# કલોલમાં ખેલાયો ખૂની ખેલ : દીકરીના મોત બાદ આશંકા રાખી સસરાએ જ જમાઈનું ઢીમ ઢાળ્યું

## મિલકતના વિવાદમાં સહી કરવાનું છે કહીને જમાઈ અને તેના ભાઈને ફાર્મ હાઉસ લઈ જવાયા

**કલોલ**

કલોલ મોહન પ્રજાપતિએ રૂપાજી પ્રજાપતિ સામે ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે. તેના દીકરા ભાવેશના લગ્ન રૂપાજીની દીકરી ઊર્મિલા સાથે થયા હતા અને બંને ઓસ્ટ્રેલિયામાં રહેતા હતા, ત્યારે ઓસ્ટ્રેલિયામાં રૂપાજીની દીકરીનું મોત નીપજ્યું હતું.

રૂપાજી ઓસ્ટ્રેલિયા ગયા હતા અને અંતિમ ક્રિયા કરી હતી અને ત્યારબાદ ભાવેશ અને રૂપાજી બંને એક સાથે ભારતમાં આવી ગયા હતા. આ મિલકત રૂપાજીના નામે કરી આપવા માટે રૂપાજી ઘણાં ફોન કરતા હતા. જેથી મોહનભાઈ અને તેમના બંને દીકરા રૂપાજીની હિમાલયા હાઈટ્સ ખાતે આવેલ તેમની ઓફિસે ગયા હતા. જ્યાં રૂપાજી અને જીમી બંને જણા આવ્યા હતા અને રૂપાજી બંને દીકરાઓને બેન્કમાં સહી કરવાનું કહીને લઈ ગયા હતા. એ પછીથી તેઓ તેના ફાર્મ હાઉસમાં લઈ ગયા હતા અને બંનેને ઢોર માર મારવામાં આવ્યો હતો.

આ બંને ભાઈઓને બે કલાક સુધી માર મારવામાં આવતા ભાવેશ બેભાન થઈ ગયો હતો અને સતીશને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમને પીકઅપ ડાલામાં નાખીને રૂપાજીના જ માણસો કલોલમાં આવેલા ખાનગી હોસ્પિટલમાં મૂકીને ફરાર થઈ ગયા હતા. તેમના પરિવારજનોને બનાવ અંગે જાણ થતા તેઓ હોસ્પિટલમાં પહોંચી ગયા હતા અને વધુ સારવાર અર્થે બંને દીકરાઓને કલોલની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ભાવેશનું ગંભીર ઈજાઓના પગલે મોત નીપજ્યું હતું.

# હરણી બોટકાંડના વધુ 5 આરોપી થયા જેલમુક્ત, મૃતકના પરિવારજનો લાચાર

**વડોદરા**

18 જાન્યુઆરી 2024ના રોજ વડોદરા શહેરના હરણી તળાવમાં બોટ પલટી જતા મોટી દુર્ઘટના બની હતી. જેમાં 12 માસુમ બાળકો અને 2 શિક્ષકોના ડૂબી જવાથી મૃત્યુ થયા હતા. બોટકાંડમાં જવાબદાર મોટા અધિકારીઓ સામે કાર્યવાહી અને સજાની માંગ કરી રહ્યા છે. ત્યારે હવે ગુજરાત હાઈકોર્ટે વડોદરા હરણી બોટકાંડમાં 14 લોકોનો ભોગ લેનારા પાંચ આરોપીઓના જામીન મંજૂર કર્યા છે. આમ, એક આરોપી સિવાય તમામ જામીન પર છૂટી ગયા છે. આમ, મૃતક 12 વિદ્યાર્થીઓ અને 2 શિક્ષકોના પરિવારજનો લાચાર બન્યા છે. વડોદરાના હરણી તળાવ બોટ દુર્ઘટના કેસની સુનાવણી કરતા સોમવારે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એમ.આર. મેંગડેની સિંગલ બેન્ચે પાંચ આરોપીઓને જામીન આપ્યા છે. જેમાં હાઈકોર્ટે ચુકાદો આપતા પરેશ શાહ વત્સલ શાહ (કોટીયા પ્રોજેક્ટના સંચાલક), શાંતિલાલ સોલંકી (બોટમેન), નિલેશ જૈન (બોટિંગનો પેટા કોન્ટ્રાક્ટ ધરાવનાર ડોલ્ફિન કંપનીના માલિક) અને નયન ગોહિલ (બોટમેન)ની જામીન અરજી મંજૂર કરી છે. જેને લઈને બે મુખ્ય આરોપી સહિત પાંચ આરોપી આઠ મહિના બાદ જેલમાંથી મુક્ત થશે.

# દાહોદ બાળકી પર દુષ્કર્મ કેસમાં સરકાર એક્શનમાં, 12 દિવસમાં ચાર્જશીટ દાખલ

**દાહોદ**

દાહોદમાં દીકરી સાથે એક શાળાના આચાર્ય દ્વારા આચરવામાં આવેલા દુષ્કર્મ કેસમાં ગુજરાત પોલીસે એફ.એસ.એલની મદદથી ગુનાને લગતા જરૂરી વૈજ્ઞાનિક પુરાવાઓ મેળવી આરોપીને કડકમાં કડક સજા થાય તેવી મજબુત ચાર્જશીટ રેકર્ડઝ બ્રેક ૧૨ દિવસમાં દાખલ કરી છે. જેમાં કુલ ૧૭૦૦ પાનાનું ચાર્જશીટ તૈયાર કરવામાં આવી છે અને ૧૫૦ જેટલા સાહેદો ચેક કરવામાં આવ્યા છે. એટલુ જ નહિ, આ સમગ્ર કેસમાં સ્પેશિયલ પી.પી અમિત નાયરની નિમણુક કરવામાં આવી છે તેમ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ છે.

મંત્રીએ કહ્યુ કે, ચાર્જશીટમાં ડિજિટલ એવિડન્સ, ફોરેન્સિક ડીએનએ એનાલીસીસ, ફોરેન્સિક બાયલોજિકલ એનાલીસીસનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમા વિશેષ બાબત એ છે કે આ વખતે એપિથિલિયલ કોષોએ શરીરની ત્વચા અને આંતરિક ભાગોમાં આવેલા કોષો છે, જે અત્યંત નાની માત્રામાં પણ મળી શકે છે. ક્રાઈમ દરમ્યાન આવા કોષો મળી આવે ત્યારે ડીએનએ પરીક્ષણ દ્વારા શંકાસ્પદ વ્યક્તિનું ડીએનએ આ કોષો સાથે મેળ ખાતું હોય તો તે વ્યક્તિના ગુનામાં સંડોવાણી પુષ્ટિ થાય છે.

# ગુજરાત મોડલની પોલ ખુલી : સગર્ભાને ઝોળીમાં લઈ હોસ્પિટલ પહોંચ્યા, સારવાર ન મળતાં મોત

**છોટા ઉદેપુર**

છોટાઉદેપુરના કવાંટ તાલુકાના મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદે નર્મદા ડેમના ઉપરવાસના વિસ્તારમાં તુરખેડા ગામની એક પ્રસુતાને રસ્તાના અભાવે પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

આ ગામમાં આવવા જવા માટે કોઈજ આંતરિક પાકા રસ્તા નથી એટલે જ્યારે ગામમાં જ્યારે કોઈને સારવારની જરૂર પડે તો તેને ઝોળી બનાવી તેમાં સુવડાવી ઊંચકીને પાંચ કિ.મી. સુધી લઈ ગયા બાદ કોઈ



વાહનની સુવિધા મળતી હોય છે. તુરખેડા ગામના બસકરિયા ફળિયાની એક સગર્ભાને વહેલી સવારે પાંચ વાગે પ્રસુતિની પીડા ઉપડતા તેને સારવારની જરૂર પડી હતી.

પ્રસૂતિની પીડાથી કણસતી સગર્ભાની તબિયત પણ લથડી રહી હતી. ગામમાં આવવા જવા માટે કોઈ રસ્તો તેમજ મોબાઈલ નેટવર્ક નહી હોવાથી ગંભીર સ્થિતિ સર્જાઈ હતી જેથી પરિવારજનો પ્રસૂતાને ઝોળીમાં નાખી હોસ્પિટલ લઈ જવા નીકળ્યા હતા.

પાંચ કિલોમીટર જેટલું અંતર પગપાળા કાપે તે દરમિયાન જ રસ્તામાં મહિલાને પ્રસૂતિ થઈ ગઈ અને તેણે એક નવજાત બાળકીને જન્મ આપ્યો પરંતુ પ્રસૂતાની તબિયત એટલી બધી લથડી ગઈ કે તાત્કાલિક સારવાર ન મળતા તેનું મોત નિપજ્યું હતું.

# સાળાની હત્યામાં બનેવીને 10 વર્ષની કેદ

## 2023માં બનેવીએ ઠપકો આપવા આવેલા સાળાને ગળું દબાવી મોતને ઘાટ ઉતાર્યો હતો

**નડિયાદ**

મહેમદાવાદ તાલુકાના રાસ્કામાં સામાન્ય મુદ્દે બહેનને માર મારનાર બનેવીને ઠપકો આપવા ગયેલા સાળાનું ગળું દબાવી મોતને ઘાટ ઉતાર્યો હતો. વર્ષ-૨૦૨૩ના બનાવમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ નડિયાદે આરોપીને ગુનેગાર ઠેરવી ૧૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો છે.

મહેમદાવાદ તાલુકાના રાસ્કામાં રહેતા વિજયભાઈ દંતાણીની બહેન સુનીતાબેનના લગ્ન મુકેશભાઈ ઉર્ફે મહેશભાઈ તારાભાઈ દંતાણી (રહે. દેવગાળા, તા.ધંધુકા જી. અમદાવાદ) સાથે થયા હતા. મુકેશભાઈ પત્ની સુનિતાબેન સાથે વિજયભાઈના ઘર નજીક રાસ્કામાં રહી કામ ધંધો કરતો હતા. દરમિયાન સાળા-બનેવી વચ્ચે સંબંધમાં તિરાડ પડી હતી. પરંતુ ભાઈ બહેન એકબીજા સાથે બોલતા હતા. તા.૧૯ માર્ચ, ૨૦૨૩ની સાંજે સુનીતા ઘરે વિજયભાઈના કપડા ધોતી હતી, ત્યારે ઘરે આવી પહોંચેલા મુકેશે પોતાની પત્નીને સાળાના કપડાં ધોતી જોઈ ગુસ્સે ભરાયો હતો અને પત્ની સુનિતા સાથે ઝગડો કરવા લાગ્યો હતો. જેની જાણ થતાં વિજયભાઈ આવી બનેવી મુકેશભાઈને સમજાવતો હતો. ત્યારે મુકેશભાઈએ તું અમારા પતિ-પત્ની વચ્ચેના ઝઘડામાં ના પડ કહી ઉશ્કેરાઈ વિજયભાઈને મોઢા અને છાતીના ભાગે ફેટો મારી તથા ગળુ દબાવી દીધુ હતું. જ્યાં વિજયભાઈનું મોત નિપજ્યું હતું.

આ બનાવ સંદર્ભે પ્રકાશભાઈ દંતાણીએ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે મુકેશભાઈ દંતાણી સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આરોપીને ઝડપી પાડયો હતો અને ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી. આ કેસ પ્રિન્સીપાલ ડિસ્ટ્રિક્ટ જજ એન.એ.અંજારીયાની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલે ૧૪ સાહેદોની જુબાની તથા ૧૭ જેટલા દસ્તાવેજી પુરાવા સાથે દલીલો કરી હતી.

# પુસ્તક પ્રેમ : સંસ્કૃત સહિત 5 ભાષાનો જાણકાર વડોદરાનો 'અગસ્ત્ય પટેલ'

**વડોદરા**

આજના જમાનામાં બાળકોમાં મોબાઈલમાં ગેમ્સ રમવાનો ક્રેઝ વધ્યો છે ત્યારે વડોદરાના હરણી વિસ્તારમાં રહેતા દસ વર્ષના બાળકે પોતાનો પુસ્તક પ્રેમ વ્યક્ત કર્યો છે અને ક્રિસમસ પર 52 પાનાનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. એ સાથે સંસ્કૃત સહિત પાંચ ભાષાનો જાણકાર પણ બન્યો છે.

વડોદરાના હરણીમાં રહેતા પટેલ પરિવારના અગસ્ત્ય ગણેશભાઈ પટેલએ 10 ઉંમરે મોબાઈલમાં વ્યસ્ત રહેવાને બદલે ત્રણ વર્ષની ઉંમરે પુસ્તકોના વાંચનમાં વધુ રસ કેળવ્યો હતો. તેણે ક્રિસમસની ઉજવણી સમયના તેના અનુભવોને લોકો સુધી પહોંચાડવાના આશય સાથે 54 પાનાનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. અગસ્ત્ય પટેલે જણાવ્યું હતું કે, વર્ષ 2021માં અમદાવાદ અને વર્ષ 2023માં મુંબઈ ખાતે ક્રિસમસની ઉજવણી કરી હતી. જે ઉજવણીને ક્રિસમસ ટાઈમ નામના શિર્ષક હેઠળ એક મહિનાની અંદર પુસ્તક લખીને તેની ડિઝાઈન કરીને પ્રકાશિત કરી છે. જેમાં ક્રિસમસના સમયે કુકિઝ અને કેક સાથે સોફ્ટ ડ્રિંકનું વેચાણ કેટલું વધે છે અને આ દરેક ખાદ્યપ્રદાર્થનું વેચાણ કરવાથી આવકનું સાધન ઉભુ થાય છે તે પણ પુસ્તકમાં દર્શાવ્યું છે.

# વડોદરામાં મિત્રને જ્વેલર્સની દુકાનમાં રોકાણ કરાવી ચોકસી તેમજ તેના પુત્રોએ ઠગી લીધા

**વડોદરા**

વાસણારોડની સમૃધ્ધિ સોસાયટીમાં રહેતા હિતેન્દ્રભાઈ દવેએ પોલીસને કહ્યું છે કે,મારા મિત્ર નગીનભાઈ સોની કારેલીબાગ પાણીની ટાંકી સામે સોહાગ જ્વેલર્સ નામની દુકાન ધરાવે છે. વર્ષ-૨૦૧૪માં તેમણે અને તેમના પુત્રો પિયુષ, વિરેન અને પુત્રવધૂ રશ્મિકા સોનીએ મારી સાથે મીટિંગ કરી દુકાનમાં મૂડીરોકાણ કરવા માટે કહ્યું હતું. ચારેય જણાએ દર મહિને રૂ.૧૦ હજાર અને મૂડી અકબંધ રાખવા માટે કહી મારી પાસે રૂ.૨૩.૬૧લાખ લીધા હતા. જેની સામે મને રૂ.૮ લાખ પરત આપ્યા હતા. પરંતુ હજી ૧૫.૬૧ લાખ પરત કરતા નથી અને વાયદા કરી રહ્યા છે. કારેલીબાગ પોલીસે આ અંગે નગીન સોની તેમજ તેના પુત્ર, પુત્રવધૂ સહિત તમામ સામે ગુનો નોંધ્યો છે.

# પાવાગઢ ખાતે નવરાત્રીના પ્રથમ દિવસે ભક્તોનું કીડિયારું, જડબેસલાક વ્યવસ્થા

**પંચમહાલ**

પંચમહાલમાં શક્તિની ઉપાસના અને ભક્તિના મહાપર્વ આસો નવરાત્રીનો ગુરુવારથી પ્રારંભ થયો હતો. ત્યારે યાત્રાધામ શક્તિપીઠ પાવાગઢ ખાતે આજે વહેલી સવારથી ભક્તોનું કીડીયારું ઉભરાયું હતું. હૈયેથી હૈયું દળાય તેવી ભક્તોની ભીડ આજે જોવા મળી હતી.

પંચમહાલના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ પાવાગઢ ખાતે મા મહાકાળીના દર્શનાર્થે લાખોની સંખ્યામાં ભક્તો આવે છે. જે જોતાં મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા ખાસ સુચારુ આયોજન કરાયું છે. મંદિર ટ્રસ્ટ દ્વારા યાત્રાળુઓ માટે પીવાનું પાણી, સ્લોટ મુજબ દર્શન વ્યવસ્થા, નવરાત્રિ દરમિયાન નિજ મંદિર વહેલું ખુલ્લું મુકવા, સફાઈ કામગીરી સહિતનું આયોજન કરાયું હતું.

ભક્તોના અભૂતપૂર્વ ઘસારાને લઈ મંદીર અને યાત્રિકોની સુરક્ષાને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.પોલીસ દ્વારા ડીવાયએસપી, પીઆઈ, પી.એસ.આઈ જેવા અધિકારીઓ સહિત એક હજારથી વધુ પોલીસ જવાનો અને એસઆરપીની ટુકડી બંદોબસ્તમાં તેનાત કરવામાં આવ્યા છે. આજના દિવસે પણ પાવાગઢ ખાતે 1 લાખથી વધુ ભક્તો એમાં મહાકાળીના દર્શન કર્યા હતાં.

# વર્લ્ડ કપ કિક બોક્સિંગ સ્પર્ધામાં વડોદરાના પાર્થરાજ જાડેજાએ 2 બ્રોન્ઝ મેડલ જીત્યા

**વડોદરા**

ઉઝબેકિસ્તાન ખાતે તા.૨૪ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન વર્લ્ડ કપ કિક બોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૫થી પણ વધારે દેશના ૨,૮૦૦ ઉપરાંત કિક બોક્સરોએ ભાગ લીધો હતો. જેમાં વડોદરાના પાર્થરાજ જાડેજાએ ૯ વર્ષથી ઓછી ઉંમરમાં ૩૩થી ઓછું અને ૩૬થી ઓછુ વજન એમ બે કેટેગરીમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

પાર્થે તેની શ્રેણીમાં વિશ્વનાં શ્રેષ્ઠ ફાઈટરોનો સામનો કરીને બે બ્રોન્ઝ મેડલ અને ટ્રોફી પ્રાપ્ત કરીને વિશ્વ ક્રમાંકમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યુ છે.પાર્થરાજે ૩૦થી પણ વધારે રાજ્ય,રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ૨૧ ગોલ્ડ સહિત ૩૫ મેડલ પ્રાપ્ત કરેલ છે.

# સુરતમાં આર્થિક મંદીને કારણે હીરા દલાલની પત્નીએ પુત્રને ઝેર આપી પોતે પણ ગટગટાવ્યું

**સુરત**

હીરા ઉદ્યોગમાં મંદીને કારણે આર્થિક સંકડામણમાં મુકાયેલા રત્નકલાકારોના આપઘાતના બનાવો સતત સામે આવી રહ્યાં છે, તેમાં ઉત્રાણ વિસ્તારમાં એક હીરા દલાલની પત્નીએ ચાર વર્ષના પુત્રની સાથે આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ પણ સામે આવ્યો છે. ચાર વર્ષના માસૂમ બાળકને ઝેર પીવડાવી માતાએ પોતે પણ વિષપાન કરી આપઘાત કરી લીધો હતો.

અમરેલી જિલ્લામાં આવેલા સાવરકુંડલાના વતની રવિભાઈ ધામંત હાલમાં સુરત શહેરના ઉત્રાણ વિસ્તારમાં આવેલા રોયલ બિલ્સ ગ્રીન પ્લાઝાની બાજુમાં ૨૬ વર્ષની પત્ની પાયલ અને ચાર વર્ષના પુત્ર માહિર સાથે રહેતા હતા. હીરાની દલાલી કરી પરિવારનું ભરણપોષણ કરતા હતા. ગઈકાલે બપોરે પત્ની પાયલ દેરાણીની તબિયત સારી ના હોવાથી સાસુમાને ત્યાં મૂકીને પરત આવી ગઈ હતી. ત્યારબાદ અનાજમાં નાખવાના ઝેરી ટીકડાનો પાવડર બનાવી પોતાના ચાર વર્ષના દીકરા માહિરને પીવડાવી દીધો હતો. પોતે પણ અનાજમાં નાખવાના આ ઝેરી ટીકડા ગળી લીધા હતા. થોડીવાર બાદ પાયલે પોતાના પતિને ફોન કરી પોતાના ઉલ્ટી થતી હોવાનું જણાવી ઘરે તેડાવ્યા હતા. સમગ્ર હકીકત જણાવતા પતિએ પત્ની પાયલ અને પુત્ર માહિરને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, ગઈકાલે મોડી સાંજે સારવાર દરમિયાન માસૂમ પુત્રનું મોત થયું હતું જ્યારે પત્ની પાયલનું આજે બુધવારે મળસ્કે સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે ઉત્રાણ પોલીસને જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ હાથ ધરી હતી. હીરા દલાલ રવિ અને પાયલના સાત વર્ષ પહેલા લગ્ન થયા હતા. આ દંપતીને મિહિર નામનો એક પુત્ર અવતર્યો હતો. આપઘાતના એક કલાક પહેલા પાયલે પોતાની માતા અને ભાઈ સાથે મોબાઈલમાં વિડીયો કોલ પર વાત કરી હતી. માતા પુત્રના મોતના બનાવ પાછળનું સાચું કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે. હાલ બનાવ પાછળ રહસ્ય સર્જાયું છે, પરંતુ આ બનાવવામાં પણ આર્થિક સંકડામણ અથવા ઘરકંકાસ કારણભૂત હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી, તેવું પોલીસ સૂત્રોનું કહેવું છે.

# સુરતમાં 6 દિવસની બાળકીના અંગદાનથી અન્ય ચારને નવજીવન મળ્યું

**સુરત**

સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના ઢાંક ગામના વતની મયુરભાઈ ઠુંમરની નવજાત બાળકીના અંગદાનથી 4ના જીવનમાં રંગ ઉમેરાયા છે. મયુરભાઈ સુરતમાં પ્લંબિંગ મજુરી કામ કરે છે. 23 તારીખના રોજ મયુરભાઈના પત્ની મનીષાબેને બાળકીને જન્મ આપ્યો હતો. જો કે બાળકીની તબિયત ખરાબ હોવાથી તેને સુરતની ડાયમંડ હોસ્પિટલમાં આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. તબીબોએ બાળકીને બચાવવાના પૂરતા પ્રયત્નો કર્યા પણ અંતે કઈ સફળતા મળી નહિ અને બાળકી કોમામાં ચાલી ગઈ, અંતે તબીબોએ બાળકીને બ્રેઈનડેડ જાહેર કરી હતી. હોસ્પિટલના તબીબોએ સુરતની જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના વિપુલભાઈ સાથે પરિવારજનોનો સંપર્ક કરાવ્યો હતો. વિપુલભાઈએ મયુરભાઈ અને તેમના પરિવાર સાથે અંગદાનને લઈને વાતચિત કરીને અંગદાનની પ્રક્રિયા અને તેનું મહત્વ સમજાવ્યું. તેમણે જણાવ્યું હતું કે તમારી બાળકીના અંગદાનથી ચાર લોકોની જિંદગી બચાવી શકાશે.

# નવસારીમાં બોયફ્રેન્ડ સાથે શરીરસુખ માણતી વખતે યુવતીનું એકાએક મોત

## રક્તસ્ત્રાવ બંધ નહીં થતાં યુવતીને હોસ્પિટલમાં લઈ જવાઈ હતી

**નવસારી**

તાજેતરમાં ગુજરાતના નવસારી જિલ્લામાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આ ઘટનાની અંદર એક 23 વર્ષની યુવતીનું મોત નિપજ્યું છે. આ યુવતી નવસારીની કોલેજમાં ભણતી હતી. ગત શનિવારે યુવતી તેના ઘરના સભ્યોને કોલેજ જવાનું કહીને તેના બોયફ્રેન્ડ સાથે હોટલમાં ગઈ હતી. આ હોટલ પણ નવસારીમાં તેની કોલેજ નજીક આવેલી હતી. પરંતુ હોટલની અંદર તેનું મોત થયું હતું.

નવસારીમાં આવેલા ચીખલી તાલુકામાં આ બંને યુવક અને યુવતી રહેતા હતાં. ત્યારે શનિવારે સવારે ૯ વાગ્યે ઘરેથી યુવતી એવું કહીને નીકળી હતી કે, તે કોલેજ જાય છે. પરંતુ તેણી પોતાના બોયફ્રેન્ડ સાથે હોટલ માં પહોંચી હતી. ત્યારે હોટલમાં યુવતી અને યુવકે શારીરિક સંબંધો બાંધ્યા હતાં. પરંતુ આ યુવાહૈયાઓ જ્યારે કામ ક્રિયાઓ કરી રહ્યા હતાં. ત્યારે અચનાક યુવતીના વજાઈનામાંથી રક્તસ્ત્રાવ થવા લાગ્યો હતો. યુવતીના વજાઈનામાંથી રક્તસ્ત્રાવ ભયાવહ રીતે થઈ રહ્યો હતો. ત્યારે હોટલ રૂમમાં યુવકે તમામ પ્રયત્નો કર્યા તેમ છતાં વજાઈનામાંથી નીકળતો રક્તસ્ત્રાવ બંધ થયો નહી. ત્યારે યુવકે તેના મિત્રને ફોન કરીને આ અંગે માહિતી આપી હતી. જે બાદ યુવક અને તેનો મિત્ર યુવતીને નવસારીની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતાં. પરંતુ ત્યા હાજર તબીબોએ યુવતીની હાલત જોઈને જણાવ્યું કે, સ્થિતિ ગંભીર છે, તેથી તુરંત યુવતીને સિવિલ હોસ્પિટલ માં લઈ જવામાં આવે. ત્યારે યુવતીને તેના બોયફ્રેન્ડ અને તેના મિત્રે સિવિલ હોસ્પિટલ માં લઈ ગયા હતાં. ત્યારે સિવિલ હોસ્પિટલ માં સારવાર દરમિયાન યુવતીનું મોત નીપજ્યું હતું. જે બાદ નવસારી ની સિવિલ હોસ્પિટલ બાદ પીએમ અર્થે યુવતીના મૃતદેહને સુરત સિવિલ માં લઈ જવામાં આવ્યા હતાં. ઘટના બાદ બેદરકારી મામલે પોલીસે યુવકની ધરપકડ કરી હતી.


Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West )
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# માતાના મઢે દર્શન કરી પરત ફરતા શ્રદ્ધાળુઓને અકસ્માતઃ 6ના મોત

## અકસ્માતમાં ઇજાગ્રસ્ત બનેલાઓમાં ત્રણ મહિલા, ત્રણ બાળક અને બે પુરુષમાંથી ત્રણની હાલત અત્યંત નાજુક

**ભુજ**

હારીજ-ચાણસ્મા ધોરીમાર્ગ પર પૂરપાટ વેગે જઈ રહેલી મારુતિ ઈકો કાર અને ટેન્કર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં એક ગર્ભવતી મહિલા સહીત ત્રણ લોકોનાં ગંભીર ઈજાઓના પગલે મોત નીપજ્યાં હતાં, જયારે અકસ્માતગ્રસ્ત વાહનમાં રહેલા અન્ય આઠ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ પ્રાણઘાતક અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલાઓમાં ત્રણ મહિલા, ત્રણ બાળક અને બે પુરુષમાંથી ત્રણ બાળકોની હાલત અત્યંત નાજુક છે.



ભુજ પોલીસ મથકમાં એએસઆઈ તરીકે ફરજ બજાવી છ વર્ષ અગાઉ નિવૃત થયેલા મૃતક નવલાસિંહ કે. રાઠોડ ગત રવિવારે પોતાના પરિવાર સાથે માતાના મઢ દર્શન કરવા માટે પોતાની ઈકો ગાડી લઈને નીકળ્યા હતા. ભુજના આશાપુરા તેમજ માતાના મઢના દર્શન કરી મંગળવારે પરત ફરી રહ્યા હતા, ત્યારે હારીજ-ચાણસ્મા ધોરીમાર્ગ માર્ગ પર તેમની કારને આ ભયાનક અકસ્માત નડ્યો હતો જેમાં પરિવારના મોભી સહિત પુત્ર અને પુત્રવધૂનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય આઠ સભ્ય ઈજાગ્રસ્ત બનતાં તેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જેમાંથી ચાર લોકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા તોરલબા રવીન્દ્રાસિંહ રાઠોડને પાંચ માસનો ગર્ભ હોવાનું શોકાતુર પરિવારના સભ્યોએ જણાવ્યું હતું.

આ બનાવ અંગે હારીજ પોલીસ સ્ટેશનના પી.આઈ. નીરવ શાહના જણાવ્યા મુજબ ટેન્કર મહેસાણા તરફ જઈ રહ્યું હતું, ઇડર તાલુકાના કાબસો ગામના એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા છે. જેમાં નવલાસિંહ કે. રાઠોડ (પિતા) અને તેના પુત્ર રવીન્દ્રાસિંહ નવલાસિંહ અને પુત્રવધૂ તોરલબાનો સમાવેશ થાય છે. માતાના મઢથી પરત ફરી રહેલા મૂળ હળવદ નજીક ખાખરેચી ગામના શ્રદ્ધાળુઓને પણ અકસ્માત નડ્યો હતો. માતાના મઢથી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે ભચાઉના કટારીયા નજીક એક ટ્રકે ટ્રેક્ટર-ટ્રોલીને ટક્કર મારતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ શ્રદ્ધાળુઓના સ્થળ પર જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે, જ્યારે દસથી બાર યાત્રિકો ઘાયલ થયાં છે. બુધવારે બપોરે સર્જાયેલા આ ગોઝારા અકસ્માતમાં મૃત્યુ પામનારમાં બે સ્ત્રી અને એક કિશોરનો સમાવેશ થાય છે. હતભાગીઓ માતાના મઢના દર્શન કરીને ટ્રેક્ટરમાં બેસીને પરત ફરતાં હતાં. મૃતદેહો અને ઘાયલોને લાકડીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાયાં હોવાનું સામખિયાળીના પી.આઈ વી.કે. ગઢવીએ જણાવ્યું હતું.

# ગોંડલ પેલેસમાં બેઠક બાદ નકલી રાજવીના વિવાદનો અંત આવ્યો

**ગોંડલ**

એક તરફ નકલી અધિકારીઓ બાદ નકલી રાજવી પણ મળી આવ્યા હતા. આખો વિવાદ ગોતા ખાતે મળેલા ક્ષત્રિય સમાજના સંમેલનમાં ગોંડલ સ્ટેટ(રાજા) અને યુવરાજ પણ ફરી રહ્યા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મુદ્દે ગોંડલના અસલી યુવરાજે ખુલાસો કર્યો છે. નવા ઉભા થયેલા વિવાદનો આજે ગોંડલ ખાતે શાંતિપૂર્ણ અંત આવ્યો છે. ગોંડલ પેલેસ ખાતે ક્ષત્રિય આગેવાનોની હાજરીમાં સમાધાન કરવામાં આવ્યું છે

ગોતા ખાતે ભરાયેલા ક્ષત્રિય સમાજના સંમેલનમાં ગોંડલ સ્ટેટના રાજવો હોવાના દાવાને લઈને વિવાદ શરૂ થયો હતો. જે બાદ ગોંડલ પેલેસ ખાતે ક્ષત્રિય આગેવાનોની હાજરીમાં એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં આ વિવાદને લઈને સમાધાન કરવામાં આવ્યું છે. ગોંડલ ખાતે મળેલ બેઠકમાં ક્ષત્રિય સમાજના આગેવાનો, પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગોંડલ સ્ટેટના ભાયાતો હાજર રહ્યા હતા. આજની બેઠકમાં ગોંડલ સ્ટેટની ઓળખ આપીને સંમેલનમાં હાજરી આપનારા યદુવેન્દ્રસિંહ અને ગોંડલ મહારાજા સાહેબ હિમાંશુસિંહજી એક મંચ પર બેઠા હતા.

# સાવરકુંડલામાં સરકારી કામોમાં થયો કરોડોનો ભ્રષ્ટાચાર', ભાજપના નેતાએ લગાવ્યા આક્ષેપ

## સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સાવ હલકી ગુણવત્તાનું મટિરિયલ વપરાયું હતું

**સાવરકુંડલા**

અમરેલીના સાવરકુંડલા શહેર ભાજપના પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં થઈ રહેલા ભ્રષ્ટાચારને લઈને પત્ર લખ્યો છે. રામદેવસિંહે પત્ર લખી આરોપ લગાવ્યો છે કે, અંદાજિત 24 કરોડના ખર્ચે તૈયાર થતાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સાવ હલકી ગુણવત્તાનું મટિરિયલ વાપરવામાં આવી રહ્યો છે. ગોહિલે લેખિતમાં પત્ર લખી અંકિતા



કન્સ્ટ્રક્શન કંપની દ્વારા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામમાં અતિશય ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે તેવો આરોપ લગાવ્યો છે. આ મામલે રામદેવસિંહ ગોહિલે લેખિત ફરિયાદ કરી તપાસની માગ કરી છે. ગોહિલે પત્રમાં આરોપ લગાવ્યો છે કે, 'સાવરકુંડલા શહેરમાં GUDC અંતર્ગત વર્ષ 2012-13 માં અંકિતા કન્સ્ટ્રક્શન દ્વારા ગટર લાઈનનું કામ કરવામાં આવ્યું હતું. જેમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. હાલમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ ચાલી રહ્યું છે અને તેમાં GUDCના જવાબદાર અધિકારી ભાવેશ ખેતાણીની ખાનગીમાં ભાગીદારી છે.'

# CMને પણ કહી દેજો કે, ધારાસભ્ય આવુ બોલતા હતા..' અધિકારીઓ પર બગડ્યાં પબુભા માણેક

**દ્વારકા**

દ્વારકાના શિવરાજપુર બીચ પર વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી ઘણાં સમયથી બંધ છે. ત્યારે આ વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટીને લઈને દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક અધિકારીઓ પર બગડ્યા હતાં. પબુભાએ અધિકારીઓને ધમકી આપતાં કહ્યું કે, '20 દિવસની અંદર નિયમ બનાવો નહીંતર મંજૂરી વગર જ એક્ટિવિટી ચાલું કરી દઈશું. પછી જેને જે કરવું હોય એ કરી લે અને મુખ્યમંત્રીને પણ રિપોર્ટ કરી દેજો કે ધારાસભ્ય આવું કહેતા હતાં'

સુરક્ષાના ધોરણોને ધ્યાને લઈ તંત્ર દ્વારા ગુજરાતના અનેક બીચને બંધ કરવામાં આવ્યા હતાં. જે હેઠળ દ્વારકાના શિવરાજપુર બીચ પર થતી વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી પણ બંધ કરવામાં આવી હતી. જોકે, તેને ફરી શરૂ કરાવવાને લઈને ધારાસભ્ય પબુભા માણેકની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી હતી. જેમાં પબુભા માણેકે અધિકારીઓનો ઉધડો લીધો હતો. પબુભા માણેસે ગુસ્સાના સ્વરમાં અધિકારીઓને કહ્યું કે, '20 દિવસની અંદર નિયમ બનાવો નહીંતર આંદોલન કરવામાં આવશે. જો 20 દિવસની અંદર વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટીને લઈને નિયમ નહીં બને તો મંજૂરી વિના જ પ્રવૃત્તિઓ ચાલુ કરી દઈશું.'

ધારાસભ્યે અધિકારીઓને ધમકાવતા કહ્યું કે, '20 દિવસ સુધી સરકાર દ્વારા અમને જે કરવાનું કહેશે તે અમે કરીશું, પરંતુ 20 તારીખ સુધીમાં તમે નિયમ બનાવી દેજો, નહીંતર મંજૂરી વિના પ્રવૃત્તિ ચાલું કરી દઈશ. પછી તમે પોલીસનો કાફલો મોકલો કે, જે મોકલો... હું 42 ગામને અહીં ભેગા કરીને મુકી દઈશ. પછી જેને જે કરવું હોય તે કરી લે. મારો રિપોર્ટ પણ કરી દેજો મુખ્યમંત્રીને કે ધારાસભ્ય આવું કહેતા હતાં. આ કોઈ રીત થોડી છે તમારા લોકોની.'

# ઢાંકી ગામમાં આરોપી ફાયરિંગ કરી ફરાર, ગોળી વાગતા કિશોરનું મોત

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના ઢાંકી ગામે ફાયરિંગનો બનાવ બનતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનામાં 12 વર્ષના કિશોરનું મોત થયું હતું, જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો. અંગત અદાવતમાં ફાયરિંગ કર્યાનું અનુમાન પ્રાથમિક તપાસમાં બહાર આવી રહ્યું છે. પોલીસે સ્થળ પરથી લોકોના નિવેદન લેવા સાથે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

લખતર તાલુકાના ઢાંકી ગામે ફાયરિંગની ઘટનામાં 12 વર્ષના કિશોર નિકુલ ડુંગરાણીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઘટનાને પગલે ડીવાયએસપી, એલસીબી, એસઓજી, લખતરની સ્થાનિકો પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ત્યારે સ્થાનિકો લોકોએ આક્ષેપ કરતા જણાવ્યું છે કે, 'ડફેર અલી નથુ દ્વારા ફાયરિંગ કરી કિશોરની હત્યા કરી તે ફરાર થઈ ગયો હતો.' અંગત અદાવતમાં ફાયરિંગ કર્યું હોવાનું પોલીસ અનુમાન કરી તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. ડફેર અલી નથુ કુખ્યાત આરોપી ગુજસીટોકનો આરોપી પેરલ જમ્પ પર હોવાની અને અવાર નવાર નર્મદા કેનાલ ઉપર રાહદારીઓને ધાકધમકી આપતો હતો.

# મોરબીમાં કાર ભડભડ સળગી, દરવાજા લોક થઇ જતાં યુવા ઉદ્યોગપતિનું મોત

**મોરબી**

મોરબીના લીલાપર નજીક અચાનક કોઈ કારણસર કાર ભડભડ સળગી ઉઠી હતી. આ દરમિયાન કારમાં સવાર યુવા ઉદ્યોગપતિ અજય નાનજીભાઈ ગોપાણી (ઉ. 39) બહાર નીકળી ન શકતા ભૂંજાઈ ગયા હતા. કાર સળગી ઉઠી ત્યારે તેના દરવાજા લોક થઈ ગયા હતા, જેથી ગુંગળામણ અને આગના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક અહેવાલો પ્રમાણે, અજય ગોપાણી સિરામિક ક્ષેત્રના જાણીતા ઉદ્યોગપતિ છે. કાર આગ લાગી હોવાની જાણ થતાં આસપાસના વિસ્તારમાં લોકો દોડી આવ્યા હતા. આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો અને ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર વિભાગની ટીમ તથા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયરની ટીમે સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. ત્યારબાદ મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# દેવું ભરપાઈ કરવા ટ્રેન ઉથલાવી યાત્રીઓનો સામાન લૂંટી લેવાનો હતો પ્લાન : ભેજાબાજોની કેફિયત

**ભાવનગર**

રાણપુરના કુંડલી રેલવે સ્ટેશન નજીક રેલવેના પાટાને ટ્રેકની વચ્ચે ખોડી તેની સાથે પેસેન્જર ટ્રેનના એન્જિનને અથડાવવાની ઘટના સુનિયોનિજિત ષડયંત્ર હોવાનું અને પેસેજન્જર ટ્રેનને ઉથલાવી મુસાફરોના સરસામાનને લૂંટવા માટે બે ભેજાબાજોએ આ કાવતરાને અંજામ આપ્યો હોવાનો પોલીસની તપાસમાં ઘટસ્ફોટ થયો છે. પાંચ દિવસ પૂર્વે ઓખા-ભાવનગર પેસેન્જર ટ્રેન સાથે સર્જાયેલાં આ અકસ્માતની ચકચારી ઘટનામાં પોલીસે બન્ને કાવતરાખોરને ઝડપી લઈ ગુન્હાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. દેવું થઈ જતાં તેમાંથી બહાર નિકળવા માટે બોટાદ જિલ્લાના અળવ ગામના બે શખ્સ અસંખ્ય મુસાફરોના મહામૂલી જીવ સાથે જુગાર રમ્યા હોવાની હકિકિત ખુલતાં હિન કૃત્ય આચરનાર માનવતાના આ બન્ને દુશ્મન સામે ચો-તરફથી ફિટકાર વરસી રહ્યો છે.

ઓખા-ભાવનગર ટ્રેન ગત ૨૫મી સપ્ટેમ્બરના રોજ મધરાત્રિ ૨ઃ ૫૮ કલાકે બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના કુંડલી સ્ટેશનથી બોટાદ તરફ આવી રહી હતી. તે સમયે કુંડલી રેલવે સ્ટેશન નજીક લોખંડના ચાર ફૂટ લાંબા ટૂકડા સાથે અથડાતાં એન્જિન ધડાકાભેર અથડાઈને બંધ પડી ગયું હતુ.મીટરગેજની જૂની લાઈનના આશરે ચારેક ફૂટ લાંબો એક લોખંડના પાટા (કટકા)ને રેલવે ટ્રેકમાં સ્લીપર અને બેલાસ્ટરની વચ્ચે ખાડો કરી ત્રાંસો મુકી અજાણ્યા શખ્સોએ પેસેન્જર ટ્રેનને ઉથલાવવાનું ષડયંત્ર રચ્યું હોવાની શંકાના આધારે રેલવે તથા પોલીસના ઉચ્ચ અધિકારીઓએ સ્થળ પર જઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



## દિગ્ગજ અભિનેતા રજનીકાંતની તબિયત બગડી

દિગ્ગજ અભિનેતા રજનીકાંત (૭૩)ની સોમવારે રાત્રે અચાનક તબિયત લથડી હતી. જે બાદ તેને ચેન્નાઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ચેન્નાઈ પોલીસના જણાવ્યા અનુસાર પેટમાં તીવ્ર દુખાવો ઉપડ્યા બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. દેશના દિગ્ગજ અભિનેતા રજનીકાંત (૭૩)ની તબિયત સોમવારે મોડી રાત્રે અચાનક બગડી હતી. જે બાદ તેને ચેન્નાઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.


# સ્વદેશ

09

FRIDAY, 04 OCTOBER, 2024


## એક દિવસમાં 200 જેટલી સિગારેટ પી જતા હતા અમિતાભ બચ્ચન



અમિતાભ બચ્ચન પોતાની સ્ટ્રિક્ટ લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે. તે હવે સ્મોક કરતો નથી અને દારૂ પણ પીતો નથી પરંતુ શું તમને ખબર છે કે એક સમય એવો હતો જ્યારે અમિતાભ એક દિવસમાં 200 સિગારેટ પી જતો હતો. એક જૂના ઇન્ટરવ્યૂમાં અમિતાભે આ વિશે વાત કરી હતી. અમિતાભે જણાવ્યું કે 'હુ નોનવેજ ખાતો નથી પરંતુ મારી પત્ની જયા ખાય છે.' 200 સિગારેટ પીતો હતો અમિતાભ અમિતાભે કહ્યું, 'હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી. આ કોઈ ધર્મના કારણે નહીં પરંતુ ટેસ્ટના કારણે છે. મારા પરિવારમાં મારા પિતા વેજિટેરિયન હતા અને મારી માતા નહીં. તેવી જ રીતે જયા નોનવેજ ખાય છે અને હુ નહીં. હુ પહેલા મીટ ખાતો હતો. ડ્રિન્ક અને સ્મોક પણ કરતો હતો પરંતુ હવે બધું છોડી દીધું છે.

## સેન્સર બોર્ડના સૂચનો અભિનેત્રી કંગનાએ સ્વીકાર્યાં



મુંબઈ : સેન્સર બોર્ડ દ્વારા સોમવારે બોમ્બે હાઈકોર્ટને જાણ કરવામાં આવી હતી કે 'ઇમરજન્સી' ફિલ્મની પ્રોડ્યુસર અને લીડ એક્ટર કંગના રણોત સેન્સર બોર્ડની રીવાઈઝિંગ કમિટી દ્વારા સૂચવાયેલા કટ્સ અને ફેરફાર કરવા માટે સંમત થઈ ગઈ છે. બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ બર્ગીસ કોલાબાવાલા અને ફિરદોશ પૂનીવાલા ફિલ્મના કૉ-પ્રોડ્યુસર ઝી સ્ટુડિયોઝ દ્વારા ફાઈલ કરેલી ફિલ્મ રિલીઝ સર્ટિફિકેટ મેળવવા માટે કરેલી પિટિશન પર સુનાવણી કરી રહ્યા હતા. આગળની સુનાવણીમાં સેન્સર બોર્ડના વકીલ ડૉ.અભિનવ ચંદ્રચુડે બેંચને જણાવ્યું હતું કે રીવિઝિંટિંગ કમિટીએ કેટલાંક કટ્સ સૂચવ્યા છે, જે પછી ફિલ્મ રિલીઝ કરી શકાશે. જેના પર ફિલ્મના પ્રોડ્યુસર્સે આ ફેરફાર કઈ રીતે કરવા તે વિચારવાનો સમય માગ્યો હતો.

# અનન્યા પાંડેના મતે ડીપફેક વીડિયો રોકવા સરકારી નીતિ આવશ્યક

## ડીપફેક એવી એક ડિજિટલ પદ્ધતિ છે, જેમાં યુઝર મૂળ વ્યક્તિને બદલે બીજા વ્યક્તિને એઆઈની મદદથી સહજ રીતે મુકી શકે છે



મુંબઈ : અનન્યા પાંડેએ એક રસપ્રદ ફિલ્મમાં કામ કર્યું છે,'સીટીઆરએલ'. આ ફિલ્મ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારીત છે. ત્યારે આઈફાની ગ્રીન કાર્પેટ વખતે અનન્યાએ આ સંદર્ભે તાજેતરમાં કહ્યું છે કે સરકારી વહીવટીતંત્રએ ટેક્નોલોજીનો દુરુપયોગ અટકાવવા માટે ચોક્કસ નીતિ ઘડવાની જરૂર છે. તાજેતરમાં જ આમિર ખાન, રણવીર સિંઘ, આલિયા ભટ્ટ અને રશ્મિકા મંદાના જેવા કલાકારો ડીપફેક વીડિયોનો શિકાર બની ચૂક્યા છે. આ સંદર્ભે અનન્યાએ કહ્યું,"આ બહુ ડરામણી સ્થિતિ છે. અમે લોકો પબ્લિક ફિગર છીએ તેથી અમારો અવાજ અને અમારા ચહેરાઓ દરેક સ્વરૂપે અનેક માધ્યમો પર ઉપલબ્ધ છે. મને ખ્યાલ નથી કે તેમાં અમે કઈ હદ સુધી બચી શકીએ તેમ છીએ. મને લાગે છે કે સરકારે કોઈ નીતિ ઘડવી જોઈએ, કદાચ હાલ એ એક જ રસ્તો છે." ડીપફેક એવી એક ડિજિટલ પદ્ધતિ છે, જેમાં યુઝર મૂળ વ્યક્તિને બદલે બીજા વ્યક્તિને એઆઈની મદદથી સહજ રીતે મુકી શકે છે. 'સીટીઆરએલ'ના ટ્રેલરમાં જોવા મળે છે કે અનન્યા એઆઈ એપ્લિકેશનને કહે છે કે તેના લવર જૉ (વિહાન સમ્રાટ)ને 'ઈરેઝ' કરવા કહે છે, કારણ કે તે જૉને ચીટિંગ કરતા પકડી પાડે છે. આ સાઈબર થ્રિલર ફિલ્મ ૪ ઓક્ટોબરથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. તે વિક્રમાદિત્ય મોટવાણે દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ વખતે અનન્યાએ બીજી વખત આઈફાના મંચ પરથી પરફોર્મન્સ આપ્યું હતું, તે અંગે તેણે કહ્યું હતું કે આ વખતે પહેલા વર્ષ કરતાં ઓછી નર્વસ હતી કારણ કે પહેલાં તેને થોડી નર્વસનેસ હતી પણ પછી તેને બહુ મજા પડી અને ફરી પર્ફોર્મ કરવાની ઈચ્છા થતી હતી.

## ગોવિંદાને પગમાં ભૂલથી ગોળી વાગવાની ઘટનામાં પોલીસને શંકા



ગોવિંદાથી ભૂલથી પોતાને પગમાં ગોળી વાગી ગઈ હતી. આ પછી ગોવિંદા સારવાર હેઠળ છે, જો કે, હાલ તેની તબિયત સારી છે. ગોવિંદાની પત્ની સુનીતા આહુજાનું કહેવું છે કે, ડોક્ટર ગોવિંદાને 2 થી 3 દિવસમાં ઘરે જવાની પરવાનગી આપશે. જો કે ડોક્ટરે 3-4 અઠવાડિયા આરામ કરવા કહ્યું છે. આ મામલે પોલીસ ગોવિંદાના પરિવાર સાથે વાત કરી રહી છે. જેમાં પોલીસે અભિનેતાની દીકરીનું નિવેદન પણ નોંધ્યું છે. પરંતુ પોલીસ ગોવિંદાએ આપેલા નિવેદનથી સંતુષ્ટ ન હોવાનું જાણવા મળ્યું છે. પોલીસનું માનવું છે કે, રિવોલ્વર પડ્યા પછી જમીનની સપાટી સ્તરે ફાયરિંગ થયું હોત. પરંતુ રિવોલ્વ ઊભી રહીને ઉપરની દિશા પર સીધુ ઘૂંટણ પર કેવી રીતે શૂટ કરી શકે છે?

# ડાન્સની ટીકા થતાં તૃપ્તિ ડિમરી નારાજ, બધાને બધું ન આવડે



મુંબઈ : તૃપ્તિ ડિમરીની આગામી ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'નું 'મેરે મહેબૂબ' સોંગ રીલીઝ થયા બાદ તેમાં તેના ડાન્સ સ્ટેપ્સની ભારે ટીકા થઈ છે. લોકો એમ કહી રહ્યા છે કે તૃપ્તિ આ પ્રકારના આઈટમ સોંગ્સ માટે યોગ્ય નથી અને તેણે આવાં સોંગ્સ નોરા ફતેહી કે તમન્ના ભાટિયા માટે જ છોડી દેવા જોઈએ. આ ટ્રોલિંગથી તૃપ્તિ ભારે નારાજ થઈ છે અને તેણે કહ્યું છે કે બધાને બધું આવડે એ જરૂરી નથી. પરંતુ, મારે એક્ટર તરીકે નવું નવું અજમાવતા તો રહેવુ જ પડે. તૃપ્તિએ કહ્યું હતું કે મને કોઈ શો ઓફર થાય તો મારે યોગ્ય રીતે સ્ટેજ વોક કરવાનું શીખવું પડે. એ રીતે મને ડાન્સ સોંગ કરવાનું કહેવામાં આવે તો મારે ડાન્સ પણ કરવો પડે. એક એક્ટર તરીક મારે સતત નવી ચીજો કરતા જ રહેવી પડે. બધાને બધું એકદમ પરફેક્ટ આવડે તે જરુરી નથી. ક્યારેક કોઈ સારું કામ કરે, ક્યારેક કોઈને કોઈ બાબત ન પણ ફાવે તે સ્વાભાવિક છે. તૃપ્તિએ કહ્યુ હતું કે મેં ભૂતકાળમાં ક્યારેય આ પ્રકારનાં ડાન્સ સોંગ કર્યાં નથી. આ મારો પહેલો અનુભવ હતો. તેના માટે આ પ્રકારનું ટ્રોલિંગ થશે તેની મને કલ્પના ન હતી. પરંતુ, કોઈ કશુંક નવું અજમાવે અને તે માટે ટ્રોલ થાય તેવું પહેલીવાર બન્યું નથી.

# કાજોલ- ક્રિતિની મિસ્ટ્રી થ્રિલર 'દો પત્તી'ની રિલીઝ ડેટ જાહેર

મુંબઈ : ક્રિતિ સેનન અને કાજોલ પહેલી વાર 'દો પત્તી'માં એક સાથે જોવા મળશે. આ એક મિસ્ટ્રી થ્રિલર ફિલ્મ છે, જેમાં ક્રિતિ ડબલ રોલમાં જોવા મળશે. આ ફિલ્મના મેકર્સ દ્વારા એક ખાસ વીડિયો બનાવવામાં આવ્યો છે, જેના દ્વારા આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. ૨૫ ઓક્ટોબરે 'દો પત્તી' નેટફ્લિક્સ પર રિલીઝ થવાની છે. સોમવારે નેટફ્લિક્સ ઈન્ડિયા દ્વારા એક પ્રમોશનલ વીડિયો શેર કરવામાં આવ્યો છે. આ શોર્ટ વીડિયોની શરૂઆત એક એવા સીનથી થાય છે, જ્યાં કાજોલ એક કેફેમાં બેસેલી હોય છે તે કેપેચિનો માંગે છે અને ત્યાં એને ક્રિતિ સેનન દેખાય છે. રસપ્રદ વાત એ છે કે આ ફિલ્મમાં કાજોલ એક પોલીસ ઓફિસરનો રોલ કરી રહી છે. તેમજ ક્રિતિ ડબલ રોલ કરી રહી છે. આ વીડિયોમાં ક્રિતિ




કાજોલની નજરમાંથી બચતી જોવા મળે છે, પણ કાજોલ ક્રિતિ સામે બંદૂક તાકે છે અને તેને પ્રશ્નો પૂછે છે.તેના જવાબમાં ક્રિતિ જણાવે છે કે તે જીમમાં હતી, પરંતુ કાજોલ તેની ઉલટતપાસ ચાલુ રાખે છે અને તેને યાદ કરાવે છે કે પાપરાઝીએ તેને અઢી વાગે એક સેલોનની બહાર કૅમેરામાં કેદ કરી હતી. વીડિયોના અંતે આદેશ આપતી હોય એમ ક્રિતિને સાચું રહસ્ય જાહેર કરવા કહે છે, જેના જવાબમાં ક્રિતિ ફિલ્મની રિલીઝ ડેટ એટલે કે ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ કહે છે. આ વીડિયો પોસ્ટ કરતા કૅપ્શનમાં લખવામાં આવ્યું હતું, 'અબ હોગા ખેલ શુરૂ, લેકિન ઈસ કહાની કે હૈ દો પહેલુ, દો પત્તી રિલીઝ થાય છે ૨૫ ઓક્ટોબરે માત્ર નેટફ્લિક્સ પર.' આ જાહેરાત થતાં જ કાજોલ અને ક્રિતિના ફેન્સ દ્વારા ઉત્સાહમાં પોસ્ટ પર અનેક કમેન્ટ કરવામાં આવી હતી. બે અલગ-અલગ પેઢીની એક્ટ્રેસના લીડ રોલ ધરાવતી આ ફિલ્મ શશાંક ચતુર્વેદી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે.



# ॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### નસરાલ્લાહને મોતને ઘાટ ઉતારી દેવાની ઘટનાથી છંછેડાયેલા ઈરાને મિસાઈલ વરસાવી

# ઈરાન-ઈઝરાયલ વચ્ચે સંઘર્ષ અને દુનિયામાં ઉચાટ

પ્રાસંગિક
ધવલ શુક્લ

ત્રણ દિવસ પહેલા ઈરાને ઈઝરાયેલ પર ધડાધડ સેંકડો મિશાઈલ છોડી દેતા આખી દુનિયામાં ઉચાટ ઉભો થયો હતો. વળી, લેબનોનમાં લડતા લડતા ઈઝરાયલના ૯ સૈનિકોના મોત નિપજતા ફરી એકવાર વિશ્વ યુદ્ધના ભણકારા સંભળાઈ રહ્યા છે. ઈરાન અત્યાર સુધી હમાસ અને હિઝબોલ્લાહ જેવાં સંગઠનોની મદદથી પ્રોકસી વોર લડતું હતું. પણ તેણે હવે ઈઝરાયેલ સામે સીધી લડાઈ શરૂ કરી છે. આ પહેલાં ગત શનિવારે ઈઝરાયેલનો હીઝબુલ્લાહના હેડક્વાર્ટર પર હુમલો કર્યો હતો. આ સાથે જ આખુ બેરૂત ધણધણી ઉઠ્યું હતુ. લેબનોન સરહદે ઈઝરાયલે ટેન્કો ગોઠવીને ગાઝા પટ્ટી પર 11ને ઠાર કર્યા હતા.

આ ઘટના બાદ પણ ઈઝરાયલે લેબનોનમાં એર સ્ટ્રાઈક કરીને હિઝબુલ્લાહનો વડો નસરાલ્લાહને મોતને ઘાટ ઉતારી દીધો હતો. જેને કારણે ઈરાને તેના સર્વોચ્ચ નેતા અલી ખામેનીને સલામત સ્થળે ખસેડવાની નોબત આવી હતી. ઈઝરાયલના હુમલામાં કમાન્ડર અલી કરાચી સહિત અન્ય કમાન્ડરોનો સફાયો કરવામાં ઈઝરાયલને સફળતા મળી હતી. જો કે, હુમલાને કારણે હિઝબુલ્લાહે ઈઝરાયલ વિરુદ્ધ અને પેલેનસ્ટાઈનના સમર્થનમાં યુદ્ધ ચાલુ રાખવાના સૌંગધ લઈ લીધા હતા. સાથે જ ઈરાને પણ ઓઆઈસી દેશોની બેઠક બોલાવી હતી.

હિઝબ્લ્લાના આક્રમક તેવર છતાં પણ ઈઝરાયેલા તરત જ લેબનોન પર હવાઈ હુમલા કરી દેતા દહિહામાં અનેક મિલકતોને નુકસાન થવા સાથે 33 લોકોના મોત નિપજ્યા હતા. જેને કારણે મધ્ય અને પૂર્વ એશિયાના દેશઓમાં તનાવની સ્થિતિ ઉભી થઈ હતી. ઈરાને પણ ઈઝરાયલને જવાબ આપવા મંગળવારે મોડી રાત્રે ૨૦૦થી વધુ મિસાઈલો છોડતા ઈઝરાયલને ભારે નુકસાન થયાના અહેવાલો હતા. જેમાં તેલ અવીવ અને ઈઝરાયેલના અન્ય વિસ્તારોમાં મિસાઈલો વરસાદની જેમ વરસી હતી. મંગળવાર રાતથી 24 કલાક સુધી કુલ ૭ અલગ અલગ ઈઝરાયેલી ગામો અને ૨૦ નાનાં શહેરો પર હુમલો કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલને પહેલેથી જ ખબર હતી કે, ઈરાન મિસાઈલથી હુમલો કરશે. ત્યારબાદ ઈઝરાયેલમાં અચાનક સુરક્ષા કેબિનેટની



બેઠક બોલાવવામાં આવી હતી. ઈઝરાયેલ એ જાણતું હતું કે ઈરાન બેલેસ્ટિક મિસાઈલોનો ઉપયોગ કરી શકે છે. આ મિસાઈલો એટલી ખતરનાક મનાય છે કે તે લોન્ચ થયાના ૧૨ મિનિટમાં જ ઈઝરાયેલ પહોંચી શકે છે. આ સમયે ઈરાનના મીડિયાએ તો દાવો કર્યો કે, ઈઝરાયેલ ઉપર હુમલો કરવા માટે પ્રથમ વખત હાઈપરસોનિક મિસાઈલનો ઉપયોગ કરાયો હતો. હુમલામાં ૯૦ ટકા મિસાઈલો ચોક્કસ રીતે નિશાના પર પહોંચી હતી. કરલામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ અનુસાર તેનું લક્ષ્યાંક ત્રણ ઈઝરાયેલી લશ્કરી થાણાં હતાં. તેણે ઈઝરાયેલના નેવાર્ટિમ એર બેઝને નિશાન બનાવવાનો દાવો પણ કર્યો છે. સાથે જ નેવાટીમ એરબેઝ પર મુકાયેલા ઓછામાં ઓછા ૨૦ F-30 ફાઈટર જેટનો સફાયો કરાયાનું પણ ઈરાનના મીડિયાના અહેવાલોમાં દર્શાવાયું હતુ. આ ઘટના બાદ ઈઝરાયલ ચોકક્સ અકળાયું હતુ. ઈઝરાયેલના સંરક્ષણ દળોનું કહેવું છે કે તેણે ઈરાનની મોટા ભાગની મિસાઈલોને નષ્ટ કરી દીધી છે. ઈરાનના હુમલાને નિષ્ફળ બનાવવામાં ઈઝરાયેલની આય ડૉમ ડિફેન્સ સિસ્ટમે સૌથી મોટી ભૂમિકા ભજવી હોવાનું પણ ઈઝરાયલે કહ્યું હતુ. ઈઝરાયલના જણાવ્યા મુજબ તેની પાસે એક એર ડિફેન્સ સિસ્ટમ છે. જે આયર્ન ડોમમાં ઈન્ટરસેપ્ટર લગાવવામાં આવ્યાં છે, જે શોધી કાઢે છે કે મિસાઈલ કે રોકેટ કયા વિસ્તારમાં પડવાનું છે. પછી તેઓ તેને હવામાં અટકાવીને તેનો નાશ કરે છે. ઈઝરાયેલ પર ઈરાન દ્વારા થયેલા આ ખતરનાક હુમલા બાદ તે ઈરાનને છોડશે નહીં તેમ મનાતુ અને આખી દુનિયામાં ઉચાટ ફેલાયો હતો.

ઈરાનના હુમલા બાદ પણ હિઝબુલ્લાહ વિરુદ્ધ ઈઝરાયેલની કાર્યવાહી અટકી ન હતી. ઈઝરાયેલે ગુરુવારે ફરી લેબેનોનની રાજધાની બેરુતમાં ભયાનક હુમલો કર્યો હતો. આ હુમલામાં હિઝબુલ્લાહના 15 લડાકુઓ સહિત બે લોકોના મોત થયા છે, જ્યારે 14ને ઈજા થઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઈઝરાયલી સેનાએ બેરૂતમાં ત્રણ સ્થળોએ હવાઈ હુમલાઓ કર્યા હોવાની વિગતો સામે આવી છે.

ઈઝરાયલી સેનાએ ઉત્તરીય લેબેનોન સ્થિત બેરૂતના ઉત્તરપૂર્વના કેસરવાન જિલ્લામાં આવેલા અલ-માયસરા શહેરને નિશાન બનાવ્યું છે. અહીં ઈઝરાયેલી સેના અને હિઝબુલ્લાહના લડાકુઓ વચ્ચે સામસામે હુમલાઓ થઈ રહ્યા છે. બીજીતરફ લેબેનીઝ અધિકારીએ કહ્યું કે, ઈઝરાયેલી સેનાએ બેરુતના મધ્ય ડાઉનટાઉન જિલ્લામાં એરસ્ટ્રાઈક કરી છે, જેમાં ઓછામાં ઓછા છ લોકોના મોત અને સાત લોકો ઈજાગ્રસ્ત થયા છે.

હકીકતમાં ઈઝરાયેલ પાસે હવાઈ સંરક્ષણ માટે મોટી વ્યવસ્થા છે. જેમાંથી સૌથી પ્રખ્યાત આયર્ન ડોમ છે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિર્ડન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ઈરાનના ઈઝરાયેલ પરના મિસાઈલ હુમલા પર પ્રતિક્રિયા આપી છે. રાષ્ટ્રપતિ બિડેને કહ્યું કે અમેરિકા સંપૂર્ણપણે ઈઝરાયેલને સમર્થન આપે છે. તેમના નિર્દેશો પર અમેરિકી સૌ હુમલા દરમિયાન ઈઝરાયેલને સક્રિય રીતે મદદ કરી હતી. કમલા હેરિસે કહ્યું છે કે ઈરાની મિસાઈલોને તોડી પાડવામાં અમેરિકાએ જે રીતે ઈઝરાયલની મદદ કરી તેને યોગ્ય ગણાવ્યું હતુ.

ઈરાકના પીપુલર મોબિલાઈઝેશન યૂનિટ્સના એક વરિષ્ઠ અધિકારીએ ધમકી ઉચ્ચારતા કહ્યું છે કે, 'જો યુદ્ધ થશે તો મધ્યપૂર્વમાંથી ગેસ કે ક્રૂડ ઓઈલનું એક ટીપું બહાર નહીં જવા દઈએ. યુરોપે પણ શિયાળો નજીક હોવાથી આ બાબત પર ધ્યાન આપવાની જરૂર છે.' પીએમયુ શિયા મુસ્લિમોની પેરામિલ્ટ્રી ગ્રૂપનું એક જૂથ છે. પીએમયુની સૌથી ચોંકાવનારી વાત એ છે કે, આ જૂથ ઈસ્લામિક સ્ટેટ વિરુદ્ધની લડાઈમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી ચુક્યું છે. પીએમયુના અનેક રાજકીય જૂથો સાથે સંબંધો છે. ક્રૂડ ઓઈલ અને ગેસની નિકાસ અટકાવવાની ધમકીથી સ્પષ્ટ છે કે, ભૌગોલિક સંઘર્ષોના કારણે આંતરરાષ્ટ્રીય ઉર્જા બજાર કેટલાક સંવેદનશીલ હોય છે. યુરોપ પહેલેથી જ ઉર્જાની અછત સામે ઝઝુમી રહ્યું છે.

જો મધ્ય પૂર્વથી ક્રૂડ અને ગેસનો પુરવઠો બંધ કરવામાં આવશે તો યુરોપમાં ગંભીર સંકત ઉભી થઈ શકે છે. નિષ્ણાતો મુજબ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષની સીધી અસર ભારતીય નિકાસકારો પર પડી શકે છે. ઈઝરાયલે ગાઝા પટ્ટીમાં હમાસ, લેબનોનમાં હિઝબુલ્લાહ અને યમનમાં હુથી બળવાખોરો સામે લડી રહ્યું છે. આ યુદ્ધમાં ઈઝરાયલના સાથી દેશોમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જોર્ડન, સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ. છે. જયારે ઈરાનને સીરિયા, પેલેસ્ટાઈન, લેબેનોન જેવા દેશોનો ટેકો છે. ઈરાક અને યમનના ઉગ્રવાદી સમૂહો પણ ઈરાનને પક્ષે છે. છેલ્લાં એક અઠવાયિાથી ચાલી રહેલા સંઘર્ષમાં પણ અમેરિકા ઈઝરાયલની તરફેણમાં ખુલ્લેઆમ મેદાને આવી ગયું છે. ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. જેના પડઘા હવે વિશ્વમાં પડે તો નવાઈ નહીં હોય.

**ઈરાને સૌપ્રથમ વખત હાઈપરસોનિક મિશાઈલનો ઉપયોગ કરીને ત્રણ ઈઝરાયેલી લશ્કરી થાણાંને નષ્ટ કર્યાનો ખોંખારો ખાધો, જે બાદ ઈઝરાયલે મિશાઈલોને નષ્ટ કર્યાનો દાવો કર્યો, હવે અમેરિકા પણ કુદી પડ્યું અને તેણે ખુલ્લેઆમ ઈઝરાયલને સમર્થનની જાહેરાત કરી**







# ન્યૂયોર્કમાં BAPS મંદિરની 50મી સાલગીરીની ઉજવણી

## ઇન્ટરેક્ટિવ એક્ઝિબિશનમાં બીએપીએસનો ઇતિહાસ અને છેલ્લાં પાંચ દાયકાના યોગદાનને દર્શાવાયુ, દેશભરમાંથી હજારો મુલાકાતીઓ આવ્યા

ન્યુ યોર્ક : ન્યુયોર્કમાં એનવાય ૧૯૭૪માં ઉત્તર અમેરિકામાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના પ્રથમ મંદિરનું ઉદઘાટન પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્ષે તેની ૫૦મી વર્ષગાંઠ આવતાં બીએપીએસ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ઉજવણી બે સપ્તાહ સુધી ચાલી હતી. અને દેશભરમાંથી હજારો મુલાકાતીઓ આવ્યા હતા. આ ઈવેન્ટમાં બીએપીએસની નોંધપાત્ર સિદ્ધિને પ્રકાશિત કરવામાં આવી હતી. સમગ્ર ઉત્તર અમેરિકામાં ૧૧૫થી વધુ મંદિરો સાથે યુનાઈટેડ સ્ટેટ્સમાં બીએપીએસ એક અગ્રણી હિન્દુ સંગઠન તરીકે વિકસ્યું છે. ઈન્ટરેક્ટિવ એક્ઝિબિશનમાં બીએપીએસના ઈતિહાસ અને છેલ્લાં પાંચ દાયકાના યોગદાનને દર્શાવવામાં આવ્યું હતું. આ માઈલસ્ટોનને માન આપીને કોંગ્રેસમેન ટોમ સુઓઝી (ર્ડી-૩) એ તેમની પ્રશંસા શેર કરતાં કહ્યું કે, બીએપીએસની સિદ્ધિ નોંધપાત્ર છે. કોંગ્રેસમેન સુઓઝીએ સંસ્થાને બીએપીએસની ૫૦ વર્ષની સેવા અને સમર્પણના સન્માનમાં યુ.એસ. કેપિટોલ ધ્વજ સાથે રજૂ કરી હતી. ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ ક્રિષ્ના કોન્શિયસનેસના ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું હતુ કે, બીએપીએસ એ એક ઉદાહરણ છે કે, સમાજ કેવી રીતે એક સાથે રહી શકે છે અને એક પ્રેમાળ, મૈત્રીપૂર્ણ રીતે સાથે સેવા કરી શકે છે.

ન્યૂયોર્કમાં ભારતના કોન્સલ જનરલ બિનયા શ્રીકાંત પ્રધાન, ડો.વરુણ જેફ, ડેપ્યુટી કોન્સલ જનરલ, કોંગ્રેસમેન ટોમ સુઓઝી, ન્યૂયોર્ક સ્ટેટ એસેમ્બલીમેન એડવર્ડ બ્રાઉનસ્ટીન અને રોન કિમ, સ્ટેટ સેનેટર જ્હોન લિયુ અને ક્વીન્સ બરોના પ્રમુખ ડોનોવન હાજર રહ્યા હતા. ઉપરાંત રિચર્ડ્સ જુનિયર, ધાર્મિક અને સમુદાયના નેતાઓ, જેમાં ઈસ્કોન ટેમ્પલ બ્રુકલિનના જગન્નાથ રાવ, બ્રહ્મા કુમારીઝ તરફથી સિસ્ટર બીકે ટીના અને શિવ આચાર્યએ પણ મુલાકાત લીધી હતી.

સેનેટર જ્હોન લિયુએ આ ક્ષણના મહત્વ પર પ્રતિબિંબિત કરતા જણાવ્યું હતું કે, આ વર્ષે ફ્લશિંગમાં બીએપીએસ મંદિરની ૫૦મી વર્ષગાંઠ છે, જે મંદિર અને અમારા સમુદાય માટે એક ઐતિહાસિક સીમાચિહનરૂપ છે. એસેમ્બલી મેમ્બર રોઝિકે ઉમેર્યું કે, બીએપીએસ મંદિરને તેમની ૫૦મી વર્ષગાંઠ પર માન્યતા આપવી એ સન્માનની વાત છે. ૫૦ વર્ષથી આ મંદિર પૂજા, સાંસ્કૃતિક વારસો અને સામુદાયિક સેવા માટેનું કેન્દ્ર રહ્યું છે.









# બ્રામ્પ્ટનમાં મહારાજા રણજીત સિંહની પ્રતિમા સાથે ચેંડા : કોઈકે પેલેસ્ટાઈનનો ધ્વજ લગાવ્યો

## વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયામાં ભારે ગરમાવો

બ્રામ્પટન - કેનેડાના બ્રામ્પટન પ્રાંતમાં મહારાજા રણજીત સિંહની પ્રતિમા સાથે કેટલાક પેલેસ્ટિનિયન બદમાશો દ્વારા છેડછાડ કરાઈ હતી. આરોપીઓએ મહારાજા રણજીત સિંહની પ્રતિમા પર પેલેસ્ટાઈનનો ધ્વજ પણ લગાવ્યો હતો. આ વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયામાં ભારે ગરમાવો આવી ગયો હતો. આ વીડિયો કેનેડિયન પત્રકારે શેર કર્યો છે. પત્રકારે આ કૃત્ય કરનારા બદમાશોને જેહાદી કહીને સંબોધ્યા છે.

વાઈરલ થઈ રહેલો વીડિયો લગભગ 37 સેકન્ડનો છે. જેમાં મહારાજા રણજીત સિંહની પ્રતિમાની નીચે ઉભેલા બે યુવકો તેમના ઘોડા પર પેલેસ્ટાઈનનો ધ્વજ લગાવી રહ્યા છે. બંને યુવકોએ મોઢા ઢાંકેલા હતા અને નીચે કેટલાય લોકો ઉભા હતા. તેમજ મહારાજા રણજીત સિંહના ઘોડા પર એક વ્યક્તિ કપડું બાંધતો જોવા મળ્યો હતો. ઘણા લોકોએ સમગ્ર ઘટનાનો વીડિયો પણ બનાવ્યો છે. સમગ્ર મામલાની જાણ કેનેડાની પીલ પોલીસને કરવામાં આવી છે. મહારાજા રણજીત સિંહ ભારતીય અને શીખ ઈતિહાસનો એક મહાન ચહેરો છે. મહારાજા રણજીત સિંહનો જન્મ 13 નવેમ્બર 1780ના રોજ પંજાબના ગુજરાનવાલામાં (હાલ ગુજરાનવાલા પાકિસ્તાનમાં છે)માં થયો હતો. જ્યારે મહારાજા રણજીત સિંહ માત્ર 10 વર્ષના હતા, ત્યારે તેમણે તેમનું પ્રથમ યુદ્ધ લડ્યું હતું. માત્ર 12 વર્ષની ઉંમરે તેમણે સિંહાસન સંભાળ્યું અને 18 વર્ષની ઉંમરે લાહોર જીતી લીધું. 1802માં તેમના રાજ્યાભિષેક પછી, તેમણે અમૃતસરને તેમના સામ્રાજ્યમાં જોડ્યું અને 1807માં અફઘાન શાસક કુતુબુદ્દીનને હરાવીને કસુર પર પણ કબજો કર્યો હતો.

# બિલી બિશપ ટોરોન્ટો સિટી એરપોર્ટ પર રન-વેનું વિસ્તરણ કરવાની યોજના અમલમાં મૂકાશે

ટોરોન્ટો : સિટી કાઉન્સિલની સમિતિએ નવી ફેડરલ એરપોર્ટ સુરક્ષા જરૂરિયાતના પ્રતિભાવમાં બિલી બિશપ ટોરોન્ટો સિટીએ એરપોર્ટ ઉપર રન વે લંબાવવા માટે "સૌથી ઝડપી સલામત વિકલ્પને મંજૂરી આપી છે. મંગળવારે તેની બેઠકમાં ટોરોન્ટોના મેયર ઓલિવિયા ચાઉની એક્ઝિક્યુટિવ કમિટીએ રનવે એન્ડ સેફ્ટી એરિયા તરીકે ઓળખાતી જરૂરિયાતને પહોંચી વળવા ત્રણમાંથી એક વિકલ્પને મંજૂરી આપી હતી. સિટી સ્ટાફના કહેવા પ્રમાણે રનવે એન્ડ સેફ્ટી એરિયાનો ઈરાદો છે, જે રનવેના અંતથી આગળ ગ્રાઉન્ડ લેવલ લેન્ડ છે, જો તે રનવેને ઓવરશૂટ અથવા ઓવર રન કરવા માટે હોય તો એક એરક્રાફ્ટને થતા નુકસાનની ગંભીરતામાં ઘટાડો કરવાનો છે. આ મુદ્દો અંતિમ મંજૂરી માટે 9 ઓક્ટોબરે કાઉન્સિલમાં જશે. મંજૂર કરાયેલા વિકલ્પમાં $ 61 મિલિયનથી $ 64 મિલિયનના ખર્ચે નિયમનકારી જરૂરિયાતને પહોંચી વળવા માટે "લઘુત્તમ લેન્ડમાસ"નો સમાવેશ થશે. આ રકમ પોર્ટ્સ ટોરોન્ટો દ્વારા ચૂકવવામાં આવશે, જે એરપોર્ટની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે. ચાઉએ જણાવ્યું હતું કે શહેરના સ્ટાફે એવા વિકલ્પની ભલામણ કરી છે જે ઝડપથી અમલમાં મૂકવા માટે પગલા લેવાશે.

# રાજયોગ ફેઉંડેશનના સભ્યોએ એજેક્સના ગરબામાં ભાગ લીધો




**એજેક્સ**

રાજયોગ ફઉન્ડેશનના સભ્યોએ તાજેતરમાં પિકરિંગ હાઈસ્કૂલ, એજેક્સ ખાતે લ્યુમિનસ ઈવેન્ટ્સ દ્વારા આયોજિત બોલિવૂડ ગરબામાં ભાગ લીધો હતો. જેમાં સહભાગીઓને આઠ શક્તિઓ વિષે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

નવરાત્રી એ જગત માતાઓના નવ સ્વરૂપોની ઉજવણી છે. પ્રથમ સ્વરૂપે જગત અંબા શાંતિ અને સુખ આપે છે, બીજા સ્વરૂપે માતા દુર્ગા તમામ દુર્ગુણોનો નાશ કરે છે, ત્રીજા સ્વરૂપે માં લક્ષ્મી અમર્યાદિત સમૃદ્ધિ આપે છે, ચોથા સ્વરૂપે માતા સરસ્વતી અજ્ઞાનતાના અંધકારમાંથી ઉજાગર કરે છે, પાંચમા સ્વરૂપે માં કાલી આસુરી નકારાત્મકતાના કલંકને દૂર કરે છે, છઠ્ઠા સ્વરૂપે માતા વૈષ્ણવ દેવી દિવ્યતા આપે છે. સાતમાં સ્વરૂપે માં ઉમા ઉમંગ અને ઉત્સાહ પ્રદાન કરે છે, આઠમાં સ્વરૂપે માતા ગાયત્રી બધાને સુખ આપે છે અને નવમાં સ્વરૂપે માં સંતોષી સંપૂર્ણ સંતોષ આપે છે.

# નવરાત્રીમાં ડિફરન્ટ લુક આપતી સ્ટાઈલિશ જ્વેલરી

**2024ની નવરાત્રિનો પણ આરંભ થઈ ચૂક્યો છે. ટાઇટ શિડ્યુલ વચ્ચે ગરબામાં ચણિયાચોળી સાથે મેચ થાય એવી લેટેસ્ટ અને સ્ટાઇલિસ જ્વેલરી પહેરવાનો આપણે આગ્રહ રાખીએ છીએ. આ વખતે બજારમાં નવરાત્રીને લઇને જાતજાતની અને ભાતભાતની લાઇટ વેઇટ જ્વેલરી ટ્રેન્ડમાં છે, જે અંગે આપણે વાત કરીએ.**

## અફઘાની જ્વેલરી



અફઘાની જ્વેલરી યુવતીઓમાં હોટ ફેવરિટ રહી છે. એમાંય આ વખતે અફઘાની મિરર જ્વેલરી ટ્રેન્ડમાં છે. એમાં કલરફુલ મિરરનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે દરેક પ્રકારના ચણિયાચોળી સાથે સરળતાથી મેચ થઇ જાય છે. કલરફુલ મિરરવાળી જ્વેલરી જેમને ન પહેરવી હોય એમના માટે ડબલ કલર મિરર પણ અવેલેબલ છે.

## બોહો જ્વેલરી



બોહો જ્વેલરી ઓક્સોડાઇઝડ જ્વેલરી જેવી જ હોય છે. ગરબા ઉપરાંત અન્ય પ્રસંગોમાં મિક્સ મેચ કરીને યુવતીઓ પહેરતી હોય છે. નવરાત્રીમાં બોહો પેટર્ન જ્વેલરી કોલેજ ગોઈંગ ગર્લ્સ અને યુવતીઓની ફેવરિટ છે. ડિઝાઇન સ્ટાઇલિસ અને ફેન્સી હોવાથી આખું ગળું ભરેલું ભરેલું લાગે છે અને બધા કરતાં અલગ લુક આપે છે.



## કોડી જ્વેલરી

કોડી વર્ક આ વખતે ચણિયાચોળીમાં ફરી ઇન ટ્રેન્ડ છે, ત્યારે તેની સાથે મેચ થાય એવી કોડી જ્વેલરી યુવતીઓ પહેરવાનું પસંદ કરી રહી છે. કોડીમાં ચંકી ચોકર પસંદ કરો કે લેયર્ડ ડિઝાઇન, કોડી હાર તમારા પહેરવેશને સ્ટાઇલિશ વાઇબ આપે છે. કોડી વર્ક કર્યું હોય એવી જ ચણિયાચોળી સાથે કોડી જ્વેલરી સૂટ થાય છે એવું નથી, મિરર વર્ક અને હેન્ડ વર્કવાળી ચણિયાચોળી સાથે પણ કોડી વર્કની ચણિયાચોળી આકર્ષક લાગે છે. શાહી લુક માટે કોડી માંગ ટીકો તમે પહેરી શકો. માંગ ટીકો બોલ્ડ સ્ટેટમેન્ટ બનાવવા માટે સાધારણ ડિઝાઇનવાળો પસંદ કરો, જે મિનિમલિસ્ટ પરંતુ એલિગન્ટ ઇફેક્ટ આપે છે. કોડી કંગન, એરિંગ્સ અને કમરબંધનો ઉપયોગ પણ કરી શકો છો. હવે તો કોડીની પાયલ પણ અવેલેબલ છે એટલે સંપૂર્ણપણે તમે કોડી જ્વેલરીને કેરી કરી યુનિક લુક મેળવી શકો છો.

## ઓક્સોડાઇઝ જ્વેલરી



નવરાત્રીમાં ચણિયાચોળી અને ઓક્સોડાઇઝ જ્વેલરી જાણે એકબીજા સાથે વણાઇ ગઇ છે. એમાં સિલ્વર અને બ્લેક મેટલ ટ્રેન્ડમાં છે. ઓક્સોડાઇઝ જ્વેલરીમાં લોંગ એરિંગ્સથી લઇને, સ્ટડ એરિંગ્સ, વિવિધ પ્રકારના નેકલેસ, માંગ ટીકો, બંધેજ, હાથનાં કડાં, બેંગલ્સ, પગના પાયલથી લઇને નોઝ રિંગ, ફિંગર રિંગ્સ આમ પગથી લઇને માથા સુધીની તમામ જ્વેલરી સરળતાથી ઉપલબ્ધ છે.

## હોમમેડ જ્વેલરી



હાથથી બનાવવામાં આવતી હોમમેડ જ્વેલરી હોટ ફેવરિટ છે. હોમમેડ જ્વેલરી કપડામાંથી બનાવવામાં આવે છે. એને બનાવવા મીરર, કોડી, સ્ટોન, રંગબેરંગી કપડાં અથવા હોમમેડ નાનાં નાનાં ફૂલોથી તેને ડિઝાઇન કરવામાં આવે છે. એમાં એરિંગ્સથી લઇને નેકલેસ, કંદોરો, બ્રેસલેટ વગેરે સરળતાથી મળી જાય છે.










# દંપતીને કેનેડા મોકલી ૨૫ હજાર ડોલરની માંગ

## પોતે કેનેડિયન પાસપોર્ટ ધરાવતો હોવાનું કહી PRનો ઝાંસો અપાયો

**અમદાવાદ**

અમદાવાદના એસજી હાઈવે પર આર્શીવાદ પારસ-૧માં આવેલા પેસેફીક રીલોકેશન સર્વિસના નિતિન પાટીલ વિરૂદ્ધ સ્કીલ બેઝ્ડ વિઝાના આધારે કેનેડામાં ગયેલા એક દંપતિએ ન્યાય માટે રાજ્યના ગૃહવિભાગ, ડીજીપી અને પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી છે. આ સમગ્ર બનાવની વિગતો એવી છે કે હાલ કેનેડામાં રહેતા રહેતા અશ્વિન વાણંદ નામના વ્યક્તિને કેનેડામાં સલૂનના કામ માટે સ્કીલ બેઝ્ડ વિઝા લઈે ગયા બાદ પત્ની સાથે કાયમ સ્થાયી થવાની ઈચ્છા હતી. જેથી તેમણે પેસેફીક રિલોકેશન સર્વિસની ઓફિસ પર નિતીન પાટીલને સંપર્ક કર્યો હતો. તેણે જણાવ્યું હતુ કે તે પોતાને કેનેડીયન પાસપોર્ટ ધરાવે છે અને ત્યાં પીઆર અપાવી દેશે. જેથી અશ્વિનભાઈને વિશ્વાસ આવ્યો હતો અને તેમણે નિતીન સાથે ૩૦.૨૫ લાખમાં ડીલ નક્કી કરી હતી અને કેનેડાના વિઝા અપાવ્યા હતા. ત્યારબાદ ઉપરની પ્રોસેસ માટે નવ લાખની માંગણી કરી હતી. જે ડીલ મુજબ નહોતા. પરંતુ, નિતીને કહ્યુ હતું કે જો નાણાં નહી મળે તો વિઝાનું કામ અટકી જશે. જેથી અશ્વિનભાઈએ ચાર લાખ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ તે કેનેડા આવી ગયા હતા. જ્યાં અશ્વિનને સલૂનનું કાયદેસરનું કામ અપાવ્યું હતુ અને તેમના પત્નીને નિતિને અન્ય સલૂમમાં કામ અપાવવાનું કહ્યું હતું. પરંતુ, લાંબા સમયથી સુધી પીઆરને લગતી કામગીરી થતી ન હોવાથી અશ્વિનભાઈએ નિતિન સંપર્ક કરતા તેણે ખોટી ખાતરી આપીને વધુ સમય રાહ જોવાનું કહ્યું હતું. જે સમય વિતી ગયા બાદ પણ પીઆરની કામગીરી ન થતા ફરીથી નિતિનનો સપર્ક કરતા તેણે ધમકી આપીને અશ્વિનભાઈને જોબમાંથી છુટા કરાવી દીધા હતા અને ફરીથી નોકરી તેમજ પીઆરની કામગીરી માટે ૨૫ હજાર કેનેડીયન ડોલરની માંગણી કરી હતી. સાથે સાથે કહ્યું હતું કે જો કેનેડીયન ડોલર નહી મળે તો જોબ પણ સેટ નહી થાય. આમ, અમદાવાદથી કેનેડામાં સેટ થવાની આશા સાથે ગયેલું દંપતિ હાલ કેનેડામાં ફસાઈ ગયું છે અને ગુજરાન ચલાવવા માટે ત્યાં છુટક મજુરી જેવું કામ કરવાનો વારો આવ્યો છે. છેતરાયાનો અહેસાસ થતા દંપતિએ કેનેડા પોલીસનો સંપર્ક કર્યો હતો. પંરતુ, તેમના દ્વારા કોઈ પ્રતિભાવ ન મળતા છેવટે રાજ્યના ગૃહવિભાગને તપાસ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.

CLASSIFIED
ક્લાસીફાઈડ

REQUIRED NANNY
Looking for a live in Nanny for house work in Nobleton, King City
Contact : 905-781-2645

## દેવરાસણમાં પ્રેમી સાથે મળીને પત્ની દ્વારા જ પતિની હત્યાનો ઘટસ્ફોટ

મહેસાણા : દેવરાસણ હત્યા કેસમાં મૃતકની સગીર પત્નીએ પતિની હત્યા તેણે જ કરી હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી. યુવકનાં લગ્ન છ મહિના પહેલાં ગોઝારિયા પંથકના એક ગામની ૧૭ વર્ષિય સગીરા સાથે થયાં હતાં. જે સગીરાને કડી તાલુકાના જયેશજી ઠાકોર સાથે લાંબા સમયથી પ્રેમસંબંધ હતા અને લગ્નના પાંચેક દિવસ પહેલાં તેણી પ્રેમી સાથે ઘરેથી ભાગી ગઈ હતી. પરિવારજનો તેને શોધી લાવ્યા હતા અને મૃતક યુવક સાથે લગ્ન કરાવી દીધાં હતાં જોકે, પતિ-પત્ની વચ્ચે મનમેળ નહોતો. હત્યા કેસની તપાસમાં પોલીસે ચાંદરડાના જયેશજી જયંતીજી ઠાકોરની પણ ધરપકડ કરી હતી અને સઘન પૂછપરછ કરતાં હત્યાનો ભેદ ઉકેલાયો હતો. આરોપીઓએ કરેલી કબૂલાત મુજબ, મરજી વિરુદ્ધ લગ્ન થયેલાં હોઈ પતિ-પત્ની વચ્ચે મનમેળ નહોતો અને મંગળવારે બંને બાઈક લઈને પાલોદર ગામે દર્શન કરવા આવ્યા હતા. એક દિવસ અગાઉ સગીરાએ પ્રેમી જયેશજીને જાણ કરેલી હોવાથી તે પણ પાલોદર આવતાં મંદિરમાં પતિ તેને જોઈ જતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જેથી આગળ જઈને ચર્ચા કરીએ તેમ કહીં ત્યાંથી નીકળીને તેઓ ખેરવા ગામે સગીરાના સંબંધીના ઘરે જતાં હતાં ત્યારે દેવરાસણ કેનાલ નજીક રોકાયાં હતાં. અહીં વાતચીત દરમિયાન ઝગડો થતાં જયેશજી સાથે છરો લઈને જ આવેલો હોઈ સગીરા અને પ્રેમી જયેશજીએ યુવકને છરાના ઘા ઝીંકી દીધા હતા.

## ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે મુખ્યમંત્રીનો નિર્ણય, 245 કરોડના ખર્ચે કરાશે કામગીરી

**અમદાવાદ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગો પરના સાંકડા પુલ-સ્ટ્રક્ચર્સને પહોળા કરી ટ્રાફિક જામ થવાની સમસ્યામાંથી મુક્તિ માટેનો મહત્ત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. રાજ્યમાં 20 જેટલા માર્ગો-રસ્તાઓ પર રોડની સાપેક્ષમાં સાંકડા હોય તેવા 41 હયાત પુલ અને સ્ટ્રક્ચર્સ પહોળા કરવાની કામગીરી માટે મુખ્યમંત્રીએ 245.30 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સાંકડા પુલ અને સ્ટ્રક્ચર્સને રસ્તાઓની પહોળાઈને અનુરૂપ પહોળા કરવાની કામગીરી હાથ ધરશે. રાજ્યમાં કુલ મળીને એવા 41 પુલો કે સ્ટ્રક્ચર્સ છે જેની પહોળાઈ રસ્તાઓની પહોળાઈ કરતા સાંકડી છે. આના પરિણામે આવા પુલો-સ્ટ્રકચર્સ પર ટ્રાફિક જામ થવાની સમસ્યા ઊભી થાય છે.

## NEET સ્ટુડન્ટ્સ માટે ગૂડ ન્યૂઝ, રાજ્યમાં 7 નવી મેડિકલ કોલેજ શરૂ કરવા તૈયારી

**અમદાવાદ**

રાજ્ય સરકારે બ્રાઉન ફિલ્ડ મેડીકલ કોલેજની નીતિમાં ફેરફાર કરતાં વધુ સાત જિલ્લામાં નવી મેડીકલ કોલેજો ખોલવાના દરવાજા ખૂલ્યા છે. હાલ જૂની નીતિ અંતર્ગત કુલ પાંચ જિલ્લામાં બ્રાઉન ફિલ્ડ મેડીકલ કોલેજો કાર્યરત છે. નીતિમાં સુધારા-વધારા થતાં આ નવી તકો સર્જાઈ છે.આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે 2016માં રાજ્યની જિલ્લાસ્તરની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરીને જે તે જિલ્લામાં હોસ્પિટલ સંલગ્ન મેડીકલ કોલેજ ખોલવા અંગેની નીતિ બનાવવામાં આવી હતી. જેના ભાગરૂપે રાજ્યમાં હાલ બનાસકાંઠા, પાલનપુર, અમરેલી, દાહોદ, ભરૂચ અને તાપી-વ્યારા એમ પાંચ જિલ્લા ખાતે બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજ કાર્યરત છે. હવે બ્રાઉન ફીલ્ડ નીતિમાં સુધારો થવાથી બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગીર સોમનાથ, ખેડા-નડિયાદ, છોટાઉદેપુર, મહિસાગર-લુણાવાડા અને ડાંગ-આહવા એમ કુલ સાત જિલ્લામાં બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજ શરૂ કરવામાં આવશે.

હોસ્પિટલ ખાતેની બ્લડ બેંક બ્રાઉન ફીલ્ડ મેડીકલ કૉલેજ બનાવ્યા પછી પણ ફરજિયાત ચાલુ રાખવાની રહેશે.

## કેન્દ્ર સરકારે પૂરગ્રસ્ત ગુજરાત સહિત 3 રાજ્યોને આપ્યું મોટું રાહત પેકેજ, ગુજરાતને 600 કરોડ

### કેન્દ્ર સરકારની ટીમે કરેલા સરવેમાં રાજ્યમાં 900 કરોડનું નુકસાન અંદાજાયું હતું

**અમદાવાદ**

કેન્દ્ર સરકાર દ્વારા પૂર અસરગ્રસ્ત ગુજરાત સહિત ત્રણ રાજ્યો માટે સહાયની જાહેરાત કરવામાં આવી છે. જેમાં કેન્દ્ર સરકારે ગુજરાતને 600 કરોડની સહાયની જાહેરાત કરી છે.

દેશભરમાં ભારેથી અતિભારે વરસાદને પગલે ગુજરાત સહિત કેટલાક રાજ્યોમાં પૂર આવ્યું અને તેનાથી અનેક લોકો પ્રભાવિત હતા. ત્યારે કેન્દ્ર સરકારે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ(NDRF)માંથી પૂર અસરગ્રસ્ત ગુજરાત, મણિપુર અને ત્રિપુરા માટે 675 કરોડ રૂપિયા સહાયની જાહેરાત કરી છે. જેમાં ગુજરાતને 600 કરોડ, મણિપુરને 50 કરોડ અને ત્રિપુરાને 25 કરોડ રૂપિયાની સહાય કરાશે.

ઈન્ટર-મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમો(IMCTs)ને પૂર અસરગ્રસ્ત ગુજરાત, આસામ, કેરળ, મિઝોરમ, નાગાલૅન્ડ, ત્રિપુરા, તેલંગાણા, મણિપુર, આંધ્ર પ્રદેશ સહિતના રાજ્યોમાં અતિભારે વરસાદને કારણે થયેલા નુકસાનનું મુલ્યાંકન કરવા માટે નિયુક્ત કરાઈ હતી. આ ટીમ દ્વારા સ્થળ પરીક્ષણ અને સર્વેની કામગીરી માટે પૂર અસરગ્રસ્ત રાજ્યોના અલગ-અલગ વિસ્તારોની મુલાકાત લેવામાં આવી હતી. ગુજરાતમાં કેન્દ્રની ટીમ 15 સપ્ટેમ્બરથી ત્રણ દિવસની મુલાકાતે હતી. રાજ્યના પૂર અસરગ્રસ્ત વડોદરા સહિતના 14 જિલ્લામાં નુકસાનીનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં 900 કરોડનું નુકસાન થયું હોવાનું રાજ્ય દ્વારા ટીમને જણાવાયું હતું.

## ડિજિટલ ગુજરાત : ૮૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોને મળ્યું હાઈસ્પીડ ઇન્ટરનેટ

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે 'ભારતનેટ ફેઝ-૨' અંતર્ગત ૮,૦૩૬ ગ્રામ પંચાયતોમાં ૧૦૦ Mbps સુધીનું હાઈસ્પીડ નેટવર્ક સ્થાપિત કર્યું છે અને ગ્રામ પંચાયત દીઠ ૧૨ ફાઈબરનું પ્રાવધાન કર્યું છે. હાલમાં રાજ્યમાં ૩૦૦ સ્થાનોએ GSWAN (જિલ્લા અને તાલુકા મથક) સાથે 'ભારતનેટ' નેટવર્કનું સીમલેસ વર્ટિકલી એલાઈનમેન્ટ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, 'ભારતનેટ' પહેલાં રાજ્યમાં ગ્રામ પંચાયત દીઠ નેટવર્ક સ્પીડ ૧૦૦ Kbps હતી, જે હવે ૧૦૦૦ ગણી વધીને ૧૦૦Mbps સુધી પહોંચી ગઈ છે.

'ભારતનેટ ફેઝ-૨' નેટવર્કનો ઉપયોગ કરીને ડિજિટલ સેવા સેતુ પ્લેટફોર્મે લગભગ ૧.૫૭ કરોડ ગ્રામીણ રહેવાસીઓને ૩૨૧ સેવાઓનો લાભ આપ્યો છે. હોરિઝોન્ટલ કનેક્ટિવિટીનો વિસ્તાર કરીને ગ્રામ પંચાયત કક્ષાની જાહેર કચેરીઓના વિલેજ લોકલ એરિયા (V-LAN) નેટવર્કની રચના ૭૩૪૦ શાળાઓ, ૫૮૭ ગ્રામ્ય આરોગ્ય કેન્દ્રો અને ૩૭૨ પોલીસચોકીમાં કરવામાં આવી છે.

## ભુજમાં એક રાતમાં 8 મંદિરોમાં ચોરોનો આતંક, પોલીસ તંત્રમાં દોડધામ

**નખત્રાણા**

વડવા ભોપા ગામે આવેલા રબારી સમાજના વાંકલ માતાજીના ચાર મંદિર અને ભોપાબાપાનું મંદિર અને વાછડા દાદાનું મંદિર તેમજ વડવા કાંયા રોડ પર આવેલા મંદિર સહિત આઠ મંદિરોમાં શુક્રવારે રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા.

મંદિરોમાંથી સોના-ચાંદીના છતરો અને દાનપેટીમાંથી રોકડ મળીને અંદાજે 60 હજારના મુદામાલની ચોરી કરી ગયા હતા. જ્યારે એક દુકાનમાંથી ચોરીનો પ્રયાસ કરાયો હતો. શનિવારે સવારે મંદિરે પુજા પરવા જતાં ચોરી થયાનું બહાર આવ્યું હતું. નાના એવા ગામમાં એક રાતમાં આઠ મંદિર અને દુકાનમાં ચોરીના પ્રયાસથી ભારે ચકચાર મચી જવા પામી હતી.

## વિદેશી પક્ષીઓ માટે ગુજરાત સ્વર્ગ સમાન, દેવભૂમિ દ્વારકામાં 456 પ્રજાતિ

**અમદાવાદ**

રાજ્યના અનેક સ્થળ એવા છે જ્યાં વિવિધ પ્રકાર અને પ્રજાતિના પક્ષીઓ વધુ છે. ઘણા યાયાવર પક્ષીઓ અનુક સિઝનમાં ખાસ આવે છે ને કેટલાક મહિના રોકાય છે અને પછી પોતાના પ્રદેશ કે દેશમાં ચાલ્યા જાય છે. આવા પક્ષીઓ કયા દેશ કે રાજ્યમાં વધુ જાય છે અને ક્યાં રોકાય છે તેના આધારે એક રિપોર્ટ તૈયાર કરાય છે. જેનું નામ છે બર્ડ ડાયવર્સિટી રિપોર્ટ. વર્ષ 2023-24ના રિપોર્ટમાં ગુજરાત પણ પક્ષીઓ માટે સ્વર્ગ તરીકે ઉભરી આવ્યું છે. દ્વારકામાં સૌથી વધુ 456 પ્રજાતિના પક્ષીઓની વિવિધતા જોવા મળી છે. જ્યારે કચ્છ જિલ્લામાં 161 પ્રજાતિઓના 4.56 લાખ જેટલા પક્ષીઓ જોવા મળ્યાં છે. દરિયાઈ કિનારામાં સ્થાનિક અને યાયાવર પક્ષીઓ જોવા મળે છે, ત્યારે માર્શ ફ્લેમિંગો, પેલિકન અને ક્રેન્સ પક્ષીઓને જામનગરની આબોહવા અનુકૂળ આવે છે, ત્યારે જામનગરમાં 221 પ્રજાતિઓના 4 લાખથી વધુ પક્ષીઓ જોવા મળે છે. જ્યારે અમદાવાદમાં પણ 250 થી વધુ પ્રજાતિઓના 3.65 લાખથી વધુ પક્ષીઓ આવે છે.

## અમદાવાદની સ્કૂલમાં વિદ્યાર્થીને ઢોર માર મારવાની ઘટના, શિક્ષક સસ્પેન્ડ

**અમદાવાદ**

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં સ્કૂલમાં વિદ્યાર્થીને શિક્ષક દ્વારા ઢોર માર મારવાની ઘટના બની છે. જેમાં શિક્ષક વિદ્યાર્થીને તેની જગ્યા પર જઈને મારતા મારતા બહાર લાવવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. બનાવની જાણ થતાં જ જિલ્લા શિક્ષણ અધિકારીએ સ્કૂલને નોટિસ આપીને આ વીડિયો અંગે ખુલાસો માગ્યો છે. સ્કૂલે પણ બનાવ બાદ શિક્ષકને સસ્પેન્ડ કર્યો છે. અમદાવાદ શહેરના પુર્વ વટવા વિસ્તારમાં આવેલી માધવ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી પોતાની જગ્યા પર બેઠો હતો, ત્યારે વિદ્યાર્થીને સ્કૂલના શિક્ષક દ્વારા કોઈ કારણસર ઢોર માર મારવામાં આવ્યો હતો.

# કેનેડામાં સતત બીજા વર્ષે સૌથી નીચા જન્મ દરનો રેકોર્ડ

## બ્રિટિશ કોલંબિયામાં સ્ત્રી દીઠ એક બાળકના દરે દેશનો સૌથી ઓછો પ્રજનન દર નોંધવામાં આવ્યો

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડા અનુસાર કેનેડામાં 2023માં સતત બીજા વર્ષે તેનો અત્યાર સુધીનો સૌથી નીચો પ્રજનન દર નોંધ્યો હતો. એજન્સીના જણાવ્યા અનુસાર દેશમાં 1.26 બાળકોનો દર સ્ત્રી દીઠ જન્મે છે, જેમાં બ્રિટિશ કોલંબિયામાં સ્ત્રી દીઠ એક બાળકના દરે દેશનો સૌથી ઓછો પ્રજનન દર છે. જ્યારે 2022ની સરખામણીમાં જન્મોની સંખ્યા સ્થિર રહી અને તે લગભગ 3,50,000 નોંધાઈ છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડા કહે છે કે, 2023માં દેશમાં રહેતી પ્રજનન વયની સ્ત્રીઓની સંખ્યામાં વધારો થવાને કારણે નીચો પ્રજનન દર છે. એજન્સીએ બુધવારના એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “કેનેડા હવે દક્ષિણ કોરિયા, સ્પેન, ઈટાલી અને જાપાન સહિતના ‘સૌથી નીચા-નીચા’ પ્રજનનક્ષમ દેશોના જૂથમાં જોડાયું છે. જેમાં પ્રતિ મહિલા 1.3 બાળકો છે. તેની સરખામણીમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં કુલ પ્રજનન દર 2023માં સ્ત્રી દીઠ 1.62 હતો. સ્ટેટિસ્ટિક્સ કેનેડા અનુસાર 13માંથી 10 પ્રાંતો અને પ્રદેશોમાં રેકોર્ડ પર તેમનો સૌથી ઓછો જન્મ દર હતો. 2023માં અકાળ જન્મનો દર 8.3 ટકા હતો. જે છેલ્લાં 50 વર્ષમાં સૌથી વધુ નોંધાયેલો



હતો. આ દર વૃદ્ધ મહિલાઓની વધુ સંખ્યામાં જન્મ આપવાને કારણે હોઈ શકે છે, કારણ કે “માતાની ઉંમર વધવાની સાથે અકાળ જન્મનું જોખમ વધે છે. 2023માં 26.5 ટકા નવી માતાઓ 35 કે તેથી વધુ ઉંમરની હતી, જે 1993માં 10.7 ટકા હતી. 2023માં બાળક પેદા કરવાની સરેરાશ ઉંમર 31.7 વર્ષ હતી. ડો. રેની હોલ, યુનિવર્સિટી ઓફ બી.સી.ના ક્લિનિકલ એસોસિયેટ પ્રોફેસર અને વિલો રિપ્રોડક્ટિવ સેન્ટરના કો-મેડિકલ ડાયરેક્ટરે જણાવ્યું હતું કે આંકડા દર્શાવે છે કે યુવાન લોકો ઈચ્છે ત્યારે બાળકો પેદા કરવા માટે આરામદાયક નથી હોતા. કેનેડામાં રહેવાની ઊંચી કિંમત સાથે અને બી.સી. ખાસ કરીને હોલ કહે છે કે ઘણા લોકો આર્થિક અને આવાસની સ્થિરતા વિના બાળકો પેદા કરવામાં આરામદાયક અનુભવતા નથી.

# યુદ્ધની અસર : અઠવાડિયામાં 300થી વધુ લોકોએ લેબનોન છોડ્યું, 4000 વેઈટિંગમાં

## ફોર્મની ચકાસણી શરુ કરાઈ, લાયક નાગરિકોને કોમર્શિયલ ટિકીટની ઓફર કરાશે

ઓન્ટેરિયો : ઑફર કરવામાં આવે ત્યારે લેબનોનમાં હયાત એક તૃતીયાંશ કરતાં ઓછા કેનેડિયનોને સરકાર પરત આવી જવા અપીલ કરાઈ હતી. અધિકારીઓએ મંગળવારે દરેકને તક મળે ત્યારે તક ઝડપી લેવા વિનંતી કરી હતી. મંગળવાર સુધીમાં આશરે 300 કેનેડિયનો બેરૂતથી ઈસ્તંબુલ સુધીની સરકારી ચાર્ટ કરેલી ફ્લાઈટ્સના માધ્યમીથી લેબનોન છોડી ગયા હતા. વૈશ્વિક બાબતોના કેનેડાના એક વરિષ્ઠ અધિકારીએ ચાલુ કામગીરીની ચર્ચા કરવા પૃષ્ઠભૂમિ પર જણાવ્યું હતું. સરકાર આ અઠવાડિયે બેરૂતની બહાર ઓછામાં ઓછી ત્રણ વધુ ફ્લાઈટ્સ પર બેઠકો બુક કરી રહી છે, અધિકારીએ પુષ્ટિ કરી છે, અને આગામી દિવસોમાં જરૂરિયાત મુજબ વધુ ફ્લાઈટ્સ ચાર્ટર્ડ કરવામાં આવી શકે છે.



મળતી વિગતો મુજબ ગ્લોબલ અફેર્સ કેનેડાએ ઈઝરાયેલ અને લેબનીઝ આતંકવાદી જૂથ હિઝબુલ્લાહ વચ્ચેના તીવ્ર સંઘર્ષ વચ્ચે ગયા અઠવાડિયે લેબનોન છોડવા માટે કેનેડિયનો માટે કોમર્શિયલ ફ્લાઈટ્સ પર સીટોની બેચ બુક કરવાનું શરૂ કર્યું હતુ. મધ્ય-પૂર્વમાં હિઝબોલ્લાહ અને અન્ય પ્રોક્સીઓને સમર્થન આપનાર ઈરાને સપ્તાહના અંતમાં ટોચના હિઝબોલ્લાહ કમાન્ડરોની હત્યાના બદલામાં ઈઝરાયેલ પર આશરે 200 બેલેસ્ટિક મિસાઈલો છોડ્યા બાદ મંગળવારે સંઘર્ષ વધુ વકર્યો હતો. હિઝબુલ્લાના નેતા હસન નસરાલ્લાહની હત્યા બાદ ઈઝરાયલે લેબનોન પર હુમલા કરવાનું ચાલુ રાખ્યું છે. લેબનોનમાં સેંકડો નાગરિકો હડતાલ દ્વારા માર્યા ગયા હતા. જે પછી ઈરાને ઈઝરાયલ પર મિશાઈલ છોડ્યા હતા. ગ્લોબલ અફેર્સ કેનેડાના અધિકારીએ જણાવ્યું હતું કે, એજન્સીએ તે તમામ નોંધણી કરનારાઓને ઈન્ટેક ફોર્મ પ્રદાન કર્યું છે અને લગભગ 4,000 લોકોએ તેને ભર્યું છે. તે 4,000ની કેનેડામાં પ્રવેશ માટે ચકાસણી કરવામાં આવી રહી છે અને તમામને કોમર્શિયલ ફ્લાઈટ્સ પર સરકાર દ્વારા અનામત બેઠકો ઓફર કરવામાં આવશે. બેરૂતથી ઈસ્તંબુલ સુધી ફેરી સેવાઓ પણ ઉપલબ્ધ છે, પરંતુ સરકાર હજી સુધી તે બોટ પર પ્રી-બુકિંગ સ્પોટ નથી, ફક્ત નોંધાયેલા કેનેડિયનો તેને એક વિકલ્પ ગણે છે.

# ટનલ ડ્રીમની જાહેરાત પહેલા હાઈ વે 407ને હસ્તક લેવાશે

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો પ્રીમિયર ડગ ફોર્ડે કહ્યું હતુ કે, તેમની સરકારે હાઈવે 401ની નીચે એક્સપ્રેસ-વે બનાવવાની યોજના પર નિર્ણય લેતા પહેલાં ટોરોન્ટોની આસપાસ ભીડ ઘટાડવા હાઈવે 407ને હસ્તક કરવાનો વિચાર કર્યો હતો. આ હાઈવે હેઠળ સંયુક્ત ટ્રાફિક અને ટ્રાન્ઝિટ ટનલ બનાવી શકાય છે. કારણ કે, ઓન્ટેરિયો પાસે વિશાળ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો સામનો કરવા ટનલિંગ નિષ્ણાતોની “યોગ્ય ટીમ” છે. ફોર્ડે ગયા અઠવાડિયે તેમની યોજનાનું અનાવરણ કર્યું હતું. આ પહેલાં તેમણે ગ્રેટર ટોરોન્ટો એરિયામાં ગીચ 400-શ્રેણીના હાઈવેને પહોંચી વળવા માટે 55 કિલોમીટર સુધીના



ટનલ હાઈવે બનાવવાનું વચન આપ્યું હતું. પ્રીમિયરે બ્રેમ્પટનથી સ્કારબોરો સુધી યોજના શક્ય છે કે કેમ તે અંગે વિચારણા કરવા અને તેની કિંમત કેટલી હોઈ શકે તેનો ખ્યાલ મેળવવા માટે એક શક્યતા અભ્યાસની પણ ખાતરી આપી હતી. ફોર્ડે શનિવારે AM 640ને કહ્યું, “અમે બધા વિકલ્પો જોઈશું, અમે દરેક વિકલ્પ ટેબલ પર મૂકીશું.

### પ્રોજેક્ટ પાછળ અબજો ડોલરનો ખર્ચ થશે : નિષ્ણાંતોની ચેતવણી

ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિષ્ણાતોએ સરકારને ચેતવણી આપી છે કે હાલના હાઈવે હેઠળ ટનલ બનાવવાની જટિલતાને કારણે આ સ્કોપના પ્રોજેક્ટમાં અબજો ડોલરનો ખર્ચ થઈ શકે છે અને તે વર્ષોના બાંધકામની મુશ્કેલીઓ સાથે ભીડમાં વધારો કરી શકે છે.

## હરિયાણામાં ચૂંટણી : કોંગ્રેસને...

પેજ નં. 4નું ચાલું

અગાઉ રાજ્યમાંથી દર વર્ષે પાંચ હજાર યુવાનોની સેનામાં ભરતી કરવામાં આવતી હતી, પરંતુ હવે માત્ર ૨૫૦ની જ ભરતી થઈ છે. કોંગ્રેસના ઉમેદવારો પણ પોતપોતાના વિસ્તારોમાં પ્રચાર દરમિયાન અગ્નિવીર યોજનાને મુદ્દો બનાવી રહ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ અને ભિવાની જિલ્લાની બાવાની ખેડા સીટના કોંગ્રેસના ઉમેદવાર પ્રદીપ નરવાલ કહે છે કે ભિવાનીએ દેશને કોન્સ્ટેબલથી લઈને જનરલ રેન્ક સુધીના અધિકારીઓ આપ્યા છે, પરંતુ અગ્નિવીર યોજના પછી સ્ટેડિયમ ખાલી થઈ ગયા છે. માત્ર સેના જ નહીં, પરંતુ બાળકોના ભવિષ્ય સાથે પણ રમત રમાઈ રહી છે. અમારા માટે આ એક મોટો મુદ્દો છે અને અમે અગ્નિવીર યોજનાને પાછી મોકલવા માટે લડતાં રહીશું. ભારતીય જનતા પાર્ટીને પણ કદાચ આશંકા છે કે આ યોજનાને લઈને રાજ્યના યુવાનોનો ગુસ્સો તેના માટે ભારે સાબિત થઈ શકે છે. ગૃહ પ્રધાન અમિત શાહે તાજેતરમાં ભિવાનીમાં એક ચૂંટણી રેલીમાં જાહેરાત કરી હતી કે જો હરિયાણાના એક પણ અગ્નિવીરને સેનામાંથી પાછા ફરવું પડશે, તો તેને નોકરી વિના રાખવામાં આવશે નહીં. આની જવાબદારી ભારતીય જનતા પાર્ટીની છે. અગ્નિવીરોના મુદ્દાને ઉકેલવા માટે રાજ્યના મુખ્ય પ્રધાન નાયબસિંહ સૈનીએ અગ્નિવીરો માટે ઘણી જાહેરાતો કરી છે. જેમાં અમારી સરકાર હરિયાણામાં અગ્નિવીરોને સરકાર દ્વારા ભરતી કરવામાં આવનાર કોન્સ્ટેબલ, માઈનિંગ ગાર્ડ, ફોરેસ્ટ ગાર્ડ, જેલ વોર્ડન અને એસપીઓની જગ્યાઓ પર સીધી ભરતીમાં દસ ટકા અનામત આપશે તેવા વચનો અપાયા છે. રાજ્ય સરકારે શસ્ત્ર લાઈસન્સ મેળવવા માટે અને અન્ય નોકરીઓમાં પણ અગ્નિવીરોને અગ્રતા આપવાનું વચન આપ્યું છે. જો કે, આ બધી વાતો તો ભાજપ ચૂંટણી ટાંણે કરી રહ્યો છે. તે વાત લોકો પણ સારી પેઠે સમજતા હોવાથી ચૂંટણીમાં ભાજપ માટે કપરા ચઢાણ છે તે નિશ્ચિત છે.

# ટોરોન્ટોમાં પોલીસ અધિકારીને ચોરી અને ખોટા અહેવાલો બદલ સાત વર્ષની જેલ

## જેલની સજા ઉપરાંત $ 2,800 પીડિત પરિવારને ચુકવવા આરોપીને કોર્ટનો આદેશ

**ટોરોન્ટો**

ટોરોન્ટોના એક પોલીસ અધિકારીને પોલીસ સંસાધનોનો દુરુપયોગ, ખોટા પોલીસ અહેવાલો અને મૃતદેહો પાસેથી ચોરી કરવાના કૃત્ય બદલ દોષિત ઠેરવીને કોર્ટે આરોપીને સાત વર્ષની જેલની સજા ફટકારતો ઓન્ટેરિયોના ન્યાયાધીશે ચુકાદો આપ્યો છે. ન્યાયમૂર્તિ મેરી એલેન મિસેનરે જણાવ્યું હતું કે, આ એક એવા પોલીસ અધિકારી છે કે જેઓએ ફરજ બજાવતા હતા અને જેની તપાસ આપવામાં આવી હતી, ત્યાં જ ચોરી કરી અને ખોટા અહેવાલ રજૂ કર્યા હતા.

બોરિસ બોરીસોવ તમામ 15 આરોપો માટે દોષિત છે. જેના માટે તેની પર કેસ ચલાવવામાં આવ્યો




હતો. અન્યથા, પોલીસ અને ન્યાય પ્રણાલીમાં લોકોનો વિશ્વાસ ડગી જશે. 2022માં એક માણસના ગુમ થયાની તપાસ કરતી વખતે બોરીસોવે તે વ્યક્તિના ઘરેથી TAG હ્યુઅર લક્ઝરી ઘડિયાળની ચોરી કરી હતી. કારણ કે તેના ભાઈને બાજુના રૂમમાં એક સુસાઈડ નોટ મળી હતી. બોરીસોવે તેનું TD ક્રેડિટ કાર્ડ ચોરી લીધું અને તેને એક સાથીદાર પાસે પહોંચાડી દીધું હતુ. જેણે કસાઈની દુકાનમાં કપટપૂર્વક તેનો ઉપયોગ કર્યો હતો.

બોરીસોવે 2020માં એક મહિલાનું BMO ક્રેડિટ કાર્ડ પણ ચોર્યું હતું, તેણીના એપાર્ટમેન્ટમાં તેણીને મૃત મળ્યાના થોડા સમય પછી જ્યારે તેણીના મૃત્યુના કારણની તપાસ ચાલુ હતી. ત્યારે તેની પાસેચોરીનું વાહન પણ હતું અને તે વાહન, અન્ય અને તેના સાથીઓની શોધખોળ કરવા માટે તેણે પોલીસ ડેટાબેઝનો દુરુપયોગ કર્યો હતો. આરોપીને કોર્ટે જેલની સજા ઉપરાંત $ 2,800 પીડિત પરિવારને દંડ ચૂકવવા અને પોલીસ ડેટાબેસેસ માટે ડીએનએ નમૂના પ્રદાન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# દિલ્હી પોલીસ દ્વારા મોટી કાર્યવાહી, 2 હજાર કરોડની કિંમતનું 500 કિલો કોકેઈન ઝડપ્યું

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે આજે ડ્રગ્સનો જંગી કન્સાઈન્મેન્ટ જથ્થો ઝડપ્યો છે જેમાં 500 કિલોથી વધુ કોકેઈન મળી આવ્યું છે, જેની કિંમત લગભગ 2000 કરોડ રૂપિયા હોવાનું અંકાય છે.આ કાર્યવાહી કરતી વખતે, દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે બે હજાર કરોડના ડ્રગ્સનું જંગી કન્સાઈનમેન્ટ જપ્ત કર્યું છે. તેમજ ચાર આરોપીઓની ધરપકડ કરી હતી.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે આ કાર્યવાહી હાથધરી છે. આ કેસમાં ચાર



આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ ડ્રગ્સ સિન્ડિકેટનો પણ પર્દાફાશ કર્યો. તપાસ નાર્કો ટેરરના એંગલથી કરવામાં આવી રહી છે.દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના એડિશનલ સીપી પ્રમોદ સિંહ કુશવાહાએ જણાવ્યું હતું કે, "આરોપીની ઓળખ તુષાર ગોયલ તરીકે થઈ છે, જે દિલ્હીના વસંત વિહારના રહેવાસી છે. તેમણે કહ્યું કે તુષારના બે સહયોગી હિમાંશુ અને ઔરંગઝેબ પણ આમાં સામેલ હતા. આ સિવાય કુર્લા વેસ્ટ રીસીવર ભરત જૈનની પણ ધરપકડ કરવામાં આવી છે. પ્રમોદ સિંહ કુશવાહાએ વધુમાં જણાવ્યું હતું કે તુષાર ગોયલ, હિમાંશુ અને ઔરંગઝેબ પાસેથી લગભગ 15 કિલો કોકેન જપ્ત કરવામાં આવ્યું હતું.

# નક્સલવાદીઓ દ્વારા CRPF પર હુમલો કરવા ફટાકડાનો ઉપયોગ

## સુરક્ષા બળોનું ધ્યાન ભટકાવવા આતંકીઓની નવી તરકીબ

**નવી દિલ્હી**

માઓવાદીઓએ ડાબેરી આતંકવાદ પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષા બળો પર હુમલા કરવા દિવાળીના ફટાકડા અને અગરબત્તીનો ઉપયોગ કરવાની નવી તરકીબ અપનાવી છે, તેલંગણના કોથાગુડેમમાં સીઆરપીએફ જેવી કેમ્પ પાસે હુમલા થઈ રહ્યા છે. આ વ્યૂહરચનાની જાણ ૨૫ સપ્ટેમ્બરે પુસુગુપ્પા કેમ્પ પર થયેલા હુમલા દરમ્યાન થઈ હતી. રોકેટ અને બંદુકથી હુમલો કરવા અગાઉ અગરબત્તીથી ફટાકડા ફોડીને સૈનિકોનું ધ્યાન વાળવાનો પ્રયાસ કરાયો હતો. હુમલાખોરોએ હુમલાનો સમય ચતુરાઈપૂર્વક સાંજનો નક્કી કર્યો જેથી સુરક્ષા બળોને તેમના પર સીધો હુમલો થયો હોવાનો વહેમ આવે. ૪૫ મિનિટના તીવ્ર ગોળીબાર પછી માઓવાદીઓએ પીછેહટ કરી અને કેમ્પની વાડને થોડુ નુકસાન કર્યું હતું. ત્યાર પછી સુરક્ષા બળોને દિવાળીના ફટાકડા અને બળી ગયેલી અગરબત્તીઓના પુરાવા મળતા હુમલો કરવાની નવી પદ્ધતિની જાણ થઈ હતી.

# ઝારખંડમાં ASIનો પોલીસ સ્ટેશનમાં જ સર્વિસ રિવોલ્વરથી ગોળી મારી આપઘાત

**રાંચી**

ઝારખંડ મામલો સિંહભૂમના કરાઈકેલા પોલીસ સ્ટેશનનો છે, જ્યાં એક આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરે પોતાની જાતને ગોળી મારી દીધી હતી. કૃષ્ણા સાહુ પોલીસ સ્ટેશનમાં ASI તરીકે તૈનાત હતા. સવારે 6 વાગ્યાની આસપાસ તેણે પોતાની સર્વિસ રિવોલ્વરથી ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. જો કે આવું શા માટે કરવામાં આવ્યું તે અંગે કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. સવારે 6 વાગ્યાની આસપાસ પોલીસ સ્ટેશનમાં તૈનાત એક પોલીસકર્મી પોતાના કામમાં વ્યસ્ત હતો ત્યારે ગોળીનો અવાજ સંભળાયો હતો, જેનાથી અરાજકતાનો માહોલ સર્જાયો હતો. જ્યાંથી ગોળીબારનો અવાજ સંભળાયો હતો તે સ્થળે પોલીસકર્મીઓ તરત જ પહોંચી ગયા હતા. જ્યારે અમે સ્થળ પર પહોંચ્યા તો અમે જોયું કે આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર કૃષ્ણા સાહુ તેમના રૂમમાં લોહીના ખાબોચિયામાં પડેલા હતા. સાથીઓએ તરત જ તેને ઉપાડ્યો અને સારવાર માટે કરાઈકેલાના આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયો. હોસ્પિટલમાં ડોક્ટરોએ કૃષ્ણા સાહુને મૃત જાહેર કર્યા હતા.

# ભાજપની મણિપુર સરકાર લાચાર! મૈતેઈ અને કૂકીના ઝઘડામાં 2નાં બદલામાં 11 કેદીને મુક્ત કર્યા

**ઈમ્ફાલ**

મૈતેઈ સમુદાયના 2 યુવકોને કૂકી સમુદાયના ઉગ્રવાદીઓએ 6 દિવસ પહેલા બંધક બનાવી લીધા હતા. હવે તેમની મુક્તિ માટે મણિપુર સરકારે લાચાર થઈને 11 વિચારાધીન કેદીઓને મુક્ત કરવા પડ્યા છે. આ બંને યુવકો જ્યારે પરીક્ષા આપીને પરત ફરી રહ્યા હતા અને રસ્તો ભટકી ગયા હતા ત્યારે તેમને બંધક બનાવી લેવામાં આવ્યા હતા. હાલમાં આ બંને મૈતેઈ યુવકોને પોલીસને સોંપી દેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી એન બિરેન સિંહે પણ આ અંગે માહિતી આપી છે. 27 સપ્ટેમ્બરના રોજ મૈતેઈ સમુદાયના ત્રણ યુવાનો અચાનક ગુમ થઈ ગયા હતા. બાદમાં એક યુવક પોલીસને મળી ગયો હતો અને બે યુવકોની તલાશ કરવામાં આવી રહી હતી. ત્યારબાદ જાણ થઈ કે, બંને યુવકોની કુકી સમુદાયના ઉગ્રવાદીઓએ બંધક બનાવી લીધા છે અને પોતાના ઠેકાણા પર લઈ ગયા છે. ગુરુવારે સવારે 6:00



વાગ્યે મૈતેઈ સમુદાયના બંને યુવકો થોકચોમ થોઈથોઈબા અને ઓઈનમ થોઈથોઈને મુક્ત કરી દેવામાં અને પોલીસને સોંપી દેવામાં આવ્યા છે. કાંગપોકપી જિલ્લાના એસપી ઓફિસમાં આસામ રાઈફલ્સ અને સીઆરપીએફ પણ હાજર રહ્યા હતા. બંને મૈતેઈ યુવાનોની મુક્તિ બાદ કુકી સંગઠન ITL એ તસવીરો શેર કરી છે અને કહ્યું કે, આજે સવારે જ ઘાટીની જેલમાંથી 11 કુકી સમુદાયના આરોપીઓને પહાડી જિલ્લા ચુરાચંદપુર પોલીસને ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

# કંબોડિયામાં છેતરપિંડીના ધંધામાં ફસાયેલા વધુ 60 ભારતીયોને બચાવાયા, કુલ 360નો બચાવ

કંબોડિયામાં ભારતીય દૂતાવાસે ટ્વીટર પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ફ્નોમ પેન્હમાં ભારતીય દૂતાવાસ ઘણા ભારતીય નાગરિકોના સંપર્કમાં છે, જેમણે અમારો સંપર્ક કર્યો હતો અને ત્યારબાદ કંબોડિયન સત્તાવાળાઓ દ્વારા 20 મેના રોજ જિનબેઈ-4 નામના સ્થળેથી બહાર કાઢવામાં આવ્યા હતા.'

ભારતીય દૂતાવાસે કહ્યું કે, 'ભારતીય નાગરિકોને તાત્કાલિક પરત લાવવા માટે કંબોડિયન સત્તાવાળાઓ સાથે આ મામલો ઉચ્ચ સ્તરે ઉઠાવવામાં આવ્યો છે. કંબોડિયન સત્તાવાળાઓએ અમને જાણ કરી છે કે, લગભગ 60 ભારતીય



નાગરિકોને આજે SHV દ્વારા ફ્નોમ પેન્હ લઈ જવામાં આવ્યા છે અને પ્રવાસ દસ્તાવેજો માટે દૂતાવાસની સહાયતા સાથે ભારતમાં પાછા મોકલવામાં આવશે.' આ ભારતીય નાગરિકોને જરૂરી સહાય પૂરી પાડવા માટે ભારતીય દૂતાવાસના અધિકારીઓની એક ટીમ સિહાનૌકવિલેમાં છે. નિવેદનમાં જણાવાયું છે કે, મિશન આપણાં નાગરિકોને મદદ કરવા અને વહેલીતકે સ્વદેશ પરત ફરવાની સુવિધા આપવા માટે પ્રતિબદ્ધ છે.

# લવ જેહાદને કાવતરું ગણાવતાં 25 વર્ષીય આરોપીને આજીવન કેદની સજા ફટકારાઈ

## ધર્માંતરણ ના અટકાવ્યું તો ગંભીર પરિણામ આવતે : કોર્ટ

**બરેલી**

ઉત્તર પ્રદેશના બરેલીની કોર્ટે એક મામલાનો ચુકાદો આપતા અવલોકન કર્યું હતું કે હિન્દુ યુવતીઓને ધર્માંતરણ માટે પ્રેમજાળમાં ફસાવવામાં આવી રહી છે. લવ જેહાદ એક આંતરરાષ્ટ્રીય કાવતરુ છે જેનો ઉદેશ્ય ભારતમાં એક વિશેષ ધર્મના કેટલાક અસામાજિક તત્વો દ્વારા પ્રભુત્વ સ્થાપિત કરવાનો છે. આ સાથે જ કોર્ટે ગેરકાયદે ધર્માંતરણ અને રેપના એક મામલામાં 25 વર્ષીય આરોપી મોહમ્મદ અલીમને આજીવન કેદની સજા ફટકારી હતી, આ અપરાધમાં સામેલ અલીમના પિતાને પણ બે વર્ષની કેદની સજા આપી હતી. વધુમાં કોર્ટે કહ્યું હતુ કે, જો આ સમસ્યાનો સમયસર ઉકેલ લાવવામાં ના આવ્યો તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. આ તમામ આરોપ યુવતીએ પોલીસ સમક્ષ દાખલ ફરિયાદમાં લગાવ્યા હતા. અલીમને આજીવન કેદની સજા આપતા કોર્ટે કહ્યું હતું કે માનસીક રીતે દબાણ કરીને ધર્માંતરણ થઈ રહ્યું છે, ધર્માંતરણ માટે વિદેશી ફન્ડિંગ પણ મળી રહ્યું છે.

# ઝારખંડમાં રોટી, બેટી, માટી બચાવવાની લડાઈ, હિંદુઓની વસ્તી ઘટી : વડાપ્રધાન મોદી

**હજારીબાગ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઝારખંડના હજારીબાગમાં પરિવર્તન મહારેલી સંબોધિત કરી હતી. જેમાં તેમણે ઝારખંડની હેમંત સોરેન સરકાર જોરદાર પ્રહારો કર્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે ઝારખંડમાં રોટી, બેટી અને માટી બચાવવાની લડાઈ છે. અહીં સતત હિંદુઓની વસ્તી ઘટી રહી છે. રાજ્ય સરકાર પર પ્રહાર કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે તેમણે ક્યારેય પણ આદિવાસીઓને આગળ વધવા દીધા નથી. સત્તા જાળવી રાખવા માટે આ લોકો ઝારખંડમાં એક નવી વોટ બેંક તૈયાર કરી રહ્યા છે. ઝારખંડની બલિ ચઢાવી વોટબેંકની રમત રમવામાં આવી રહી છે. સંથાલ પરગના તેમના ખતરનાક ખેલનો જીવતો જાગતો પુરાવો છે.

# બિહારના મુંગેરમાં રાજ્ય મહાસચિવ પંકજ યાદવ પર ત્રણ શખ્સોએ ગોળીબાર કર્યો

**પટના**

બિહારના મુંગેરમાં રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના વરિષ્ઠ નેતા રાજ્ય મહાસચિવ પંકજ યાદવને બાઈક પર સવાર ત્રણ શખસોએ ગોળી મારી હતી. દરરોજની જેમ પંકજ યાદવ સવારે 5 વાગે મુંગેર એરપોર્ટ વિસ્તારમાં મોર્નિંગ વોક માટે નીકળ્યા હતા. આ દરમિયાન બાઈક પર સવાર ત્રણ શખસોએ તેમના પર ફાયરિંગ કર્યું હતું. જેમાં એક ગોળી પંકજ યાદવની છાતીમાં વાગી હતી. આરજેડી નેતા પંકજ યાદવને ગંભીર હાલતમાં મુંગેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મામલાની માહિતી મળતા જ પોલીસે કાર્યવાહી શરૂ કરી દીધી છે. જો કે, પ્રદેશ મહાસચિવને ગોળી માર્યા બાદ આરજેડી નેતાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પાર્ટીના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે, 'મુંગેર પોલીસ પ્રશાસન ગુનાખોરીને અંકુશમાં લેવામાં નિષ્ફળ રહ્યું છે. જિલ્લામાં હત્યાનો સિલસિલો યથાવત છે.' રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ બિહારમાં કાયદો અને વ્યવસ્થાના મુદ્દે સતત અવાજ ઊઠાવી રહ્યા છે. આ મુદ્દે પાર્ટીએ રાજભવન સુધી કૂચ પણ કરી હતી. તેજસ્વી છેલ્લા કેટલાક દિવસોથી સતત બિહારમાં અપરાધની ઘટનાઓની ગણતરી કરી રહી છે.

# 'સરન્ડર કરો, નહીં તો ધરપકડ થશે' મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસ MLA સામે લાલ આંખ

**નવી દિલ્હી**

હરિયાણા ચૂંટણી વચ્ચે પંજાબ હાઈકોર્ટે કોંગ્રેસના ધારાસભ્ય ધરમ સિંહ છૌકરને આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. ધારાસભ્ય પર મની લોન્ડરિંગ સંબંધિત કેસનો આરોપ છે. પાણીપતના એક સામાજિક કાર્યકર્તાએ તેમની વિરુદ્ધ કોર્ટમાં અરજી કરીને આરોપ લગાવવામાં આવ્યો છે કે, તેમની સામે બિનજામીનપાત્ર વોરંટ હોવા છતાં તેઓ તેમના મતવિસ્તારમાં પ્રચાર કરી રહ્યા છે. કોર્ટે કહ્યું કે, 'ધરમ સિંહે ક્યાં તો આત્મસમર્પણ કરવું જોઈએ અથવા બુધવાર સુધીમાં ધરપકડ કરી લેવી જોઈએ.' ધરમ સિંહ હાલમાં મની લોન્ડરિંગ અને અન્ય ગુનાઓના આરોપસર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા કેસનો સામનો કરી રહ્યા છે.

# ઉત્તરપ્રદેશમાં ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં 8 મકાન ધરાશાયી, 5ના મોત

**બરેલી**

બરેલીના સિરૌલી પોલીસ સ્ટેશન હેઠળના કલ્યાણપુર ગામમાં આવેલી છે, જેમાં ગુરુવારે બપોરે આસપાસ ભયંકર ધડાકો થયો હતો. એવી પણ વિગતો સામે આવી હતી કે, આ ફેક્ટરી ગેરકાયદે ચલાવાતી હતી અને તેની આસપાસ અનેક રહેણાંક મકાનો આવેલા હતા. 8 મકાનો ધરાશાયી થયા હતા, જેમાં અત્યાર સુધીમાં પાંચ લોકોના મોત થયા હતા, જ્યારે મૃત્યુઆંક વધવાની આશંકા વ્યક્ત કરાઈ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, સ્થળ પર એક પછી એક અનેક વિસ્ફોટ થયા હતા, જેના કારણે રહેમાન શાહના ઘર સહિત આસપાસના અનેક મકાનો ધરાશાયી થઈ ગયા છે. કાટમાળ નીચે અનેક લોકો દબાતા હાલ ભારે હોબાળો જોવા મળી રહ્યો છે. આ ઘટનામાં રહેમાન શાહની પુત્રવધૂ સહિત



બે મહિલાઓ કાટમાળ નીચે દબાઈ જવાથી મૃત્યુ પામી છે. જ્યારે ચાર લોકોને ગંભીર હાલતમાં કાટમાળમાંથી બહાર કાઢીને હોસ્પિટલમાં મોકલાયા છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે બે બાળકો હસન અને હસનાન ગુમ છે. SSPએ એસપી ટ્રાફિક અને સીઓ મીરગંજને ઘટનાસ્થળે મોકલ્યા છે.

# ઉત્તર પ્રદેશના કાનપુરમાં પાટા પર ગેસ સિલિન્ડર મૂકી ટ્રેન ઉથલાવવાનો કારસો

## પાયલોટે ઈમરજન્સી બ્રેક મારતાં દુર્ઘટના ટળી

**કાનપુર**

ભારતીય રેલવેની સુરક્ષા સાથે છેડછાડ કરવામાં આવી રહી છે ત્યારે કાનપુરમાં દિલ્હી-હાવડા રૂટ પર અને પછી રેલવે ટ્રેક પર અગ્નિશામક સિલિન્ડર મળી આવ્યા છે. સદનસીબે સામેથી આવતી માલગાડીના લોકો પાયલટની સતર્કતા અને સમયસર ઈમરજન્સી બ્રેક લગાવવાના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. ઈટાવાથી કાનપુર જઈ રહેલી ES-6 માલસામાન ટ્રેનના ડ્રાઈવરે અંબિયાપુર સ્ટેશનના ડાઉન પ્લેટફોર્મ પાસે થાંભલા નંબર 1070/18ની વચ્ચે રેલવે ટ્રેક પર ફાયર ફાઈટિંગ સિલિન્ડર પડેલું જોયું. આ અંગે ડ્રાઈવરે વોકી ટોકી દ્વારા સ્ટેશન માસ્તર અંબિયાપુર નૌશાદ આલમને જાણ કરી હતી. આના પર જીઆરપી ચોકીના ઈન્ચાર્જ ઝિંઝક અર્પિત તિવારી, આરપીએફ સ્ટેશન ઈન્ચાર્જ રજનીશ રાય અને આરપીએફ ચોકીના ઈન્ચાર્જ રૂરા ખજાન સિંહ ઘટનાસ્થળે પહોંચ્યા અને ટ્રેક પર પડેલા સિલિન્ડરને કબજે કરીને તપાસ શરૂ કરી હતી.

# હોસ્પિટલમાં 2 શખ્સ દ્વારા ડ્રેસિંગના બહાને ડોક્ટરની ગોળી મારી હત્યા

**નવી દિલ્હી**

જૈતપુરમાં એક ડોક્ટરને દિવસે દિવસે હોસ્પિટલની અંદર ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાના સમાચાર સામે આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આરોપી દર્દી તરીકે આવ્યો હતો અને તેણે ડૉક્ટરને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, ત્યારબાદ તેણે તેની કેબિનમાં ઘૂસીને તેને ગોળી મારી દીધી હતી. સમગ્ર મામલો કાલિંદી કુંજ પોલીસ સ્ટેશન વિસ્તારના જૈતપુરનો છે. જ્યાં નીમા હોસ્પિટલની અંદર એક ડોક્ટરને ગોળી મારી દેવામાં આવી હતી. આરોપીઓની ઓળખ માટે સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. હોસ્પિટલ સ્ટાફના જણાવ્યા અનુસાર, બે લોકો ઘાયલ હાલતમાં હોસ્પિટલમાં આવ્યા હતા, ડ્રેસિંગ કર્યા પછી તેઓએ ડૉક્ટરને મળવાની માંગ કરી અને જેમ જ તે તેની કેબિનમાં પ્રવેશ્યો ત્યારે તેને ગોળી મારી દીધી. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના બુધવારે રાત્રે લગભગ 1 વાગ્યાની આસપાસ બની હતી. પોલીસને રાત્રે લગભગ 1.45 વાગ્યે માહિતી મળી હતી. કાલિંદી કુંજ પોલીસે જણાવ્યું કે તેમને ફોન આવ્યો કે નીમા હોસ્પિટલમાં ડોક્ટરને ગોળી વાગી છે. એવું તેમના પડોશીઓ કહી રહ્યા છે. તેણે કહ્યું કે તેને ખબર નથી કે ડૉક્ટર જીવિત છે કે નહીં.

# પેજર અને વોકીટોકીમાં વિસ્ફોટ પછી ભારત હવે ચીનની CCTV કંપનીઓ પર પ્રતિબંધ મુકશે

**નવી દિલ્હી**

ઈઝરાયેલે હિઝબુલ્લાહના પેજર અને વોકીટોકી પર કરેલા હુમલા પછી દુનિયાના અનેક દેશોએ પોતાની સુરક્ષા વ્યવસ્થાને લઈને સમીક્ષા કરવા મજબૂર થવું પડ્યું છે. આ દરમિયાન, હવે ભારત સરકાર જલદી જ દેશમાં ચીન ઉત્પાદિત દેખરેખના ઉપકરણો(સીસીટીવી વગેરે)ના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહી છે. કેન્દ્ર સરકાર સ્થાનિક વિક્રેતાઓને પ્રોત્સાહન આપવા માટે સીસીટીવી માર્કેટમાં નવી ગાઈડલાઈન્સ ઝડપથી લાગુ કરવાની યોજના બનાવી રહી છે. લેબનાનમાં પેજરમાં વિસ્ફોટોને ધ્યાનમાં રાખીને ભારત સરકાર સપ્લાય ચેઈન પર ઊંડાણપૂર્વક નજર રાખશે. એક રિપોર્ટ પ્રમાણે ભારતની નવી નીતિ આઠમી ઓક્ટોબરથી અમલમાં આવી શકે છે, જેનાથી ચીનની કંપનીઓને બજારમાંથી બહાર કરી ભારતીય કંપનીને ફાયદો પહોંચડાશે. આ વર્ષે માર્ચ અને એપ્રિલમાં નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું, પરંતુ લેબનાન વિસ્ફોટો પછી સુરક્ષા પર વધી રહેલા ફોકસની સાથે, આ ગાઈડલાઈન્સને ઝડપથી લાગુ કરવામાં આવી રહી છે. સરકાર સીસીટીવી કેમરાઓ પર ગાઈડલાઈન્સને ઝડપથી લાગુ કરવાની તૈયારી કરી રહી છે. નવા નિયમ ફક્ત વિશ્વસનીય સ્થાનોથી કેમેરાના વેચાણ અને ખરીદીની મંજૂરી આપશે.આ રિપોર્ટમાં કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના એક નિષ્ણાતના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે વર્તમાનમાં સીપી પ્લસ, હિકવિજન અને દહુઆ ભારતીય બજારમાં 60 ટકાથી વધુ હિસ્સાને કંટ્રોલ કરે છે. આ રિપોર્ટ અનુસાર, તાજેતરમાં ભારત સરકારે ચીનના સીસીટીવી ઉપકરણોના ટેન્ડર અસ્વીકાર કરવાનું શરુ કરી દીધું છે.

# પ. બંગાળમાં રૂ. 60,000 કરોડના રોકાણની તક રાજ્યને કારણે પ્રોજેક્ટ અટક્યાનો કેન્દ્રનો દાવો

**કોલકાતા**

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે જાહેરાત કરતાં કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં રેલવે દ્વારા રૂ. 60,000 કરોડ રૂપિયાના રોકાણની તક છે. આ સાથે તેમણે એ પણ ખુલાસો કર્યો કે, હાલમાં રાજ્યમાં 61 પ્રોજેક્ટ્સ રેલવેને સોંપવા સંબંધિત મુદ્દાઓને કારણે અટકી ગયા છે.

સિયાલદહ સ્ટેશન પર અનેક રેલ્વે પ્રોજેક્ટ્સ અને ટ્રેન સેવાઓનું ઉદ્ઘાટન કર્યા બાદ રેલ્વે મંત્રીએ કહ્યું કે, "આવા રોકાણો ત્યારે જ શક્ય બને, જ્યારે રાજ્ય સરકાર સહકાર આપે. અને હાલમાં અમારી પાસે 26 કિમીના મેટ્રો રેલ્વે પ્રોજેક્ટ છે, પરંતુ જમીનની સમસ્યાને કારણે કામ આગળ વધી શકતું નથી."

સ્વચ્છ ભારત કાર્યક્રમ પછી રેલ મંત્રીએ ત્યાં પીએસયુનું પણ નિરીક્ષણ કર્યું હતું. અને તેમણે લોકોના કલ્યાણને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ સાથે તેમણે પત્રકારો સાથે વાત કરતાં કહ્યું કે, "વિકાસ એ સમયની જરૂરિયાત છે, રેલવે પ્રોજેક્ટને લઈને કોઈ રાજનીતિ ન થવી જોઈએ. જો રાજ્ય સરકાર અમને સહયોગ આપે તો આ 61 પેન્ડિંગ પ્રોજેક્ટને લોકોના કલ્યાણ માટે ઝડપથી આગળ ધપાવી શકાશે."

રેલ્વે દુર્ઘટનાઓ અંગેની ચિંતાઓને લઈને તેમણે કવચ 4.2 ની પૂર્ણતા સહિત સુરક્ષાના ઉપાયોમાં નોંધપાત્ર પ્રગતિની ઉલ્લેખ કર્યો હતો. મંત્રીએ કહ્યું- "રેલવે સુરક્ષા માટે મહત્વપૂર્ણ બખ્તરનો વિકાસ હવે પૂર્ણ થઈ ગયો છે. કવચ 4.2 હાલમાં જ કોટા અને સવાઈ માધોપુરમાં લાગુ કરવામાં આવ્યું છે, જેમાં લગભગ 2,000 કિલોમીટરના રેલ્વે ટ્રેક અને 900 લોકોમોટિવ્સને આવરી લેવામાં આવ્યા છે, જે મોટા પાયે સલામતીનાં પગલાં સુનિશ્ચિત કરે છે.

# અયોધ્યામાં 69 વર્ષીય મહિલા ઉપર સામૂહિક દુષ્કર્મ, 3 હેવાનની ધરપકડ

**અયોધ્યા**

અયોધ્યાના કુમારગંજ વિસ્તારમાં એક ગામના વૃદ્ધ મહિલાએ ચાર લોકો પર દુષ્કર્મનો આરોપ લગાવ્યો છે. પોલીસે ચારેય વિરુદ્ધ દુષ્કર્મની કલમો હેઠળ કેસ નોંધીને મહિલાને મેડીકલ તપાસ માટે મોકલ્યા છે. દુષ્કર્મના મામલે બે કિશોર અને એક આધેડની ધરપકડ કરી લેવાઈ છે. પોલીસનું કહેવું છે કે ચોથા આરોપીની શોધખોળ ચાલુ છે. ટૂંક સમયમાં ધરપકડ કરી લેવામાં આવશે.

મળતી માહિતી અનુસાર કુમારગંજ વિસ્તારના એક ગામના 69 વર્ષીય વૃદ્ધ મહિલાએ આરોપ લગાવ્યો છે કે 23 સપ્ટેમ્બરની રાતે ગામના ચાર લોકોએ તેમની સાથે દુષ્કર્મ આચર્યું. સાથે જ ઘટનાનો વીડિયો પણ બનાવી દેવાયો. વીડિયો વાયરલ થયા બાદ જ્યારે તેની જાણકારી રેપ પીડિતા વૃદ્ધ મહિલાના પુત્રને થઈ. પુત્ર દૂર શહેરમાં રહે છે.

ઘટનાની જાણકારી પીડિતાના પુત્રને થઈ તો તે પ્રદેશથી ગામ પહોંચ્યો, પોતાની માતાને લઈને પોલીસ સ્ટેશન પહોંચીને દુષ્કર્મ આરોપીઓ વિરુદ્ધ માહિતી આપી. માહિતીના આધારે પોલીસે સંબંધિત કલમો હેઠળ કેસ નોંધીને ત્રણ આરોપીઓની ધરપકડ કરીને કાયદેસર કાર્યવાહી શરૂ કરી દીધી છે.

# જેલમાંથી મુક્ત કર્યાની મિનિટોમાં જ સોનમ વાંગચુકની ફરી ધરપકડ

**નવી દિલ્હી**

ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક અને 150 લદાખીઓની મંગળવારે મોડી રાતે દિલ્હી પોલીસ દ્વારા મુક્ત કર્યા બાદ ફરીથી ધરપકડ કરી લેવાઈ છે જ્યારે પોલીસ સ્ટેશનોએ તેમનું અનિશ્ચિતકાળ માટે અનશન ચાલુ છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે 'વાંગચુક અને અન્ય કસ્ટડીમાં લેવાયેલા લદાખીઓને મંગળવારે રાતે જવાની પરવાનગી આપવામાં આવી હતી પરંતુ તે દિલ્હીના મધ્ય ભાગ તરફ માર્ચ કરવા પર અડગ હતા તેથી તેમની ફરીથી ધરપકડ કરી લેવાઈ છે.' પોલીસે જાણકારી આપતાં કહ્યું કે 'વાંગચુકને અમુક અન્ય લોકોની સાથે બવાના પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે, જ્યારે અન્યને નરેલા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, અલીપુર અને કંઝાવલા પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે.'

# નાગપુરમાં એક જ પરિવારના ચાર સભ્યોનો ગળે ફાંસો ખાઈ આપઘાત

**નાગપુર**

મહારાષ્ટ્રના નાગપુરમાં એક જ પરિવારના 4 લોકોએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ખળભળાટ મચ્યો છે. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક ધોરણે આત્મહત્યાનો મામલો હોવાનું જણાવ્યું છે. હાલ, મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે.

એજન્સી અનુસાર, આ ઘટનાની જાણ નાગપુરના માવડ ગામમાં બુધવાર સવારે બની હતી. મૃતકોની ઓળખ 68 વર્ષીય વિજય માધવકર પચોરી, તેની પત્નિ માલા (ઉ.વ. 55), અને બે દિકરા ગણેશ (ઉ.વ.38), દિપક (ઉ.વ. 36) થઈ છે. વિજય પચોરી નિવૃત્ત શિક્ષક હતાં પોલીસને ઘરમાંથી એક સુસાઈડ નોટ પણ મળી છે.

પોલીસને મળેલી સુસાઈડ નોટમાં પરિવારના તમામ સભ્યોના હસ્તાક્ષર મળ્યા હતા. તેઓ માનસિક તણાવમાં હતા. વિજય પિચોરીના મોટા દિકરા ગણેશની છેતરપિંડી મામલે ધરપકડ થયા બાદથી પરિવાર હેરાના-પરેશાન હતો. આસપાસના લોકોને વિજયના ઘરમાં સન્નાટો જોવા મળતાં પોલીસને જાણ કરી હતી.

# રામ મંદિરના 161 ફૂટના મુખ્ય શિખરનું નિર્માણ કાર્ય શરૂ

**અયોધ્યા**

અયોધ્યામાં રામ મંદિરના મુખ્ય શિખરનું નિર્માણ કાર્ય નવરાત્રિના પ્રથમ દિવસથી શરુ થઈ ગયું છે. સૌથી પહેલા મંદિર નિર્માણ સ્થળ પર પૂજા કરવામાં આવી અને પછી શિખરના મુખ્ય પથ્થરની મંદિર પરિસરમાં પૂજા કરવામાં આવી હતી. મંદિર નિર્માણ સાથે સંબંધિત તમામ એજન્સીઓ અયોધ્યા પહોંચી છે. નાગર શૈલીમાં બનનારા મંદિરમાં શિખર નિર્માણ પણ એ જ શૈલીનું હશે જેને સોમપુરા આર્કિટેક્ટ્સ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. જેને પહેલાં જ ટ્રસ્ટે ફાઈનલ કરી દીધું હતું. આખા મંદિરની શિખર સુધીની ઊંચાઈ 161 ફૂટ છે. શિખરના નિર્માણમાં ઓછામાં ઓછા 120 દિવસનો સમય લાગશે. શિખર પર ધર્મ ધ્વજ પણ હશે. મંદિરમાં શિખર સૌથી મુશ્કેલ માનવામાં આવે છે, તેનું નિર્માણ શરુ થતાં સમયે તમામ એજન્સીના પ્રતિનિધિ હાજર રહ્યા હતા.



# ટેસ્ટ રેન્કિંગમાં બુમરાહ ફરીથી નંબર-૧ બોલર બન્યો, અશ્વિન બીજા ક્રમે સરકી ગયો

દુબઈ : આઈસીસીએ નવી ટેસ્ટ રેન્કિંગ જારી કરી છે જેમાં ભારતનો પેસ બોલર જસપ્રીત બુમરાહ ફરીથી નંબર-૧ ટેસ્ટ બોલર બની ગયો છે. તેના હાલ ૮૭૦ રેટિંગ પોઈન્ટ છે. તેણે એક ક્રમાંકની આગેકૂચ કરીને ભારતના સિનિયર ઓફ સ્પિનર અશ્વિનને બીજા ક્રમે ધકેલી દીધો છે. અશ્વિન ૮૬૯ રેટિંગ સાથે બીજા ક્રમે છે. બંનેએ તાજેતરમાં રમાયેલી બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીમાં શાનદાર દેખાવ કર્યો હતો.

બાંગ્લાદેશને મહેદી હસન મિરાઝ ચાર ક્રમાંકની આગેકૂચ સાથે ૧૮મા ક્રમે તથા ઓલરાઉન્ડર શાકિબ અલ હસન પાંચ ક્રમાંકના ફાયદા સાથે ૨૮મા ક્રમાકે પહોંચી ગયા છે. શ્રીલંકાનો સ્પિનર પ્રભાત જયસૂર્યાએ કારકિર્દીનું સર્વોચ્ચ રેટિંગ હાંસલ કર્યું છે. તે સંયુક્ત રીતે નવમાક્રમે છે. બેટિંગમાં ભારતના વિરાટ કોહલીએ ફરીથી ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું છે. તેણે છ ક્રમાંકની આગેકૂચ સાથે છઠ્ઠું સ્થાન મેળવ્યું છે. તેણે કાનપુર ટેસ્ટમાં ૪૭ અને અણનમ ૨૭ રનની ઈનિંગ રમી હતી. યુવા ઓપનર યજસ્વી જયસ્વાલે પણ બે ક્રમાંકની આગેકૂચ કરીને ત્રીજું સ્થાન હાંસલ કર્યું છે. રોહિત શર્માની પાંચ ક્રમાંકની પીછેહઠ થઈ છે અને તે ૧૫મા ક્રમાંકે સરકી ગયો છે. ઈંગ્લેન્ડનો જોઈ રુટ પ્રથમ તથા ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમ્સન બીજા ક્રમે છે.

**વિરાટ કોહલી છ ક્રમના ફાયદા સાથે છઠ્ઠા ક્રમે પહોંચ્યો, રોહિતની પીછેહઠ**

# ઈરાની કપમાં સરફરાઝની બેવડી સદી, મુંબઈનો પ્રથમ અને ઓવરઓલ ૧૧મો ખેલાડી બન્યો

**મુંબઇ ૯/૫૩૬, અજિંક્ય રહાણે (૯૭) ત્રણ રન માટે સદી ચૂક્યો, સરફરાઝ ૨૨૧***

લખનઉ : ઈરાની કપમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે રણજી ચેમ્પિયન મુંબઈના બેટ્સમેન સરફરાઝ ખાને બેવડી સદી નોંધાવીને ઈતિહાસ રચ્યો હતો. મુંબઈની ટીમે બીજા દિવસની રમતના અંતે નવ વિકેટે ૫૩૬ રનનો તોતિંગ સ્કોર નોંધાવ્યો હતો. સ્ટમ્પના સમયે સરફરાઝ ખાન ૨૭૬ બોલમાં ૨૫ બાઉન્ડ્રી અને ચાર સિક્સર વડે ૨૨૧ તથા મોહમ્મદ જૂનેદ ખાન ખાતું ખોલાવ્યા વિના રમી રહ્યા હતા. સુકાની અજિંક્ય રહાણે ત્રણ



રન માટે સદી ચૂક્યો હતો. રહાણેએ ૨૩૪ બોલમાં ૯૫ તથા તનુષ કોટિયાને ૧૨૪ બોમલાં ૬૪ રનનું યોગદાન આપ્યું હતું. શાર્દુલ ઠાકુરે ૩૬ રન બનાવ્યા હતા. રેસ્ટ ઓફ ઈન્ડિયા માટે મુકેશકુમારે ૧૦૯ રનમાં સર્વાધિક ચાર વિકેટ ઝડપી હતી. યશ દયાલ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ બે-બે વિકેટ ખેરવી હતી. ઈરાની કપમાં બેવડી સદી નોંધાવનાર સરફરાઝ મુંબઈનો પ્રથમ તથા ઓવરઓલ ૧૧મો બેટ્સમેન બન્યો છે. ઈરાની કપમાં સૌથી મોટો સ્કોર વસીમ જાફરના નામે છે જેણે ૨૦૧૮માં વિદર્ભ માટે ૨૮૬ રનની ઈનિંગ રમી હતી.

# વિમેન્સ ટી-20 વર્લ્ડકપ : બાંગ્લાદેશે સ્કોટલેન્ડને ૧૬ રનથી પરાજય આપ્યો

**બાંગ્લાદેશની નિગાર સુલ્તાનાએ ટીર૦માં ૧૦૦ મેચ પૂરી કરી**

શારજાહ : પ્લેયર ઓફ ધ મેચ બનેલી રિતુ મોનીની ચુસ્ત બોલિંગની મદદથી બાંગ્લાદેશે રસાકસી બાદ સ્કોટલેન્ડને ૧૬ રનથી હરાવીને આઈસીસી વિમેન્સ ટી૨૦ વર્લ્ડ કપમાં પોતાના અભિયાનનો વિજયની પ્રારંભ કર્યો હતો. બાંગ્લાદેશના સાત વિકેટે ૧૧૯ રનના જવાબમાં સ્કોટલેન્ડની ટીમ સાત વિકેટે ૧૦૩ રન નોંધાવી શકી હતી. મેચમાં કુલ ૨૨૨ રન નોંધાયા હતા જે બંને ટીમ વચ્ચે અત્યાર સુધીનો ઓવરઓલ હાઈએસ્ટ મેચ એગ્રિગેટ સ્કોર રહ્યો છે. સ્કોટલેન્ડ માટે સારાહ બ્રેસીએ અણનમ ૪૯ રન બનાવ્યા હતા પરંતુ તે ટીમને વિજય અપાવી શકી નહોતી. બાંગ્લાદેશની ઈનિંગમાં ઓપનર સાથી રાનીએ ૨૯ તથા શોભનાએ ૩૬ રન બનાવ્યા હતા. આ મેચ બાંગ્લાદેશની નિગાર સુલ્તાના માટે વિશેષ રહી હતી. તેણે કારકિર્દીમાં ૧૦૦મી ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ પૂરી કરી હતી. તેનું બેસ્ટ પ્રદર્શન અણનમ ૧૧૩ રનનું રહ્યું છે અને ટી૨૦માં સદી નોંધાવનાર તે બાંગ્લાદેશની પ્રથમ ક્રિકેટર પણ બની હતી.



## મોહમ્મદ શમી ફરીથી ઇન્જર્ડ, ઓસ્ટ્રેલિયા જવું શંકાસ્પદ બન્યું

મુંબઈ : ભારતીય ટીમનો સિનિયર પેસ બોલર મોહમ્મદ શમી ૨૦૨૩ના ICC વન-ડે વર્લ્ડ કપની ફાઈનલ બાદ ક્રિકેટથી દૂર છે અને તે ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં રમાનારી પાંચ ટેસ્ટ મેચની શ્રેણી માટે ફિટ થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે પરંતુ હવે રિપોર્ટના અનુસાર તે ફિટ થતા પહેલાં ફરીથી ઈન્જર્ડ થયો છે. શમી પગના ઘૂંટણની સર્જરી બાદ રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યો હતો અને હાલમાં તે બેંગ્લોર સ્થિત નેશનલ ક્રિકેટ એકેડેમીમાં છે. તેના ઘૂંટણમાં ફરીથી ઈજા થઈ છે અને તેને સોજો આવ્યો છે. આ સ્થિતિમાં તે છથી આઠ સપ્તાહ ફરીથી પોતાના કમબેકથી દૂર રહે તેવી સંભાવના છે. BCCIની મેડિકલ ટીમ તેની સ્થિતિની સમીક્ષા કરી રહી છે. તે સંપૂર્ણ ફિટ થશે ત્યાં સુધીમાં ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણી શરૂ થઈ ગઈ હશે.

# વર્લ્ડ ચેસ રેટિંગમાં ભારતનો દબદબો, અર્જુન એરિગાસી ત્રીજા અને ડી. ગુકેશ પાંચમા ક્રમે

**ભારતની મેન્સ, વિમેન્સ તથા મિક્સ ટીમો બીજા ક્રમે જળવાઈ રહી**

નવી દિલ્હી : વર્લ્ડ ચેસ ફેડરેશને (ફીડે) નવી રેટિંગ જાહેર કરી છે અને ૪૫મા ચેસ ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય ખેલાડીઓના રેકિંગ ઉપર તેની સીધી અસર દેખાઈ રહી છે. ભારત માટે મેન્સ કેટેગરીમાં અર્જુન એરિગાસી અને ડી. ગુકેશ તથા વિમેન્સ કેટેગરીમાં દિવ્યા દેશમુખે પોતાની કારકિર્દીનું બેસ્ટ રેટિંગ હાંસલ કર્યું છે. મેન્સમાં નોર્વેનો ૩૪ વર્ષીય મેગ્નસ કાર્લસન પ્રથમ અને અમેરિકાનો ૩૭ વર્ષીય હિકારુ નાકામુરા બીજા ક્રમાંકે છે.



૨,૭૯૭ રેટિંગ પોઈન્ટ સાથે ભારતના ૨૧ વર્ષીય અર્જુન એરિગાસીએ ત્રીજું સ્થાન હાંસલ કર્યું છે. તેણે અમેરિકાના ફેબિયાનો કારુઆનાને ૨,૭૯૬ પોઈન્ટ સાથે ચોથા ક્રમે ધકેલી દીધો છે. આગામી મહિને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેનાર ભારતનો ૧૮ વર્ષીય ડી. ગુકેશ ૨,૭૮૪ રેટિંગ પોઈન્ટ સાથે પોતાની કારકિર્દીમાં પ્રથમ વખત ટોપ-૫મા પ્રવેશ્યો છે. અન્ય ભારતીયોમાં વિશ્વનાથન આનંદ ૧૧મા, આર પ્રજ્ઞાનાનંદા ૧૨મા, વિદિત ગુજરાતે ૨૬મા ક્રમાંકે છે. વિમેન્સ કેટેગરીની ટોપ-૧૦માં કોઈ મોટા ફેરફાર થયા નથી. ચેસ ઓલિમ્પિયાડમાં વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતનાર દિવ્યા દેશમુખ ૧૧મા, કાનેરુ હમ્પી છઠ્ઠા ક્રમે છે.



## ટિમ સાઉથીનું ન્યૂઝીલેન્ડના ટેસ્ટ સુકાનીપદેથી રાજીનામું

વેલિંગ્ટન : અનુભવી પેસ બોલર ટિમ સાઉથીએ ન્યૂઝીલેન્ડના ટેસ્ટ ટીમના સુકાનીપદેથી રાજીનામું આપ્યું છે અને વિકેટકીપર બેટ્સમેન ટોમ લાથામ ભારત સામે રમાનારી ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીમાં ટીમનું નેતૃત્વ કરશે. ગાલે ખાતે શ્રીલંકા સામે કિવિ ટીમના ૨-૦થી થયેલા પરાજય બાદ સાઉથીએ આ નિર્ણય કર્યો હતો. સાઉથીએ જણાવ્યું હતું કે સુકાનીપદ છોડવાનો નિર્ણય ટીમના હિતમાં છે અને હું નવા સુકાનીના સ્વરૂપે લાથામને તમામ સહકાર આપીશ. એક વિશેષ ફોર્મેટમાં ન્યૂઝીલેન્ડ ટીમનું નેતૃત્વ કરવું તે મારા માટે હંમેશાં ગૌરવની બાબત રહેશે. પૂરી કારકિર્દી દરમિયાન મેં ટીમને પ્રાથમિકતા આપવાનો નિર્ણય કર્યો છે અને મારું માનવું છે કે સુકાનીપદેથી રાજીનામું આપવું ટીમ માટે યોગ્ય નિર્ણય છે.

# ઈન્ડિયા સ્પોર્ટ્સ ક્લબ મોન્ટ્રીયલની સુવર્ણ જયંતીની ઉજવણી



ક્યુબેક : ઈન્ડિયા સ્પોર્ટ્સ ક્લબ મોન્ટ્રીયલની સુવર્ણ જયંતીની ઉજવણી ખૂબ જ ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. આ તકે ક્લબના હોદ્દેદારોએ મોન્ટ્રીયલની ઈન્ડિયા સ્પોટ ક્લબના તમામ સભ્યો, પ્લેયર, લાઈફ મેમ્બર સર્વને સુવર્ણ જયંતિ વર્ષના ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા. આ અવસરે ક્લબના પ્રેસિડન્ટ જેરામભાઈ પટેલે કહ્યું હતુ કે, આ વર્ષે T-20 પ્રિમિયર ડિવિઝનમાં ક્લબની ટીમ ચેમ્પિયન થઈ હતી. જયારે T-40માં રનરઅપ થઈ હતી. આ પહેલાં પણ ક્લબે ચેમ્પ્યિનનો ખિતાબ મેળવ્યો હતો. ઈન્ડિયા સ્પોટ ક્લબ, કેવળ ક્રિકેટની રમત નહિ પણ સામાજીક કાર્યમાં પણ હંમેશા સહયોગ કરતું રહ્યું છે. છેલ્લાં 50 વર્ષથી ઈન્ડિયા સ્પોર્ટ્સ ક્લબના સભ્યો એકબીજાના પ્રેમભાવથી અને સાથસહકારથી અને ભાઈચારાની ભાવનાથી જોડાયેલા રહ્યા છે.

# સીરિયાના શહેરોમાં વિસ્ફોટ, 8 સૈનિકોના મોતથી ઈઝરાયલ છંછેડાયું

## ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમ એક્ટિવેટ, હેબ્રોનમાં કર્ફ્યૂ લાદી દેવાયો, અનેકની ધરપકડ, સીરિયા હુમલામાં નસરુલ્લાહનો જમાઈ પણ મોતને ભેટ્યો

જેરુસલેમ

મિડલ ઈસ્ટ યુદ્ધમાં સળગી રહ્યું છે. ઈઝરાયલની સેના દક્ષિણી લેબેનોનમાં ઘુસી ગઈ છે. ઈઝરાયલ-લેબેનોનમાં ગ્રાઉન્ટ અને હવાઈ બંને સ્તરે હુમલા કરી રહ્યું છે. ઈઝરાયયલના હુમલાના જવાબ આપતા હિઝબુલ્લાએ ઉત્તરી ઈઝરાયલ પર 100થી વધુ રોકેટ છોડયા હતા. જેમાં અત્યાર સુધી ઈઝરાયલના આઠ જવાનોના મોત થઈ ગયા છે. ઈઝરાયલી સૈન્યએ હેબ્રોનમાં કર્ફ્યૂ લાદી દઈને ઘણા પેલેસ્ટાઈન નાગરિકોની ધરપકડ કરી લીધી છે.

સીરિયાના દમાસ્કસમાં રહેણાક મકાનને નિશાન બનાવીને ઈઝરાયેલના હુમલામાં હસન નસરુલ્લાહના જમાઈ હસન જાફર અલ-કાસીર પણ માર્યા ગયા છે. આ હુમલામાં લેબનોનના વધુ બે લોકો માર્યા ગયા હતા. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની વચ્ચે પશ્ચિમ સીરિયામાં વિસ્ફોટોના અવાજ સંભળાયા છે. સીરિયાના લતાકિયા શહેરમાં આ વિસ્ફોટો સાંભળવામાં આવ્યા હતા. હિઝબુલ્લા સાથે સંકળાયેલા લેબનોનના અલ-મયાદીન નેટવર્કનું કહેવું છે કે આ વિસ્ફોટો બાદ સીરિયાની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય થઈ ગઈ છે. લટાકિયા અને ટાર્ટસમાં પણ વિસ્ફોટના અવાજ સંભળાયા હતા.

મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વધુ બદતર બની ગઈ છે. ઈઝરાયેલની સેના દક્ષિણ લેબનોનમાં પ્રવેશી છે. ઈઝરાયેલ લેબનોનમાં જમીન અને હવા બંને રીતે હુમલા કરી રહ્યું છે. ઈઝરાયેલના હુમલાનો જવાબ આપતા હિઝબુલ્લાએ લેબનોનમાં ઘૂસી ગયેલા ઈઝરાયલી સૈનિકો પર હુમલો કર્યો છે.

## ભારતના ઈઝરાયેલી દૂતાવાસમાં સુરક્ષા સઘન કરાઈ



દિલ્હીમાં ઈઝરાયેલ એમ્બેસીની સુરક્ષા વધારી દેવામાં આવી છે. અબ્દુલ કલામ રોડને બેરીકેટ્સ લગાવીને બંધ કરી દેવામાં આવ્યો છે. દિલ્હી પોલીસના વાહનોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. તેમજ મીડિયાને પણ ઈઝરાયેલ એમ્બેસી તરફ જવાની અને વીડિયોગ્રાફી કરવાની મંજૂરી આપવામાં આવી નથી. ઈરાનના ઈઝરાયેલ પર હુમલા બાદ મધ્ય પૂર્વમાં તણાવનું વાતાવરણ છે. ભારતમાં ઈઝરાયેલ એમ્બેસીમાં કોઈ કાવતરું ન થાય તે માટે દિલ્હીમાં સુરક્ષા કડક કરવામાં આવી છે. આ વિસ્તારોમાં કોઈપણ પ્રકારનો વિરોધ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, દિલ્હી પોલીસે ઈઝરાયેલ એમ્બેસીની સુરક્ષા વ્યવસ્થા વધારી દીધી છે.

## UN-ઈઝરાયેલ વચ્ચે તણાવ વધ્યો, યુએન સેક્રેટરી જનરલને દેશમાં પ્રવેશ પર પ્રતિબંધ લદાયો

ઈરાનના મિસાઈલ હુમલા બાદ મધ્ય પૂર્વમાં તણાવ ઘણો વધી ગયો છે. હુમલા બાદ ભારત સહિત અનેક દેશોએ સંયમ રાખવાની વિનંતી કરી છે. દરમિયાન, એક મોટી ઘટનાક્રમમાં, ઈઝરાયેલના વિદેશ મંત્રીએ સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ પર તેમના દેશ સામે પક્ષપાત કરવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે તેઓ તેમના પર ઈઝરાયેલમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકી રહ્યા છે. ઈઝરાયેલે કહ્યું છે કે તે આનો જવાબ આપશે. ઈઝરાયેલ અને સંયુક્ત રાષ્ટ્ર વચ્ચે પહેલેથી જ મડાગાંઠ ચાલી રહી હતી. પરંતુ હવે પ્રવેશ પર પ્રતિબંધ સાથે જોડાયેલા વિદેશ મંત્રીના નિવેદનથી બંને વચ્ચેના સંબંધોમાં ખટાશ વધી ગઈ છે. વિદેશ મંત્રી ઈઝરાયેલ કાત્ઝે નારાજગી વ્યક્ત કરી અને કહ્યું કે તેઓ યુએન સેક્રેટરી જનરલ ગુટેરેસને પર્સન નોન ગ્રેટા જાહેર કરી રહ્યા છે. તેમજ તેમને ઈઝરાયેલમાં પ્રવેશતા અટકાવવામાં આવશે.

## હીઝબુલ્લાહ સામે ભૂમિ આક્રમણ શરૂ થયું, ઈઝરાયેલના 15 સૈનિકો મોત

તેલઅવીવ

લેબનોનનમાં ઈઝરાયેલે તેનું ભૂમિ આક્રમણ શરુ કરી દીધું છે. આ આક્રમણનો તેને વળતો જવાબ પણ મળી રહ્યો છે. અત્યાર સુધીમાં તેના ૧૫ સૈનિકો માર્યા ગયા છે. તેની સાથે ઈઝરાયેલે ગાઝામાં ખાન યુનિસમાં કરેલી એર સ્ટ્રાઇકમાં ૫૧ અને અન્ય હવાઈ હુમલાઓમાં ૨૩ એમ કુલ ૭૪ના મોત થયા છે. તેમા બાર બાળકો અને સાત મહિલાનો સમાવેશ થાય છે.

ઈઝરાયેલે જણાવ્યું હતું કે દક્ષિણ લેબનોનમાં તેણે હીઝબુલ્લાહ સામે ભૂમિ આક્રમણ શરૂ કર્યુ તેમા તેના ૧૫ સૈનિકોનો મોત થયા છે. હીઝબુલ્લાહે જણાવ્યું હતું કે તેના લડાયકોનો લેબનોનની સરહદની અંદર ઈઝરાયેલના લશ્કરની બે ટુકડીઓ સાથે સામનો થયો હતો. તેમા કમાન્ડો યુનિટના ૨૨ વર્ષના કેપ્ટનનું મોત થયું છે. લેબનોનમાં ઈઝરાયેલે શરુ કરેલા ઓપરેશનમાં આ સૌપ્રથમ મોત છે.

ડેન્માર્કમાં કોપનહેગનમાં ઈઝરાયેલા રાજદૂતાવાસ ખાતે બોમ્બ બ્લાસ્ટ થયો હતા. ડેન્માર્કની પોલીસે જણાવ્યું હતું કે કોપનહેગનમાં વહેલી સવારે બે વિસ્ફોટ થયા હતા. જો કે આ હુમલામાં કોઈને ઈજા થઈ નથી. ડેન્માર્ક પોલીસ હવે આ હુમલા પાછળ તપાસ કરી રહી છે.

## ઈરાનના ઈઝરાયેલ પર મિસાઈલ હુમલા બાદ G-7 દેશોએ ઈમર્જન્સી બેઠક બોલાવી પડી

ઈરાન દ્વારા ઈઝરાયેલ પર મિસાઈલ હુમલા બાદ જી-7 દેશોએ તણાવને ઓછું કરવા માટે બુધવારે ઈમર્જન્સી બેઠક બોલાવી છે. આ નિર્ણય ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની અધ્યક્ષતામાં G-7ના અન્ય નેતાઓ સાથે એક તાત્કાલિક સમ્મેલન દરમિયાન લીધો હતો. વાતચીત દરમિયાન જી-7ના નેતાઓએ ઈઝરાયેલ સામે ઈરાનના હુમલાની આકરી ટીકા કરી છે. આ દરમિયાન ભારતએ તેમના નાગરિકોથી ઈરાન છોડવા માટે કહ્યું છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ ફોર્સે દાવો કર્યો છે કે મંગળવારે રાત્રે થયેલા હુમલામાં ગુપ્તચર સંસ્થા મોસાદના હેડક્વાર્ટર,F-35 ફાઈટર પ્લેન્સના એરબેઝ અને ઈઝરાયેલના અન્ય સૈન્ય લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈઝરાયેલે અમેરિકા અને જોર્ડનના સહયોગથી ઈરાનના મિસાઈલ હુમલાને ઘણી હદ સુધી નિષ્ફળ બનાવી દીધો. મલ્ટીપલ રેન્જ ડિફેન્સ સિસ્ટમના કારણે બહુ ઓછી ઈરાની મિસાઈલો ઈઝરાયેલ સુધી પહોંચી શકી હતી.

## ભારત-પાકિસ્તાન-નેપાળના યાત્રી ભરેલા ટ્રક પર મેક્સિકન સૈનિકોનો આડેધડ ગોળીબાર, 6ના મોત

મેક્સિકો સિટી

મેક્સિકોમાંથી દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં, સૈનિકોએ સ્થળાંતર કરનારા પ્રવાસીઓને લઈ જતી ટ્રક પર ગોળીબાર કર્યો હતો, જેમાં છ લોકોનાં મોત થયા છે, જ્યારે અન્ય કેટલાકને ઈજા પહોંચી છે. મીડિયા એજન્સીના અહેવાલ અનુસાર, બુધવારે (2 ઓક્ટોબર) ગ્વાટેમાલાની સરહદ નજીક મેક્સિકન સૈનિકો દ્વારા પ્રવાસીઓના ટ્રક પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ટ્રકમાં ઈજિપ્ત, નેપાળ, ક્યુબા, ભારત અને પાકિસ્તાનના સ્થળાંતર કરનારા પ્રવાસીઓ હાજર હતા.

મેક્સિકોના સંરક્ષણ વિભાગે મીડિયાને જણાવ્યું કે, આ માર્ગ ખૂબ જ જોખમી અને વિવાદિત માર્ગ છે. સામાન્ય રૂપે દાણચોરો આ માર્ગનો ઉપયોગ કરતા હોય છે માટે સૈનિકો આ માર્ગ પર વધુ સક્રિય રહે છે. ટ્રકમાં કુલ 33 લોકો મુસાફરી કરી રહ્યા હતા. જેમાં ગોળી વાગવાથી છ લોકોના મોત થયા હતા, જ્યારે અન્ય 10 ઈજાગ્રસ્ત થયા હતા. મીડિયા અહેવાલ મુજબ, સ્થાનિક વકીલોએ પીડિતોના મૃત્યુની પુષ્ટિ કરી સરકારની નિંદા કરી હતી.

સંરક્ષણ વિભાગે અત્યાર સુધી જણાવ્યું નથી કે સ્થળાંતર કરનારાઓનું મૃત્યુ સેનાના ગોળીબારના કારણે થયું હતું કે પછી ટ્રકમાંથી કોઈ શસ્ત્રો મળી આવ્યા હતા. ટ્રકમાં અન્ય 17 પ્રવાસીઓ હતા, જેઓ હાલ સુરક્ષિત છે. આ પ્રદેશ સ્થળાંતર કરનારાઓ માટે ખૂબ જ પ્રચલિત માર્ગ હોવાનું કહેવાય છે, સ્થળાતર કરનારા પ્રવાસીઓ મોટાભાગે કાર્ગો ટ્રકોમાં સંતાઈને મેક્સિકોમાં પ્રવેશ કરે છે. સંરક્ષણ વિભાગે વધુમાં જણાવ્યું હતું કે ગોળીબાર કરનારા બે સૈનિકો સામે તપાસ ચલાવવામાં આવી રહી છે અને ચુકાદો આવે ત્યાં સુધી તેમને ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

## આફ્રિકામાં નવા ઘાતક વાયરસનો આતંક કોરોનાથી 10 ગણો ખતરનાક હોવાનો દાવો

રવાન્ડા

આફ્રિકી દેશ રવાન્ડામાં સૌથી શકિતશાળી ગણાતા મારબર્ગનું સંક્રમણ ફેલાતા ચિંતા પ્રસરી છે. ઉચ્ચ પ્રકારની સંક્રમણ ક્ષમતા ધરાવતા હોય છે જેમાં મૃત્યુદર 90 ટકા જેટલો હોય છે. મારબર્ગ વાયરસથી સંક્રમણનો આજ સુધી કોઈ સારવાર કે ઉપાય શોધી શકાયો નથી માટે અત્યંત ઘાતક માનવામાં આવે છે. કોરોના મહામારી દરમિયાન દુનિયાના ખતરનાક ગણાતા વાયરસમાં કોરોના કરતા 10 ગણો ઘાતકી ગણવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મારબર્ગ વાયરસ ફળખાતા ચામાચીડિયામાંથી માણસમાં ફેલાય છે. સંક્રમિત વ્યકિતઓમાં શારીરિક તરલ પદાર્થ અને દુષિત પથારીની ચાદર જેવી સપાટીના સંપર્કમાં આવવાથી માણસોમાં ફેલાય છે. મધ્ય આફ્રિકામાં દેશ રવાન્ડામાં વાયરસ પ્રકોપની જાહેરાત થયાના એક જ દિવસમાં 6 લોકોના મોત થયા હતા. રવાન્ડાના સ્વાસ્થ્યમંત્રીના જણાવ્યા અનુસાર અત્યાર સુધી ૨૬ જેટલા સંક્રમિત દર્દીઓની ઓળખ થઈ ચુકી છે. સંક્રમણ ફેલાતું અટકાવવા માટે સોશિયલ ડિસ્ટન્સ પાળવાની સૂચના આપવામાં આવી છે. કેટલાક શંકાસ્પદ દર્દીઓને કોરન્ટાઈન કરીને અલગ સ્થળે રાખવામાં આવ્યા છે.

## ધાર્મિક સ્વતંત્રતા રિપોર્ટમાં USએ ભારત સામે ઝેર ઓક્યું, ખાસ ચિંતાવાળો દેશ ગણાવ્યો

વોશિંગ્ટન

અમેરિકાએ ફરી એકવાર ભારત સામે આક્ષેપબાજી કરી છે. આ વખતે ભારતમાં કથિત ઘટતી જતી ધાર્મિક સ્વતંત્રતા મામલે રાષ્ટ્રપતિ જો બાઈડેનની સરકારના એક કમિશને નવો રિપોર્ટ જાહેર કર્યો છે. રિપોર્ટમાં ભારતને ખાસ ચિંતાવાળા દેશ તરીકે નોમિનેટ કરવા આહ્વાન કરાયું છે. 7 પાનાનો આ દસ્તાવેજ વરિષ્ઠ નીતિ વિશ્લેષક સીમા હસને લખ્યો છે.

આ રિપોર્ટમાં ભારત પર ધાર્મિક લઘુમતીઓ અને તેમના પૂજા સ્થાનો સામે હિંસક હુમલાઓને ઉશ્કેરવા માટે અફવાઓ ફેલાવવા અને તેનો ઉપયોગ કરવાનો દાવો કરાયો છે. રિપોર્ટમાં મુસ્લિમ, વકફ સુધારા બિલ, ગૌહત્યા વિરોધી કાયદાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. યુએસ કમિશન ફોર ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF)ના નિવેદનમાં આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના વાર્ષિક અહેવાલમાં USCIRF એ પણ ભલામણ કરી છે કે અમેરિકાના વિદેશ મંત્રાલય દ્વારા ધાર્મિક સ્વતંત્રતાના સતત ગંભીર ઉલ્લંઘનમાં સંડોવણીને કારણે ભારતને ખાસ ચિંતાવાળા દેશ તરીકે નિયુક્ત કરવામાં આવે.

## ભયાનક ક્રેથોન વાવાઝોડાની આગાહી, તાઈવાનમાં શાળા-કોલેજો બંધ કરાઈ, 'લૉકડાઉન' જેવી સ્થિતિ

તાઈપે

ફિલિપાઈન્સમાં તબાહી મચાવ્યા બાદ હવે ચક્રવાત ક્રેથોન તાઈવાન તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડાને ધ્યાને લઈ તાઈવાનની સરકારે સાવચેતીના પગલાં લીધાં છે. બુધવારે રાજધાની તાઈપે સહિત દેશના મોટા ભાગોમાં તમામ ઓફિસ, શાળા-કોલેજ અને બજારોને બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. વાવાઝોડાને કારણે તાઈવાનમાં બુધવારે સેંકડો ફ્લાઈટને રોકી દીધી છે.

તાઈવાનના હવામાન વિભાગ તરફથી આગાહી કરવામાં આવી છે કે, આ સમુદ્રી વાવાઝોડું મોટી તબાહી મચાવી શકે છે. ક્રેથોનના કારણે સમુદ્ર તટ પર ભયાનક મોજા ઉછળશે અને મુશળધાર વરસાદ વરસશે. હાલની સ્થિતિને જોતા તાઈવાન સરકારે લોકોને ઘરમાં જ રહેવાની સલાહ આપી



છે અને દરિયા, નદી અને પહાડોથી દૂર રહેવાનું જણાવવામાં આવ્યું છે. તાઈવાનના હવામાન વિભાગે જણાવ્યું કે, ગુરૂવારની સવારે કાઉશુંગ અને તેના પાડોશી શહેર તાઈવાનની વચ્ચે વાવાઝોડું આવી શકે તેવી સંભાવના છે, ત્યારબાદ તે પશ્ચિમી તટથી પસાર થઈને રાજધાની તાઈપે તરફ આગળ વધશે.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price
- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

SHARP INTERNATIONAL
IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

SPOUSAL SPONSORSHIP/FAMILY SPONSORSHIP
H & C BASED PR APPLICATION SPECIALIST
WORK PERMIT/STUDY PERMIT/VISITOR/ SUPERVISA
DO YOU KNOW YOU CAN BE ELIGIBLE FOR FOREIGN GRADUATE ENTREPRENEUR STREAM WITH 50K INVESTMENT

15+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST



AMI MEHTA
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

CONTACT TODAY TO KNOW MORE

OCI પાસપોર્ટ બનાવી આપવામાં આવશે તથા તત્કાલ પાસપોર્ટ રિન્યુ કરી આપવામાં આવશે.

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ; Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911